RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 12, Year: 70, March, 2024, Pages: 52, Price Rs. 7.00

SHREE ZALAWADI
STHANAKWASI
JAIN SABHA

*Presents*

CRESCENT

**EVENT SPONSOR**

**SHRI GUNVANTRAI DIPCHAND SHAH**
**SHRI ADITYA ASHIT SHAH**
**(HARIJWALA)**



**Tournament Date**

**7th April**
**Sunday**

# (ZSPL)-II Under Arm Cricket Tournament

**Venue**
**Andheri Sports Complex,**

આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી ઑગસ્ટ ૨૦૨૩ (પાંચ મહિના) માં ટોટલ ૧૬૫૫ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈની**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તથા મેડીક્લેઈમ યોજનામાં**

# શ્રીમતી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી પરિવાર

(લીંબડી નિવાસી - હાલ ઘાટકોપર)

## તરફથી ૨૧ લાખનું માતબર અનુદાન

માતુશ્રી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધીના સ્મરણાર્થે

## પ્રથમ માસિક પુણ્યતિથિએ



જન્મ
૨૮-૦૫-૧૯૫૦

અરિહંતશરણ
૦૯-૦૨-૨૦૨૪

## અ.સૌ. સ્વ. વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી

સત્કાર્યો તમારી શોભા હતી. સજ્જનતા તમારી સુવાસ હતી પરોપકાર તમારું જીવન હતું. આપની વાત્સલ્યતા લાગણીશીલ સ્વભાવ, નિસ્વાર્થ પ્રેમ, હસતો ચહેરો, આંખોના આશિષ, કુટુમ્બ પ્રત્યેનો પ્રેમ હરહંમેશા અમોને પ્રેરણા આપતા રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ આપે અને ભવોભવ આપને જૈન ધર્મનુ શરણુ પ્રાપ્ત થાય એજ હૃદયપૂર્વકની મનોકામના.

### સ્વજનો

પતિ : વિરેન્દ્રભાઈ રસિકલાલ ગાંધી

પુત્ર - પુત્રવધુ : વિક્રાંતભાઈ ગાંધી - તૃપ્તિબેન ગાંધી
જીનેન્દ્રભાઈ ગાંધી - સીમાબેન ગાંધી

પુત્રી - જમાઈ : નમ્રતાબેન તથા મિતેષભાઈ મહેતા

પૌત્ર-પૌત્રી : ઉત્કર્ષ - રિમી

દોહીત્ર : પ્રિયાંશ

દેર-દેરાણી : વિપુલભાઈ ગાંધી - નિરૂબેન ગાંધી
મિલનભાઈ ગાંધી - મયુરીબેન ગાંધી

નણંદ-નણંદોઈ : જ્યોતિબેન સ્વ. સનતકુમાર દોશી

**સમસ્ત રસિકલાલ મનસુખલાલ ગાંધી પરિવાર - લીંબડીવાળા**
**સમસ્ત કિરચંદભાઈ પરષોતમદાસ સખીદાસ પરિવાર - લીંબડીવાળા**

Advt.

SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS

ZSPL II
ZALAWADI SABHA PREMIER LEAGUE

EVENT SPONSOR

CRESCENT

SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH



SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS

ZSPL II
ZALAWADI SABHA PREMIER LEAGUE

CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959



CUP SPONSOR
MAYANK, SHREYANS & PRASHAM SHAH
MJ SHAH GROUP

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

ઝાલાવાડી સભા દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ – ZSPL-II સભાના સભ્યો તેમજ તેમના સંતાનો દ્વારા સવારે ૭.૦૦ થી ૪.૦૦ સુધી Competition Round રમાશે. ત્યારબાદ સાંજના પાંચ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી Semi Final & Fianl Round રમાશે. સભ્યોને ટુર્નામેન્ટમાં પધારવા આમંત્રણ.

**સાંજના ૫.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી. • સ્થળ : અંધેરી સ્પોટ્ર્સ કૉમ્પ્લેક્સ, અંધેરી.**

**આવો પધારો અને સભાના સભ્યોને ZSPL-II માં નિહાળો.**

પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ– ટ્રસ્ટી–પ્રમુખ
સમગ્ર ટ્રસ્ટીગણ – હોદ્દારો તથા કારોબારી સભ્યો


**Convenor**
Chetanbhai Gosalia

**Tournament Key Person**
Saurabh Shah, Hitesh Barbhaya
Pathik Shah, Urmil Shah
Pitual B. Shah, Dharmil Gosalia

**ZSPL Commitee Members**
Vijay Ajmera, Sanjay Turakhia
Minesh Sanghvi, Nirav Khandhar
Sanjay Shah, Paresh Doshi
Deepak Mehta, Anish Gosalia

**Trustee - Vice President**
Pankajbhai V. Sanghvi

**Trustee - Hon. Secretary**
Manishaben M. Shah

**Hon. Secretary**
Atulbhai A. Shah
Anilbhai H. Sanghvi

**Joint Secretary**
Mukeshbhai R. Shah
Niravbhai P. Doshi

**Treasurer**
Hemantbhai P. Shah

**Joint Treasurer**
Beena A. Sanghvi

**Trustees**
Kiritbhai V. Sheth
Mayankbhai J. Shah
Maheshbhai P. Vora


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS

ZSPL II
ZALAWADI SABHA PREMIER LEAGUE


Advt.

# Valued Donors


Shri Gunvantrai D. Shah


Shri Mayank Shah


Shri Dilip Vora


Shri Hitesh Barbhaya


Shri Mahesh Vora


Shri Anil Sanghvi


Shri Atul Shah


Shri Chetan Gosalia


Shri Shrey Gopani



Shri Hasmukhbhai Jayantilal Mehta


Shri Amit Shah

Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
Shri Amit Shah

# Donors


Shri Sanjay Shah


Shri Pritual B. Shah (Gediwala)


Shri Paresh N. Doshi


Shri Anil Gosalia


Shri Vijay Ajmera



Shri Jayesh Jobalia


Shri Jinesh Shah

# Tournament Key Person


Shri Saurabh Shah


Shri Urmil Shah


Shri Pitualbhai B. Shah


Shri Pathik Shah


Shri Dharmil Gosalia


Shri Hitesh Bharbhaya

Advt.


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
TECHNOPLAST
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
PANKAJ, VIREN & ATUL SANGHVI
TECHNO PLAST INDUSTRIES


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
MAYANKBHAI, SHREYANSBHAI & PRASHAM SHAH
MJ SHAH GROUP


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
Warriors
MM9 WARRIORS
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
MINESH, KEVIN & KARRON SHAH
TRILIANCE GLOBAL TRADE LLP


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
AVIRAHI
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
VIRENDRA & HARDIK SHAH
AVIRAHI GROUP OF COMPANIES


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
VADILAL STRIKERS
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
RAJENDRA & URMIL SHAH
VADILAL SHAH GROUP


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
SHRI SAURABH SHAH
NIHIR SHAH / DEEP SHAH
M/S. NARESH STEEL INDUS. PVT. LTD.


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
VK
VORA BROTHERS
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
KETAN VORA & VIPUL VORA
NEEPA ENTERPRISE & NIMIT PLASTIC


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
PRESENTS
ZSPL
CRESCENT
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
ARYAMAN WARRIORS
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
SHRIPAL, SHRENIK & SHREYAS SHAH
ARYAMAN FINANCIAL SERVICES LTD

Advt.


SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA PRESENTS
CRESCENT
ZSPL III
EVENT SPONSOR
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
GOPANI GLADIATORS
CUP SPONSOR
MJ SHAH
CREATING VALUE SINCE 1959
TEAM OWNERS
ALKESH & SHREY GOPANI
GOPANI METAL INDUSTRIES
EVENT SPONSORER
SHRI GUNVANTRAI DIPCHAND SHAH
SHRI ADITYA ASHIT SHAH
RECONS SUPER KINGS
TEAM OWNERS
TEJAS & HIMANSHU VORA
RECONS GROUP
JHG SUNRISERS
TEAM OWNERS
CHETAN GANDHI, SIDDHARTH SHAH &
AAKASH GANDHI
AAKASH ENTERPRISE
AARORUTU WONDER
TEAM OWNERS
YOGESH, Dr. NILESH DOSHI &
JAINAM DOSHI
AAROHI SANITATION AND DEVANGI HOSPITAL
GG GANDHI GIANTS
TEAM OWNERS
BIREN & HARSHIT GANDHI
NIDHI SECURITIES
SHANTI TIGERS
TEAM OWNERS
NAYAN, RAKESH & RAJ GOSALIA
SHANTI PACKAGING
TEAM OWNERS
DIJESH DOSHI, JITENDRA SANGHVI,
HARSHIL & KUSHAL DOSHI
D.P. ENTERPRISE & SANGHVI CONSTRUCTION
T4 TITANS
TEAM OWNERS
MONIL, MAYUR & DEEP SHAH
T4 TAPES PVT LTD
Advt.

# CRICKET TEAM AUCTION - PHOTOS



Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

માર્ચ ૨૦૨૪
વર્ષ : ૭૦ : : અંક : ૧૨
: તંત્રી :
શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ તથાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તેની સાથે સંસ્થાના ટ્રસ્ટી કે તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# નારી ચેતનાની ચિનગારી

નારી તારા રૂપ નિરાળા, તું છે શક્તિશાળી,
નારી ચેતનની ચિનગારી, નારી છે બલિહારી.

નારી શ્રેષ્ઠ સર્જન છે ઈશનું, નારી છે પાવનકારી,
નારી સુર લય, અદા છટા, નારી છે સર્જનહારી,

નારી રંભા, માતા, મંત્રી વિવિધ રૂપ ધરનારી,
નારી ધીર, ગંભીર, દૃષ્ટા, નારી સંકટ હરનારી.

નારી સ્વયં પ્રકાર પૂંજ, આજ લાગી છે ચિનગારી,
સૂર્ય સમી ગગને કાલે, ઝળહળશે બની મિતકારી,

નારીનું ગૌરવ, આત્મ સન્માન વિશ્વ ફલક પર હિતકારી,
શતદલ કમળ સમ મહેંકી ઉઠશે, ધરા થાશે મંગલકારી.

પથ્થર સમા પુરુષને, શિલ્પી નારી છે ઘડનારી,
પ્રાણ પૂરી ચેતનવંતો કરી, વરદાન આપે સુખકારી.

**સુરેશ પરીખ 'સ્નેહી'**

# નવકાર મહામંત્રના વૈજ્ઞાનિક રહસ્યોની ભીતરમાં

□ આચાર્ય કલ્યાણબોધિસૂરિ

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર... એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપકર.... આવી પંક્તિઓ તમે કદાચ સાંભળી હોય એવું બની શકે, જો તમે જૈનો કે જૈન ધર્મસ્થાનોની નિકટ આવ્યા હો તો આનો થોડો અર્થ તમને સમજાશે. 'મહિમા' અને 'અનંત' જેવા શબ્દો કદાચ શ્રદ્ધા કે વધુ પડતા વિશ્વાસની નીપજ લાગશે કે અતિરંજિત ચિત્રણ જેવું લાગશે. પણ જાણીને આશ્ચર્ય થશે કે એક યા બીજી રીતે વિજ્ઞાન પોતે ય આ શબ્દોનું સમર્થન કરી રહ્યું છે.

નવકાર મંત્રમાં પરમ પવિત્ર સદ્ભાવનાઓની ઉર્જા રહેલી છે. કે બીજા શબ્દોમાં કહીએ, તો નવકાર મંત્ર એ એવો ઉર્જાસ્ત્રોત છે, જે આપણા તનમાં, આપણા મનમાં અને આપણી ચેતનામાં પ્રાણસંચાર કરે છે. હજારો વર્ષોથી આપણા ઋષિમુનિઓ મંત્રશક્તિના વૈજ્ઞાનિક રહસ્યોથી વાકેફ હતાં. સૌરશક્તિ, વાયુશક્તિ, ચૈતસિકશક્તિ અને અણુશક્તિની જેમ એક મંત્રશક્તિનું પણ અસ્તિત્વ છે, એની તેમને સારી રીતે જાણ હતી અને તેનો તેઓ અનેક રીતે ઉપયોગ પણ કરતા. મોડે-મોડે પણ વિજ્ઞાન જાગ્યું છે અને આ બાબતોની ગંભીરતાપૂર્વક નોંધ લેવાની તેને ફરજ પડી છે.

રશિયન વૈજ્ઞાનિક કામિનિયેવે અને અમેરિકન વૈજ્ઞાનિક રૂડોલ્ફ કીરે પ્રયોગો કરીને સાબિત કર્યું છે કે સદ્ભાવ અને મંગળ લાગણીઓથી ભરેલી કોઈ વ્યક્તિ પોતાના હાથમાં જળથી ભરેલું પાત્ર રાખીને આંખો બંધ કરીને થોડી મિનિટ સુધી સદ્ભાવ અને મંગળ આકાંક્ષાઓ કરતી રહે, તો એ પાત્રના પાણીમાં એક ગુણાત્મક પરિવર્તન આવે છે. એ પાણીમાં કોઈ રસાયણિક પરિવર્તન નથી થતું, પણ કોઈ એવો ગુણ પ્રવેશે છે કે જો એ પાણીનું સિંચન જમીનમાં વાવેલા બીજ પર કરવામાં આવે, તો બીજમાં અંકુર જલદી ફૂટે છે. એમાં ફૂલ અને ફળ મોટા આવે છે અને અન્ય છોડ કરતાં આ છોડ વધુ તંદુરસ્ત જણાય છે.

પંદર વર્ષો સુધી આવા પ્રયોગો કરીને એવા નિષ્કર્ષ પર પહોંચાયું હતું કે ભાવનાઓ અને વિચારો દ્વારા કોઈ એવા તત્ત્વો પાણીમાં દાખલ કરી શકાય છે, જેના વિશિષ્ટ પરિણામો પ્રાપ્ત થાય છે. જેમ પાણીમાં આવું રૂપાંતર કરી શકાય છે. માત્ર આપણા જ નહિ, બીજામાં પણ આવું રૂપાંતર કરી શકાય છે. મંગળ ભાવનાઓથી ભરેલું આપણું મન આપણી ચારે તરફ ફેલાયેલા આકાશમાં ગુણાત્મક પરિવર્તન લાવે છે, જેની અસર આપણી નજીક આવતી વ્યક્તિને પણ થાય છે.

બીજો એક રશિયન વૈજ્ઞાનિક કિરિલિયાન હાઈફ્રિક્વીન્સી ફોટોગ્રાફીનો એણે વિકાસ કર્યો. બહુ સંવેદનશીલ પ્લેટ પર આ કેમેરાથી ફોટો લેવાય છે. જો એનાથી આપણા હાથનો ફોટો લેવાય, તો એમાં માત્ર હાથનું જ ચિત્ર નહિ આવે, પણ હાથની આસપાસ જે વિદ્યુત તરંગો બહાર નીકળી રહ્યા છે, તેનું ચિત્ર પણ આવશે. જો ફોટો લેતી વખતે આપણે મંગળ ભાવના કરી રહ્યા હોઈશું, તો તે કિરણોની આકૃતિ લયબદ્ધ, સુંદર અને વ્યવસ્થિત આવશે, પણ જો એ સમયે આપણે નિષેધાત્મક - ખરાબ વિચારો કરતાં હોઈએ, તો તે કિરણોની આકૃતિ અત્યંત અસ્વસ્થ. વેરવિખેર અને વિક્ષિપ્ત આવશે.

દરેક વ્યક્તિની આસપાસ પોતાનું એક આભામંડળ હોય છે, જે વિચારો અને લાગણીઓથી પ્રભાવિત થાય છે. એ વિચારો અને લાગણીઓમાં પ્રશસ્તતાની પરાકાષ્ઠા હોય, તો તેની એ આભામંડળ પર પરાકાષ્ઠાની પ્રશસ્ત અસર થાય છે. નવકાર મહામંત્રના ગહન અર્થોને સમજવાની તક જો તમને મળી શકે, તો તમને ખ્યાલ આવશે કે શુદ્ધ અને શ્રેષ્ઠ મંગળ ભાવનાનો આખેઆખો મહાસાગર આ એક મંત્રમાં ઠલવાઈ ગયો છે. નિષેધાત્મક વિચારો - ક્રોધ, લોભ, કામવાસના, છળ-કપટ આ બધાના કેન્દ્રમાં 'હું' હોય છે. નવકાર મહામંત્રમાં શરણાગતિ અને સમર્પણની એ લાગણી સમાયેલી છે, જેમાં 'હું'નો અવકાશ જ નથી. અહંકાર એ નિષેધાત્મક વિચારોનો એક માત્ર આધાર છે. નવકાર મહામંત્ર એ પ્રકાશ છે, જેમાં અહંકારના અંધકારનું અસ્તિત્વ જ અસંભવિત બની જાય છે.

મનના નિષેધાત્મક વિચારો ઘણા શારીરિક રોગોનું ઉદ્ગમબિંદુ છે, એવું આધુનિક વિજ્ઞાને સ્વીકાર્યું છે. નિષેધાત્મક વિચારો આપણા ચિત્તની પ્રસન્નતાને ડહોળી નાખે છે, એ આપણો જાતઅનુભવ છે. જેમાં મુખ્યત્વે નિષેધાત્મક વિચારો જ ભરેલા હોય છે. એવા દશ્ય અને દ્રવ્ય માધ્યમોને છોડીને આંખ મીંચીને એકાગ્રતાપૂર્વક નવકાર મહામંત્રમાં મગ્ન થઈ જવામાં આપણું અનેક રીતે હિત સમાયેલું છે, આ ઉપદેશ કોઈ ધર્મગુરુ આપે, તેમાં તો નવાઈ નથી જ, પણ આ જ સલાહ કોઈ સાયન્ટિસ્ટ કે ડોક્ટર આપે, તો ય ચોંકી જવા જેવું નથી, એવું નથી લાગતું ?

❖❖❖

# હોલી હૈ !...



□ હિંમત સોમૈયા

*आज न छोडेंगे बस हमजोली...*
*खेलेंगे आज हम होली...*
*खेलेंगे आज हम होली,*
*चाहे भीगे तेरी चुनिरियाँ...*
*चाहे भीगी रे... चोली,*
*खेलेंगे आज हम होली...*
*खेलेंगे आज हम होली... होली है...*

હોળી, હોલિકા એટલે હુતાશની, હુતાશ એટલે અગ્નિ, અગ્નિનું પ્રાગટ્ય કરી, અગ્નિનું પૂજન અર્ચન કરી એના સાન્નિધ્યમાં ઉજવાતો ઉત્સવ એટલે હોળી, ભારતીય સંસ્કૃતિમાં અગ્નિને દેવનો દરજ્જો અપાયો છે. બ્રહ્માંડના પંચ મહાભૂત તત્ત્વોમાં અગ્નિતત્ત્વ સૌથી વધુ બળવતર તત્ત્વ છે. મહાઅગ્નિભૂત એટલે સૂર્ય, સૂર્ય એ બ્રહ્માંડની ચેતના છે. એટલે અગ્નિની પૂજાના પ્રતિક રૂપે હોળી પ્રગટાવી અગ્નિનું પૂજન કરવાની રસમ વૈદિક કાળથી ચાલી આવે છે, હોળી પૂજનનું આ એક કારણ અને બીજું કારણ રાક્ષસ રાજા હિરણ્યકશ્યપની બહેન હોલિકાના દહનથી પુરાણ કથાના આધારે હોલી ઉત્સવ ઉજવવામાં આવે છે.

બ્રહ્મપુરાણમાં હોલી પ્રાગટ્ય અને ઉત્સવનો ઉલ્લેખ આપેલ છે. પુરાણ પ્રસિદ્ધ કથા પ્રમાણે : રાક્ષસ રાજા હરિણ્યકશ્યપ અત્યંત ઘમંડી, મિથ્યાભિમાની હતો. તે પોતાની જાતને ભગવાન માનતો અને પોતાની પ્રજાને, પોતાના અનુચરોને અને પોતાના પરિવારને પણ એમ માનવા આગ્રહ કરતો કે તે પોતે ભગવાન છે. એટલે સૌએ તેની જ માત્ર તેની જ પૂજા કરવી, આ રાક્ષસ રાજા હિરણ્યકશ્યપને એક પુત્ર હતો જેનું નામ પ્રહ્‌લાદ હતું, **''કાદવમાં કમળ ઉગે''** એવું આ સમન્વય અહીં પણ હતું, રાજા દાનવી અને રાક્ષસી વૃત્તિવાળો જ્યારે તેનો પુત્ર પ્રહ્‌લાદ પૂર્ણપણે ઈશ્વર ભક્તિના રંગે રંગાયેલો, ઈશ્વર પ્રતિ જ આસ્થા રાખનારો અને પરમાત્માની પૂજા કરવાવાળો હતો, રાજાથી આ સહન થતું નહિ, તેણે પ્રહ્‌લાદને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યાં, સામ દંડ અને ભેદની નીતિ પણ અજમાવી જોઈ પણ કોઈ કારી ફાવી નહિ, છેવટે તેણે છેલ્લા ઉપાય તરીકે પોતાની બહેન હોલિકા કે જેને અગ્નિથી ન બળવાનું વરદાન હતું તેને સમજાવી, લાકડા અને છાણાનું આંબાડીયું ખડકી તેના પર હોલિકાને ખોળામાં પ્રહ્‌લાદને લઈ બેસાડી દીધી અને કહ્યું કે હવે હું જોઉં છું કે, પ્રહ્‌લાદને એનો કયો ભગવાન બચાવે છે કહી અંબાડીયાને અંગારો ચંપાવ્યો, છાણા અને લાકડા ભડભડ બળવા લાગ્યા, ભક્ત પ્રહ્‌લાદે પોતાના શ્રી હરિને સંભાર્યા, પ્રભુ ભક્તની વહારે ધાયા, હોલિકા કે જેને ન બળવાનું વરદાન હતું તે બળી ગઈ અને પ્રહ્‌લાદને ઉની આંચ પણ આવી નહિ. લોકોએ ભગવાનની જય બોલાવી અને પ્રહ્‌લાદને કુમકુમ, ચંદન ચોખાથી વધાવી ઓવારણા લીધા, અગ્નિને શાંત થવા પાણીની ધારાવળી રેડી પરિક્રમા કરી, નૈવેધમાં શ્રીફળ, અન્નધાન્ય અને ખજૂરનો પ્રસાદ ધર્યો ત્યારથી હોલિકા ઉત્સવ ઉજવવાની રશમ શરૂ થઈ.

**''હોળી એ આસૂરી શક્તિ પર દૈવી શક્તિસાત્વિક શક્તિનો વિજયોત્સવ છે.''**

**''હોળી એટલે આસ્થા અને ધૂળેટી એટલે ઉમંગ, ધૂળેટી એ ક્ષમા, સમર્પણ, ઉમંગ અને પ્રેમનો વસંતોત્સવ છે, પ્રેમભાવની લાગણીઓ વ્યક્ત કરવાનો પ્રેમોત્સવ છે.''**

હોળીનો તહેવાર ફાગણ માસની પુનમના દિવસે ઉજવાય છે. ફાગણ મહિનો એટલે વસંતઋતુનું આગમન, વસંતઋતુના આગમન સાથે પૃથ્વી પરની વનરાઈ નવપલ્લવિત થાય છે. વૃક્ષો પર ફળફૂલોની મંજરિ બેસે છે, છોડવાઓ કળીઓના ઝૂમખાઓથી ઝૂલવા માંડે છે, પક્ષીઓના કલરવથી વાતાવરણ ગુંજી ઉઠે છે. અવનીની અટારીયે આલ્હાદક નજારો નિર્માણ થાય છે. કેસૂડાના ફૂલો પૂર્ણ કળાએ ખીલી ઉઠે છે. રાતી ચમકતી કેસરીયા રંગની કેસૂડાની પાંખડીયો સર્વત્ર પથરાઈ જાય છે, ત્યારે અનેરો ઉન્માદ છવાઈ જાય છે. યુવા હૈયાઓ ડોલી ઉઠે છે પરસ્પર એક ભાવ જાગે છે. કેસૂડાના કેસરી રંગથી બનાવેલું કેસરીયું જળ પિચકારીમાં ભરી એકમેક પર છાંટવાથી પ્રેમભાવ નિર્માણ થાય છે, આમ રંગોત્સવનો ઉત્સવ-ધૂળેટી ઉજવવાની રસમ પડી. પ્રાન્તપ્રાન્ત અને ભિન્નભિન્ન પ્રદેશોમાં આ ઉત્સવ-હોળી અને ધૂળેટીની ઉજવણીનો ઈતિહાસ આપણે આગળ ઉપર જોઈશું.

**''ઉત્સવ એટલે પીડાને ભૂલવાનો અકસીર ઈલાજ''**

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવનો અનેરો મહિમા છે. આમેય ભારતીય પ્રજાએ ઉત્સવ ઘેલી પ્રજા છે જ્યારે જ્યારે ઉત્સવો

સાર્વજનિક ધોરણે શહેર કે ગામડાના ચોકમાં ઉજવાય છે ત્યારે ત્યારે જે તે ગામની પ્રજા ખભેખભા મેળવી તમામ કટૂતા ભૂલી જઈ એકમેકના સથવારે ઉત્સવોને માણે છે. હોળી અને ધૂળેટી આવો જ એક સાર્વજનિક ભાઈચારાનો ઉત્સવ છે. જે ભારતભરમાં વિવિધ પ્રાન્તોમાં વિવિધતાથી ઉજવાય છે એટલું જ નહિ વિદેશમાં અનેક સ્થળે હોળીનો ઉત્સવ સાર્વત્રિક રૂપે ઉજવાય છે.

**વૃજભૂમિમાં** રાધારાણીનું પિયરિયું બરશાનામાં હોળી-ધૂળેટીના ઉત્સવનું સવિશેષ મહત્ત્વ છે. ધૂળેટીના રંગોત્સવની શરૂઆત અહીંથી થઈ સમસ્ત વૃજભૂમિમાં પ્રસરી જાય છે. નોમ તિથીના પર્વથી જ બરસાનાના લોકો નાચ, ગાન અને રાસમાં તલ્લીન થઈ જાય છે. ગામના લોકો શાખી ગાઈને સ્ત્રીઓને રમવા પ્રેરિત કરે છે. યુવા હૈયાઓ ઉન્માદમાં આવી જઈ રંગોનો વર્ષાવ કરે છે. મોજ, મજા, મસ્તીની એક નિર્દોષ તોફાની લહેર સર્વત્ર પ્રસરી જાય છે. વૃજની હોળી એટલે ભક્તિરસ, શ્રૃંગારરસ, પ્રેમરસ, સ્નેહરસ અને રંગરાસનો અલૌકિક ઉત્સવ.

**રાજસ્થાન અને મારવાડમાં** હોળીનો ઉત્સવ સર્વોત્તમ મહાઉત્સવ તરીકે મનાવાય છે. ફાગણ સુદ પાંચમથી જ ઘરઘરના યુવાનો-યુવતીઓ ગલ્લીઓમાં આવી જઈ અબીલ ગુલાલની છોળો ઉડાડે છે. મંગળાઈ તરીકે ઓળખાતી આ રસમને બાળકો-યુવાઓ અને વૃદ્ધો પણ મન ભરીને માણે છે. ઢોલક અને ડફલીના તાલે નાચતા લોકો ફાગુનના ગીતો ગાય છે. વિહરણી સ્ત્રીઓ फागुन आयो फागुन आयो... ससी रे मोरी म्हारो पियुं न आयो... फागुन आयो।।

વિરહના ગીતો ગાઈ પોતાની વિરહ વેદના વ્યક્ત કરે છે.

**ગુજરાતમાં** વસંત પંચમીના દિવસે દેવ મંદિરોમાં ભગવાનનો મહાપ્રસાદ ચડાવાય છે. ડાકોર, દ્વારકા, શામળાજી વગેરે મંદિરોમાં અને હવેલીઓમાં ઉમંગભેર હોળી ધૂળેટીનો ઉત્સવ ઉજવાય છે. અબીલ ગુલાલના રંગોની છોળો ઉડાડી લ્હાણે લ્હાણે વૈષ્ણવો આનંદ માણે છે.

**બંગાલમાં શાંતિ નિકેતનમાં** હોળીનો તહેવાર વસંતઋતુના આગમન રૂપે ઉજવાય છે. લોકો પીળા રંગના પુષ્પોની માળા ધારણ કરી પીળા રંગના વસ્ત્ર પરિધાન કરી સમૂહમાં રવિન્દ્ર સંગીતના તાલે નૃત્ય કરે છે. પછી એકબીજા પર ગુલાલ છાંટી બંધુત્વ ભાવ વ્યક્ત કરી હર્ષ ઉલ્લાસથી હોળી ધૂળેટીના તહેવારને વધાવે છે.

**સૌરાષ્ટ્રમાં** ઘેરૈયાઓ ઘેર ઘેર ફરી દાણ એકઠું કરી હોળી પ્રગટાવે છે. એક દિવસ અગાઉથી ઝાડની ડાળી કાપીને કદાવમાં રોપવામાં આવે છે એને ફરતે કુંડાળું કરી આદિવાસી યુવક-યુવતીઓ ઢોલના તાલે નૃત્ય કરે છે.

**કચ્છમાં** હોળીનું ખૂબ જ મહત્ત્વ છે. પુરુષો ગામના ચોકમાં હોલિકાનું પ્રાગટ્ય કરી ઢોલ નગારા વગાડી હોળી પ્રગટ્યાની આલબેલ વગાડે છે. ઘરની સ્ત્રીઓ હોલિકાનું પૂજન કરવા પૂજન સામગ્રી સાથે આવે છે. હોલિકાનું પૂજન-અર્ચન કરી પ્રદક્ષિણા કરી, હોલીમાતાને પ્રાર્થના કરે છે કે હે ! હોલીમાતા મારા ઘરને ક્લેશ, કંકાસ પીડા મુક્ત કરી શાંતીરૂપ રાખજે! પછી સૌ પ્રસાદ ખાઈ આસ્થાથી રાસ ગરબા રમે છે.

**શ્રી રામ જન્મભૂમિ અયોધ્યામાં** હોળીનો પર્વોત્સવ શરીર અને મનની શુદ્ધિ પામવા અને સમાજમાં ભાઈચારાની ભાવના પ્રબળ બનાવવા તથા આપસી પ્રેમભાવના વિકસાવવા ઉજવાય છે. અયોધ્યાની હોલી ઉત્સવ અંગેનું એક ફિલ્મી ગીત પણ અતિ પ્રચલિત છે.

*होली खेलत रघुविरा... अवध में...*
*होली खेलत रघुविरा।*

**જગન્નાથપુરી-ઓરિસ્સામાં** હોલી ઉત્સવ વખતે મદનમોહનલાલજીને દોલવેદી પર ઝૂલાવવામાં આવે છે. પાંડવોના પાંચ પ્રતિકોની સ્થાપના કરવામાં આવે છે. ચોગાનમાં અગ્નિ ઉત્સવ થાય છે. આમ્રમંજરિ અને ચંદન મેળવી પ્રસાદ ધરાવી ખાવાનો પણ મોટો મહાત્મ્ય છે. પછી ગુલાલ ઉડાડી રંગે ચંગે ઉત્સવમાં લોકો મ્હાલે છે. છેલ્લે મદનમોહનલાલજીની પાલખી યાત્રા કાઢી ગામની પરિક્રમા કરવામાં આવે છે.

**દક્ષિણ ભારત-તામિલનાડુ ચેન્નઈમાં** શિવમંદિરના પ્રાંગણમાં હોળી પ્રગટાવવામાં આવે છે. સારસ્વતો ભજન-સ્તોત્ર ગાય છે. દક્ષિણ ભારતમાં સર્વત્ર હોળી ઉત્સવ કામ, ક્રોધ, મદ, મત્સર, અહમના દહન કરવા રૂપે હોલિકા ઉત્સવ મનાવાય છે.

*होली के दिन दिल खिल जाते है।*
*रंगो में रंग मिल जाते है।।*

હજી તો આપણે ભારતના ગણ્યાં ગાઠ્યાં પ્રદેશોમાં ઉજવાતી હોળી ધૂળેટી પર ચપટી નજર કરી છે. પણ મુંબઈની હોળી, મહારાષ્ટ્રની હોળી-ધૂળેટી અને ઉત્તર પ્રદેશની હોળી-ધૂળેટીનું વર્ણન તો ગ્રંથમાં જ થાય, કારણ અહીં તો રંગનો વરસાદ જ વરસે છે.

તો યાદ કરીએ એક પ્રસિદ્ધ હોલી પ્રણય ગીતને...

*''रंग बरसे भीगे चुनरवाली... रंग बरसे, अरे किने मारी पिचकारी, तोरी भीगी अंगिया, भीगी अंगिया... ओ रंगरसिया...*
*ओ रंग रसिया... रंग रसिया...*
*रंग रसिया...''*

અને આમ આ રંગરસથી તરબતર ભરેલી હોળી માત્ર ભારતમાં જ નહીં દુનિયાના અનેક દેશોમાં ભિન્નભિન્ન રૂપે ઉજવાય છે તેમના પર દ્રષ્ટિ કરી વિરામ કરીએ.

**ઈટાલીમાં** ફેબ્રુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં હોળીને મળતો તહેવાર ઉજવાય છે. પુરા સપ્તાહ દરમ્યાનના આ ઉત્સવમાં લાકડાની દેતડ પ્રગટાવી પ્રદક્ષિણા કરી રંગ ઉડાડાય છે. સૌ એકમેકને હળેમળે છે. હસ્તધૂનન કરે છે.

**આફ્રિકામાં** વોયગા ઓમન નામથી ઉજવાતો આ ઉત્સવમાં સદીઓ પૂર્વે જુલ્મી રાજા વોયગાના ત્રાસમાંથી મુક્ત થવા પ્રજાએ બળવો કરી તેને જીવતો બાળી નાખેલો તેના પ્રતિક રૂપે એ રાજાનું પૂતળું ઝાડ પર લટકાવી નીચે અગ્નિ પ્રગટાવવામાં આવે છે. પછી પૂતળાને અગ્નિમાં હોમી
દઈ જુલ્મ મુક્ત થયાની હર્ષોલ્લાસ ભરી ચિચિયારીઓ પાડી રંગ ઉડાડી આનંદ વ્યક્ત કરવામાં આવે છે અને સમૂહ ભોજનની સૌ મિજબાની માણે છે.

**થાઈલેન્ડમાં** બૌદ્ધ ધર્મીઓ આ ઉત્સવને સુઝાન નામે ઉજવે છે. ભગવાન બુદ્ધની પ્રતિમા પાસે સૌ એકઠા થાય છે અને સુગંધી પવિત્ર જલથી અભિષેક કરી એ જલ એકમેક પર છાંટી આનંદ વ્યક્ત કરે છે.

**રશિયા, ઈસ્ટ જર્મની, જાપાનમાં** પણ અગ્નિ પ્રગટાવી તેના ફરતે નૃત્ય ગાયન કરી રંગ ઉડાડી આ ઉત્સવ ઉજવવામાં આવે છે.

**અમેરિકા અને ફ્રાન્સમાં** દર ઓક્ટોબર મહિનામાં હોલાઈન નામે આ પર્વની ઉજવણી થાય છે. લોકો જોકર જેવા રંગબેરંગી મજાકીયા વસ્ત્રો પરિધાન કરી નાચ ગાન કરતા ગલ્લીઓમાં અને ઉદ્યાનોમાં ફરવા નીકળે છે. રંગનો સ્પ્રે કરી પ્રેમભાવ વ્યક્ત કરે છે.

**શ્રીલંકામાં** દક્ષિણ ભારતની જેમ જ હોલિકા દહનનો તહેવાર ઉજવી ઉત્સવ મનાવાય છે.

**ઈજિપ્તમાં** ૧૧ એપ્રિલથી ૧૩ એપ્રિલ ત્રણ દિવસ સુધી અંગારા તરીકે ઉત્સવ ઉજવી છેલ્લા દિવસે સુકા લાકડા અને ડાખળા ભેગા કરી સળગાવાય છે અને ઘરમાંથી રાક્ષસી તત્ત્વ નાશ થયાનું માની આ ઉત્સવ મનાવાય છે.

આમ એક યા બીજા રૂપે અનિષ્ઠના નાશ માટે અને નિજાનંદ માટે ઉજવાતો ઉત્સવ ભિન્ન ભિન્ન પ્રદેશમાં ભિન્નભિન્ન નામ ધરાવે છે એમ કહી શકાય.

**''ઘાટ રૂપ જૂજવા પણ અંતે હેમનું હેમ જ હોય.''**

બસ ! મૂળ વાત તો એ જ છે કે...

હોલી હૈ... ભાઈ આજ હોલી હૈ...

❖❖❖

# પંદર મિનિટ




ઘણા લોકો બૂમો મારે છે કે - 'અમને સમય મળતો નથી.' પણ મોટાં-મોટાં કામ કરનારા અનેક માણસો તો નજીવા દેખાતા કામો કરવાની ફુરસદ મેળવી શકે છે. જેઓ પોતાની કામની અને સમયની વિચારપૂર્વકની યોજના કરે છે, અને તે મુજબ ચાલવાની ટેવ પાડે છે, તેઓ ઘણી ઉપાધિમાંથી બચી જાય છે.

પંદર મિનિટ જેટલા ટૂંકા સમયમાં માણસ શું શું કરી શકે તેના નમૂના આપણે જોઈએ :

પંદર મિનિટમાં -

સામાન્ય ઝડપે સવા કિલોમીટર ચાલી શકાય, સાઈકલ ઉપર ૩ કિલોમીટરનું અંતર કાપી શકાય.

સામાન્ય પુસ્તકનાં પાંચ પાનાં વાંચી શકાય.

શરીરને તંદુરસ્ત રાખવા આસનો કે વ્યાયામ કરી શકાય

મનને સ્વસ્થ રાખવા માટે પ્રાર્થના, ધ્યાન કે ચિંતન કરી શકાય.

ઘરના બે-ત્રણ ઓરડાની સફાઈ કરી શકાય.

પોતાનાં કપડાં ધોઈ શકાય. ઘરનાં શાકભાજી સુધારી આપી શકાય.

અક્ષર સુધારવા તથા વિચાર સ્થિર કરવા ડાયરી લખી શકાય.

ટપાલના બે નાના પત્રો સારી રીતે લખીને ફરી વાંચી જઈ શકાય.

ધ્યાનમાં એ રાખવાનું છે કે - 'પંદર મિનિટનો જેમ સારો ઉપયોગ થઈ શકે છે, તેમ એનો દુરુપયોગ પણ થઈ શકે છે.' કેટલાક ફરિયાદ કરે છે કે - 'અમને ફરવા જવાનો સમય નથી મળતો, નિરાંતે જમવાનો સમય નથી મળતો, ટપાલ લખવાનો સમય નથી મળતો.' પરંતુ એમના અમૂલ્ય સમયની ચોરી અવ્યવસ્થા અને અવિચાર દ્વારા કેવી રીતે થાય છે તેટલું તપાસવાનો પંદર જ મિનિટનો સમય તો તેમણે પ્રથમ કાઢવો જ જોઈએ.

- રઘુનાથજી નાયક *(સ્પીડ બ્રેકરમાંથી)*

# ભક્ત શીરોમણી "રામુ મોચી"

□ વિજયકુમાર માણેક

આપણા હિંદુસ્તાનમાં ઘણા પ્રાંતો છે. દરેક પ્રાંતને પોતાની જુદી આગવી પ્રણાલીકા, શૈલી, રહનસહન-વ્યવહાર વગેરે છે, પરંતુ પ્રજાજનો એકબીજાને સારો સહકાર આપે છે તથા ઘણી સંસ્થાઓ પણ સ્થપાઈ છે. જેના દ્વારા સમાજને ઘણી રાહતો અપાય છે.

આવા બધા પ્રાંતોમાં એક કેરળ નામનું પ્રાંત પણ છે. આ કેરળ પ્રાંતમાં દીવા નામનું ગામ છે જેમાં રામુ નામનો મોચી રહે. પોતાનું મોચી કામ સરસ રીતે કરે ગૃહસંસારમાં નભાવે અને કંઈક બચત પણ કરે —

તેના કુટુંબમાં તેઓ બે જ જણા હતા - રામુ સાચો હરિ સેવક હતો. ભગવાનની પૂજા-ભક્તિ કરતો અને પ્રભુ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખતો કે ''હરિ કરે સો હોય.'' આવો રામુ જે બચત કરતો તેમાંથી તેની ઈચ્છા કુંતી મહાપર્વની યાત્રા કરવાની હતી. બધા તીર્થ ક્ષેત્ર સાથે ગંગાજીમાં પણ સ્નાન કરી પોતાનાથી જાણ્યે અજાણ્યે થયેલ પાપમાંથી મુક્ત થવાની ઈચ્છા હતી.

એક સમયે હરિદ્વારનો કુંભ મહાપર્વ પૂર્ણ થયો આવા મહાપર્વમાં ઘણા બધા સંતો, તેમના સંઘ સાથે આવતા હતા. એક રાત્રે એક સંતને સ્વપ્નું આવ્યું કે ''પ્રયાગરાજ, રૂદ્રપ્રયાગ, કર્ણપ્રયાગ, ગંગા મૈયા તથા બીજા તીર્થો સહુ પરસ્પર વાતો કરી રહ્યા છે ''કે કુંભ સ્નાનનું થોડું ઘણું પુણ્ય તો સહુને મળ્યું હશે, પરંતુ સૌથી વધુ પુણ્ય આ વખતે કોને મળ્યું ?

પ્રયાગરાજે કહ્યું ''વધુમાં વધુ પુણ્યનો અધિકારી કોણ છે તેની મને ખબર છે. દેવપ્રયાગ કહે, ''હા હું પણ જાણું છું કે વધુ પુણ્ય કેરળ પ્રાંતના દીવા ગામના રામુ મોચીને મળ્યું છે. ગંગાજી સહિત બધા તીર્થોએ કહ્યું, અમોએ તેને ક્યાંય અમારા તીર્થસ્થાનમાં જોયો નથી. તો આમ કેવી રીતે બને ? આ શક્ય જ નથી. આની તાસ કરવી જોઈએ.

એટલામાં સંત પુરુષની આંખ ખુલી ગઈ. પ્રભાતે આવેલ સપનું ખોટું તો ન જ હોય, વળી મહાતીર્થો દ્વારા થયેલ ચર્ચાની તપાસ તો કરવી જરૂરી છે.

આમ દઢનિશ્ચયી સંત પુરુષ નીકળી પડ્યા. કેરળ જઈ દીવા ગામમાં જઈને રામુ મોચીને પણ શોધી કાઢ્યો. સંતે આ રામુ મોચીને પૂછ્યું, ''તું કુંતી મહાપર્વમાં તીર્થસ્નાન કરવા ગયો હતો ?''

રામુ મોચીની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. મહારાજ, તમો મારે ઘરે ક્યાંથી ? મારૂ ઘર પાવન થયું. આમ કહી તેમની આગતા સ્વાગતા કરી અને કહ્યું ''મહારાજ હું ચંપલ બનાવીને વેંચું છું આખુ વર્ષ થોડી બચત કરતો હતો અને કુંભના પવિત્ર તીર્થની યાત્રા કરવાની ઈચ્છા રાખી હતી, પરંતુ મારી પત્ની મા બનવાની છે, બાજુમાં મેથીનું શાક બનતું હતું તેની સુગંધ આવતી હતી તેને મેથીનું શાક ખાવાની તીવ્ર ઈચ્છા થઈ. સગર્ભા નારીની ઈચ્છા પરિપૂર્ણ કરવી તેમ શાસ્ત્રમાં પણ લખ્યું છે.

આથી હું પાડોશમાં ગયો અને મેથીનું શાક માગ્યું. ત્યારે પાડોશીએ કહ્યું, કે તમો શાક ભલે લઈ જાવો, પણ આ શાક તમારે ખાવા લાયક નથી. અમો સાત દિવસના ભૂખ્યા છીએ અને લાચારીના માર્યા સ્મશાનમાં કોઈએ પોતાના પૂર્વજોને પ્રસન્ન કરવા માટે મેથીનું શાક તથા લોટ-દાળ-જેવું સીધુ મુક્યું હતું તે હું ઉપાડી લાવ્યો છું અને આનાથી અમો આજે પ્રાણને આહુતી આપત.

મહારાજ ! એમની આવી દશા જોઈ મને ખૂબ જ દુઃખ થયું. આજે પત્નીની મેથીના શાકની ખાવાની ઈચ્છાએ મને પ્રભુએ સારૂં માર્ગદર્શન આપ્યું. મારી પાડોશનું કુટુંબ ભૂખથી તડપે છે અને હું કુંતી તીર્થ કરવા જાઉં ! લ્યાનત છે મને અને ત્યારે જે રકમ મેં ભેગી કરી હતી તેનાતી સીધુ-સામાન લાવી છુપી રીતે તેમના ઘરમાં મૂકી આવ્યો.

મહારાજ હું સત્ય કહું છું ! રાત્રે મને સ્વપ્નમાં સર્વે તીર્થોની યાત્રાના દર્શન થયા અને તેઓની ચર્ચામાં દેવપ્રયાગે કહ્યું રામુ મોચી ભલે તીર્થમાં ન આવ્યો પણ તેણે જે ભૂખ્યાની ભૂખ ભાંગવાનો સુંદર કાર્ય કર્યું છે તેનું ફળ યાત્રાના ફળ કરતાં પણ વિશેષ હોવાથી આ તીર્થનું પુણ્યનું સૌથી વધુ તેને ભાગે ગયું છે. એ દિવસથી મને સદાય પ્રભુ દર્શનનું ફળ મળે છે. માટે જ બીજાની પીડા હરવામાં જે આનંદ, પુણ્ય અને તીર્થાટન થાય છે તેનું પુણ્ય વિશેષ છે અને અવર્ણનીય છે. સ્વાર્થમુક્ત દયાના કર્મો કંગાળ બનાવનારા છે. જ્યારે નિસ્વાર્થ, નિરહંકારિતાથી કરેલ દયાના કાર્યોનું ફળ તે છે કે તમો દરરોજ હૃદયેશ્વર પ્રભુ સાથે દરરોજ હરપળે મળતા રહો છો. પ્રભુ પ્રિતી માટે કર્મ કરો.

**ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહેલ છે કે હે, ''ધનંજય ! તું આસક્તિનો ત્યાગ કર તથા યોગમાં સ્થિત થઈ કર્તવ્ય કર્મો કર, જે સમત્વભાવ યોગ કહેવાય છે.**

❖❖❖

# વાસ્તુશાસ્ત્ર

☐ ભૂપત વડોદરિયા

**Only God is the Perfect Astrologer**

**- Allen Leo**

એક ઉદ્યોગપતિએ તેમના કારખાનાનું પ્રવેશદ્વાર તોડીને બીજું પ્રવેશદ્વાર મુકાવ્યું. તેમની પોતાની ઑફિસમાં ટેબલ અને ખુરશીની દિશા બદલી નાખી. પોતાના બંગલાના પ્રવેશદ્વારમાં પણ હજારો રૂપિયા ખર્ચીને ફેરફાર કરાવી નાખ્યો. શયનખંડમાં પલંગની દિશા ફેરવી નાખી. ભીંત પર ટિંગાડેલી ભગવાનની છબીઓની સ્થિતિમાં પણ ફેરફાર કરી નાખ્યો. આવા બધા ફેરફારો કરવાનું કારણ? કારણ એટલું જ કે ઉદ્યોગપતિનાં વાસ્તુશાસ્ત્રીએ તેમને આ મુજબની સલાહ આપી હતી.

આજકાલ વાસ્તુશાસ્ત્રીની બોલબાલા છે. શ્રીમંત માણસો-કારખાનદારો તેમની સલાહ અનુસાર હજારો કે લાખો રૂપિયા ખર્ચીને આવા ફેરફારો કરે છે. જો કોઈ વાસ્તુશાસ્ત્રીનાં પવિત્ર પગલાં તમારા આંગણામાં પડે તો તે તરત કહેશે કે તમારું પ્રવેશદ્વાર વાઘમુખી છે, એ ખરાબ કહેવાય. તમારું પ્રવેશદ્વાર ગૌમુખી હોવું જોઈએ. વાઘમુખી પ્રવેશદ્વારમાં આગળનો ભાગ પહોળો હોય અને પછી તે સાંકડો થાય. ગૌમુખીમાં આગળનો ભાગ સાંકડો હોય અને તે પછી પહોળો થતો હોય!

જે ઉદ્યોગપતિની વાત અહીં કરી છે તેમણે ઉત્સાહભેર બધા ફેરફારો કર્યા હતા અને પોતાનું કિસ્મત વિશેષ ચમકી ઊઠવાની આશા રાખતા હતા, પણ બન્યું એવું કે વાસ્તુશાસ્ત્રીની સલાહ મુજબના બધા જ ફેરફારા પૂર્ણ થઈ ગયા પછી એક જ મહિનામાં તેમના બંગલા અને કારખાના પર આવકવેરા ખાતાનો દરોડો પડ્યો. પત્ની ગંભીર માંદગીમાં પટકાઈ ગઈ. પુત્રોની પણ કોઈ ને કોઈ સમસ્યા ગંભીર બનીને સામે આવી. ઉદ્યોગપતિ ભારે મુંઝવણમાં આવી પડયા. સલાહ આપનારા



વાસ્તુશાસ્ત્રીને પૂછ્યું તો તેમણે હાથ ઊંચા કરી દીધા.

વાસ્તુશાસ્ત્ર વિશે મારું ખાસ જ્ઞાન નથી, પણ મેં અનુભવે એટલું જોયું છે કે આ બધી બાબતોને આગળ કરીને માણસો વિચિત્ર રીતે વર્તે છે અને ઘણીવાર એવી કસોટીમાંથી પસાર થાય છે કે તેમની આસ્થા ઊડી જાય છે. તેમને મોડેમોડે ભાન થાય છે કે આ બધાં મનનાં ભૂત છે. કોઈ પણ બાબતમાં તમારા મનમાં કશાકનું ભૂત ભરાય પછી તમે જંગલમાં ભૂલા પડ।। જેવી સ્થિતિમાં મુકાઈ જાઓ છો. જે વાત વાસ્તુશાસ્ત્રને લાગુ પડે છે તે વાત મુહૂર્તોને અને જ્યોતિષને પણ લાગુ પડે છે. આવા પ્રકારની સાચી કે ખોટી દોરવણી હેઠળ માણસો વહેમી બની જાય છે.

એક માણસ સારો વાર અને સારી તિથિ નક્કી કરીને એક કાર્યનો આરંભ કરે છે, પણ પ્રથમ તબક્કામાં જ નિષ્ફળ જતા તેને પ્રશ્ન થાય છે કે આમ કેમ? શાસ્ત્રોક્ત રીતે મુહૂર્ત કઢાવીને શુભ તિથિ વાર ચોઘડિયા બધું જોઈને કામ શરૂ કર્યું હતું અને તેનું પરિણામ સારું આવવાને બદલે ખરાબ આવવાનું કારણ શું?

એક બીજા માણસ અમાસના દિવસે કે અશુભ ગણાતા દિવસે કોઈક કાર્યનો આરંભ કરે છે અને તે દિવસે તારીખનો આંકડો પણ 'અપશકુની' હોય છે, છતાં તેનો પુરુષાર્થ ફળે છે. જ્યાં જ્યાં સફળતાની શક્યતા વધુમાં વધુ દેખાતી હોય, ગણતરીઓ બધી જ પાકી કરી હોય ત્યાં પરિણામ શૂન્ય કે ઊલટું આવે તેવું બને છે. જ્યાં સફળતાની આશા રાખવાનું કોઈ વાજબી કારણ દેખાતું ન હોય ત્યાં સફળતા આવી મળે છે. આનું રહસ્ય કોણ ઉકેલી શકે?

એક વ્યક્તિ પોતાની કુંટળીમાં ઉચ્ચના ગ્રહો જોઈને હરખાય છે. બીજી એક વ્યક્તિ પોતાની જન્મકુંડળીમાં નીચના ગ્રહો જોઈને હતાશ થઈ જાય છે, પણ ઉચ્ચના ગ્રહો ધાર્યું ફળ ન આપે તેવા અનેક કિસ્સા જોવા મળે છે અને જેના ગ્રહો નીચના હોય તે અણધાર્યો વિજય મેળવે છે. જ્યોતિષશાસ્ત્રીને પૂછીએ તો એ કહે છે કે હળહળતો કળિયુગ છે. કળિયુગમાં દુનિયાદારીની દૃષ્ટિ ઉચ્ચના ગ્રહો કંઈ ન કરી શકે અને નીચના ગ્રહોની બોલબાલા થઈ જાય, પણ આ પણ સાચું નખી. આનો ભેદ પામવાનું શક્ય જ નથી.

તો માણસે શું કરવું? માણસે આત્મશ્રદ્ધા

કેળવવી, પોતાની ઈષ્ટદેવમાં શ્રદ્ધા રાખવી અને ગમે તેવા વિકટ સંજોગોમાં પણ આશા છોડ્યા વગર શક્ય તે બધો જ પુરુષાર્થ કરવો. કહેવત છે કે તમે પ્રાર્થનામાં તમારા હાથ આકાશ ભણી જોડો છો ત્યારે ઉપરથી શુભાશિષોની વર્ષા થાય છે.

ભગવાન રામચંદ્રજીને અયોધ્યાની ગાદી ઉપર બેસાડવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત જોવામાં આવ્યું નહી હોય ? બન્યું એવું કે રામચંદ્રજી ભલે હસતા મુખે પણ વનવાસ માટે વિદાય થયા. ભગવાન કૃષ્ણે મહાભારતનું યુદ્ધ રોકવા ઘણા પ્રયત્નો કર્યા અને છતાં યુદ્ધ ટાળી ન શક્યા. ત્યારે તેમણે કહ્યું કે હવે લડવું એ જ ધર્મ છે. કોઈ પણ ધર્મના મહાન સ્થાપકના જીવન પર નજર કરીએ ત્યારે સ્પષ્ટ દેખાય છે કે એ બધા જ સાચા અર્થમાં મહાન પુરુષાર્થી હતા અને પરમાત્મા પર જ આધાર રાખતા હતા. દરેકને માણસમા પણ એવી જ શ્રદ્ધા હતી.

**તમારે જે શાસ્ત્રમાં માનું હોય તે શાસ્ત્રમાં ખુશીથી માનો, પણ તેના પર મદાર બાંધીને પુરુષાર્થને પાંગળો ન કરો અને તમારી વિવેકબુદ્ધિ વાસ્તુશાત્ર, અંકશાસ્ત્ર કે આ કે તે ગ્રહોના ચરણે બાંધી ન દો. જીવનમાં સારું-માઠું બન્યા જ કરે છે. તેનો ખુલાસો આ કે તે શાસ્ત્રમાં શોધવાની કોશિશ સરવાળે નકામી જ સાબિત થાય છે.** ❖❖❖

# રાષ્ટ્રહિતની ખેવના

'મહાશય, આવતી કાલે આપ અમારી સાથે આવી ભોજન લેશો તો હું તેમજ મારો પરિવાર અત્યંત આનંદ અનુભવીશું.' જાપાનના એક વેપારીએ ભારતથી વેપાર અર્થે જાપાન આવેલા પોતાના વેપારી મિત્રને નોતરું આપ્યું.

'હા, હા. જમવા તો જરૂર આવીશ, પણ આપ જાણો છો કે હું તો ચુસ્ત શાકાહારી છું.'

'અમે સૌ પણ આપની સાથે શાકાહારી ભોજનની લિજ્જત માણીશું.'

ભોજનનો કાર્યક્રમ સાંજનો રાખવામાં આવ્યો હતો. ભારતીય વેપારી મિત્રના પરિવારથી પરિચિત હતા. એમને ઘેર બે-ત્રણ વાર આવી ચૂક્યા હતા.

જાપાનના પ્રવાસેથી જ્યારે-જ્યારે એ પાછા ફરતા ત્યારે જાપાનનાં ઘરોની સુઘડતાની, સ્વચ્છતાની, કલાત્મક સજાવટની પ્રશંસા કરતાં થાકતાં જ નહિ.

જાપાની ઢબથી બનાવેલ સ્વાદિષ્ટ વાનગીઓ શેઠને બહુ જ ભાવી.

પણ શેઠને પોતાની પડી ગયેલી ભારતીય કુટેવ મુજબ, ભોજન સમાપ્ત થયું ત્યારે, એઠું છાંડી, શેઠ ઊભા થયા. થોડીક ઔપચારિક વાતે કરીને શેઠ તો ત્યાંથી વિદાય થયા. જાપાની પરિવાર અગત્યનાં બીજા કામોમાં પ્રવૃત્ત થઈ ગયો. પરિવારમાંથી કોઈને શેઠ પ્લેટમાં છાંડેલી ભોજન સામગ્રીનો ખ્યાલ ન રહ્યો.

રાત્રે ઘરકામ કરતી બાઈએ જાપાની વેપારીની પત્ની પાસે આવી. મૌખિક 'નોટિસ' આપતાં કહ્યું : 'બાઈ સાહેબ, આવતીકાલથી આપ બીજી કામવાળી શોધી



લેજો. મારાથી હવે આ ઘરમાં કામ નહિ કરાય. અહીં નોકરી કરું તો મેં રાષ્ટ્રદ્રોહમાં સહકાર આપ્યો કહેવાય. આ ઘરમાં અનાજનો બગાડ થવા માંડ્યો છે.'

'તને કોણે કહ્યું કે આ ઘરમાં અનાજનો બગાડ થઈ રહ્યો છે ?'

કામવાળી તરફ પ્રશ્નસૂચક દૃષ્ટિ કરતાં તે જાપાની ગૃહિણી બોલી : 'આપ મારી સાથે ચાલો. આજના સાંજના ભોજન વખતે એક પ્લેટમાં છાંડેલું અન્ન છે.'

જાપાની ગૃહિણીના મનમાં વીજળીનો ઝબકારો થયો.

પૂરી વાત એના ખ્યાલમાં આવી ગઈ. કામવાળીને સમજાવતાં એ બોલી : 'બહેન, આજે અમારી સાથે જમવામાં એક ભારતીય મહેમાન હતા. એમને આપણા દેશના આ કડક નિયમની, આ ચુસ્ત શિસ્તની બિલકુલ ખબર ન હતી. આ અપરાધ બિલકુલ અજાણતાં બની ગયો છે. તમે એમને દરગુજર કરો.'

સાચી વસ્તુસ્થિતિની જાણ થતાં એ કામવાળીએ છૂટા થવા આપેલી મૌખિક નોટિસ પાછી ખેંચી લીધી.

જાપાન ગયેલા એ ભારતીય વેપારીને તો આ બીનાની ખબર પાતાના બીજા જાપાની મિત્ર મારફતે મળી. પણ આ વાતની ખબર પડતાં એમણે ભારોભાર ભોંઠપ અનુભવી. પોતાના એ જાપાની યજમાનને ક્ષમાપત્ર લખતાં શેઠે ભારપૂર્વક જણાવ્યું : 'ભાઈ, જે દેશમાં એક સામાન્ય નોકરડીના મનમાં રાષ્ટ્રીય દુર્વ્યય માટે આટલી બધી ઊંડી વ્યથા ભરેલી હોય એ દેશ ખરેખર મહાન છે. મારા એ અપરાધ બદલ ક્ષમા ચાહુ છું.' જમ્યા પછી ભોજન છાંડવાની આવી કુટેવ આજથી મેં સદંતર ત્યજી દીધી છે.

(સ્પીડ બ્રેકરમાંથી)

# માયા ધ સેકન્ડ લેડી



□ પાયલ શાહ

**આજે** માયા અને તથાગતના રોનક બંગલોમાં સાચે જ રોનક હતી. માયાની લાગલગાટ સાતમી ફિલ્મ પણ સુપર ડુપર હિટ થઈ હતી. માયાએ શાનદાર પાર્ટી આપી હતી. માયા હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની નંબર વન હીરોઈન હતી. માત્ર પાંચ વર્ષમાં તેણે પોતાનું સ્થાન મજબૂત કરી નાખ્યું હતું. માયા હતી જ એટલી ખૂબસૂરત કે દર્શકોને એની માયા લાગી જતી. ૫'-૮'' જેવી અસામાન્ય ઉંચાઈ, સોનેરી ઘઉવર્ણો રંગ, લીસી ચમકતી ત્વચા કમર સુધીનાં કાળાં ભ્રમર વાળ, માંજરી આંખો ને નરી નિર્દોષતા સાથે તેનું મિલિયન ડોલર 'સ્મિત'.

માયા અને તથાગતનું 'કૉમ્બિનેશન' કાંઈક અલગ જ હતું. માયા અભિનેત્રી જ્યારે તથાગત વૈજ્ઞાનિક, બંન્ને પોત પોતાના ક્ષેત્રમાં ખૂબજ સફળ. લવમેરેજ હતાં બંનેના ! સાચું કહીએ તો માયા તરફથી 'લવ' હતો અને તથાગત ને, માયાની 'માયા' લાગી ગઈ હતી; અને સાથે માયાના પૈસાની પણ તેની માટે માયા સીડી હતી તેને સર્વોચ્ચ સ્થાન જોતું હતું. નામ, દામ, ખ્યાતિ કીર્તિ અને માયા - શું નહોતું તથાગત પાસે.. તથાગત અને માયા બંને ડો. શિરીષની પાર્ટીમાં મળ્યા હતા. શિરીષ અને તથાગત બંને ખુબ સારા મિત્રો હતા. શિરીષની પત્ની ડર્મેટોલોજિસ્ટ (ત્વચા વિશેષજ્ઞ) હતી. માયા તેની સારી મિત્ર હતી. અને આ પાર્ટીમાં બંને મળ્યા અને 'રામ મિલાયે જોડી' માત્ર છ મહિનાની અંદર માયા તથાગતે લગ્ન કરી લીધાં.

તથાગતને પૈસા ખંખેરવાનાં મોકો જ જોઈતો હતો. કોઈ પણ તરીકાથી અને તેને એવો મોકો મળી પણ ગયો. માયાના મોટા પપ્પાનો મલેશિયાથી ફોન આવ્યો કે મારે મારી બધી જ મિલ્કત માયાના નામ પર કરી નાખવી છે. તેની માટે તે ભારત આવશે એકાદ મહિનાની અંદર થોડીક કાનૂની વિધિ છે જેમાં માયાની સહી જોશે. આ તરફ, માયા શુટિંગ પર ગઈ હતી અને તથાગત ને બગાસું ખાતા પતાસું મળે તેવું થયું. તેનું દિમાગ બરાબર કામે લાગી ગયું. માયા અને સિદ્ધાર્થ અંકલ બન્ને એક મહિના પછી આવવાના છે. બસ પડ પાસા પોબાર....

મોટા પપ્પાની ૮૦-૯૦ કરોડની મિલ્કત માયા પાસે જા રે.. જા માયા.. તથાગતથી જોરથી બોલી જવાયું. પણ માયા બકા.. તું જ મને તારી જ મરજીથી બધું આપી દે તો.. હા.. પછી આ 'બ્યુટી' પણ 'ફુલ' સાથે નહી રહેવું, મનોમન તથાગત પોતાની એક શોધ જે અધૂરી હતી તેના પર ગર્વ કરવા લાગ્યો. તથાગતે બંગલામાં જ પોતાની પ્રયોગશાળા બનાવી હતી. ત્યાં કબાટમાંથી એક પૂતળું લીધું તેનું નિર્જીવ શરીર એકદમ માનવશરીર જ લાગતું હતું. તથાગત લેડી રોબો તૈયાર કરતો હતો. જે લેડી લાગે; પણ રોબો ન લાગે. તેની શોધ ખરેખર અલગ હતી. આ રોબો પોતાની મેળે વિચારી શકે, નિર્ણય લઈ શકે પણ થોડુંક કામ બાકી હતું.

તથાગતે કેમિકલ પ્રક્રિયાથી તેની ચામડી પણ મનુષ્યો જેવી જ બનાવી. ખાસ વાત લેડી રોબોની હતી એ કે તે હુબહૂ 'માયા' લાગતી હતી. એ જ આંખો, એવી જ ત્વચા, લહેરાંતાં વાળ, ચળકતો રંગ. તથાગતે એના 'ગોડ ફાધર' બનીને તેને માયાની જેમ જ ઉઠતાં, બેસતાં, હસતાં બધું શીખવાડી દીધું. માયાના વોર્ડરોબમાંથી માયાના જ કપડાં લઈ તેને એવી જ રીતે ચાલતા પણ શિખવાડી દીધુ. માયા જેવી સહી સુદ્ધા શિખવાડી જે ખૂબ અગત્યની કામ હતું. તથાગત 'સર'ની તાલીમ શરૂ થઈ. આ તો રોબો હતી. ચતુર ચાલાક તથાગતે તેને માયાની સી.ડી., ડી.વી.ડી. દેખાડી ને તેને ૨૨ દિવસમાં માયા બનાવી દીધી.

ચતુર સુજાણ તથાગતે તેના રંગઢંગ ચાલ, મેકઅપ બધું માયાની જેમ જ તેણે કરાવ્યું. પૂરી ડિક્શનરી તેની મેમરીમાં 'ફીડ' કરી દીધી. પેલી અંગ્રેજી એવું બોલતી કે ભલાભલાંની છુટ્ટી થઈ ગઈ. આ બધી મહેનતની સામે 'ખુલ જા સિમ સિમ'ની જેમ ખજાનો મળવાનો હતો. મોટા પપ્પાએ માયાને ફોન કર્યો, ''દીકરા, ઈંડિયા આવું છું.'' માયા તો ખુશ થઈ ગઈ. ''મોટા પપ્પા, હુ શૂટિંગમાં છું, બે દિવસમાં આવી જઈશ પણ તથાગત તમને એરપોર્ટ લેવા આવશે'' ''ભલે બેટા મળીએ તો પછી ખુશખુશાલ વદને મોટા પપ્પા એ ફોન મૂક્યો-

તથાગતનો ખેલ શરૂ થવાનો હતો. તથાગત એવી લૂંટ ચલાવવાનો હતો જ્યાં ન હથિયાર હતા, ન માણસો હતાં, માત્ર રોબોનો ઉપયોગ કરી તે દુનિયામાં કોઈએ ના કરી હોય તેવી લૂંટ કરવાનો હતો. તથાગત વર્ષોથી જે દિવસની રાહ જોઈ રહ્યો હતો તે સવાર પણ આવી ગઈ. તથાગત

મોટા પપ્પાને એરપોર્ટ પરથી લઈ આવ્યો. અને આ માયાએ 'માયા' લગાવીને મોટા પપ્પાને ખુશ કરી નાખ્યા. તથાગતને ખજાનો હાથવેત જ લાગ્યો. બસ એક સહી ને માયાનો ખેલ ખતમ. તથાગત માયાને જોતો જ રહ્યો. મોટા પપ્પા તો આમ પણ બે દિવસ જ રહેવાનાં હતાં અને ત્યાં માયા સિમલાના બરફમાં અટવાઈને પડી છે ભલે તે ત્યાં વર-ઘર રમતી એમ વિચારી તથાગત મલકી પડયો.

વાતો વાતોમાં બપોર ક્યારે પડી ગઈ ખબર જ ના પડી. સાંજના વકીલ આવ્યા. જ્યારે મોટા પપ્પાએ માયાને પ્રોપર્ટીના કાગળ પર સહી કરવા કહ્યું ત્યારે માયાએ સહી પણ કરી. તથાગતે બધી જ પ્રોપર્ટી પોતાનાં નામ પર કરી શકાય એવી રીતે પેલી 'પોપટ'ને પઢાવી જ રાખી હતી. માયાએ મોટા પપ્પાને કહ્યું, ''આ બધું પ્રોપર્ટીને ફાઈનાન્સનું કામ તથાગત જ સંભાળે છે એટલે મારે બધું તેના નામ પર જ કરવું છે. આમ પણ મને ઈન્કમ ટેક્સ ભરવામાં પણ મુશ્કેલી પડશે પણ તથાગતના નામ પર હશે તો વાંધો નહીં આવે.'' મોટા પપ્પાને આ વાત ગમી નહીં પણ તે કાંઈ બોલ્યા નહીં. માયાએ તથાગતના નામ પર બધું કર્યું. તેને જેકપોટ લાગી ગયો. તેને નાચવાનું મન થતું હતું પણ શું કરે...? મોટા પપ્પાની સામે તેને ''એપ્રિલ ફૂલ બનાયા... તુમકો ગુસ્સા આયા...''એવું ગીત થોડું ગવાય છે... મોટા પપ્પાને બીજે દિવસે સવારે તો રાજસ્થાન જવું હતું એટલે તથાગતને માયા એરપોર્ટ તેમને મૂકવા ગયા. હાશ....હવે કાંઈ માથાકૂટ તો નહીં... તથાગતને કારમાં મીઠી નીંદર આવી ગઈ.

બધું જ કાયદાથી થયું હતું. મોટા પપ્પાની સામે, તેમની હાજરીમાં માયાએ પોતાની મરજીથી બધી મિલકત પોતાના નામ પર કરી હતી. માયાની 'માયા' સામે તથાગત જોતો રહ્યો. હજી તથાગત બંગલામાં આવ્યો ત્યાં જ તેનો મોબાઈલ રણક્યો... વકીલ સાહેબ હતા; તથાગત ભાઈ, માયા મેમના સિગ્નેચર મેચ નથી થતાં. બે થી ત્રણ દસ્તાવેજમાં થોડો ફરક પડી ગયો છે. તમે ને મેમ ઓફિસમાં આવી જજો તો આ બધી કાર્યવાહી આજે જ પૂરી થઈ જાય.'' તથાગતે હકાર કરવા સિવાય કાંઈ જ નહોતું કરવાનું. આ તરફ મોટા પપ્પાએ માયાને મોબાઈલ પર ફોન કર્યો. માયા મોટા પપ્પાનો અવાજ સાંભળીને એટલી ખુશ થઈ કે ના પૂછો વાત...'' મોટા પપ્પા તમે.. ક્યારે આવ્યાં ? હું બસ આજે જ સિમલાથી નીકળું છું. અહીં લેન્ડ સ્લાઈડને લીધે અમે અટકી પડયા છે. આ વખતે મોટા પપ્પાના માનમાં ૮ દિવસ છુટ્ટી લીધી છે. મન ભરીને રહેવું છે તમારી સાથે... માયા બોલતી જ રહી. મોટા પપ્પાના પગ નીચેથી જમીન સરકી ગઈ માય શું બોલે છે...હજી ! કલાક પહેલાં તો મારી સાથે એરપોર્ટ પર હતી ને આવી વાતો કરે છે !

''માયા...માયા બેટા વાત સાંભળ મારી...'' મોટા પપ્પાએ ઝડપથી બોલવાનું શરૂ કર્યું, ''જો હું એરપોર્ટ પર છું, બે દિવસ તારા જ ઘરે હતો. તું ને તથાગત મારી નજર સામે ને સામે હતા. તે પ્રોપર્ટી મિલ્કતના દસ્તાવેજો પર સહી કરી પણ ત્રણ જગ્યાએ તારી સહી બરાબર નથી એટલે વકીલનો ફોન આવ્યો. હવે ચોંકવાનો વારો માયાનો હતો. પપ્પા આ કેમ થાય ? હું તથાગત સાથે રોજ ફોન પર વાત કરતી હતી તેણે મને પ્રોપર્ટીની કે તમારી મલેશિયાથી આવવાની વાત જ નથી કરી. હું પૂછતી ત્યારે તે કહેતો કે મોટા પપ્પા આવશે ત્યારે આપણે સૌથી પહેલાં તો તેને 'સરપ્રાઈઝ' આપશું. એમનો ૭૪મો જન્મદિન ખૂબ સરસ રીતે ઉજવવો છે આપણે. માયાથી ચીસ પડાઈ ગઈ તો છે કોણ મારા ઘરમાં જે માયા બનીને તમને છેતરી ગઈ.. એટલે તથાગતને બધી ખબર છે અને તેણે મારા ઘરમાં ન હોવાનો ફાયદો ઉઠાવ્યો. માયા એ ફોન મૂકીને કાંઈક નિર્ણય લીધો.

હવે કાંઈ જ થઈ શકે એમ નહોતું વકીલની સામે તથાગત અને પેલી છોકરીએ બરાબરનો ખેલ કર્યો. મોટા પપ્પા ભલે હાર માની ગયા હું માયા છું માયા.. મારે હારવું નથી લડવું છે. માયાએ મોટા પપ્પાને કહ્યું.'' તમે કયાંય જ નહીં જાવ હું આવું છું. આપણે મળીએ ઘરે... વકીલના ઘરે...!'' માયા વિચારવા લાગી વકીલના ઘરે તો જઈશ પણ મારી પાસે પુરાવા શું છે કે હું માયા છું ? કેવી હાલત થઈ છે મારા મૂકેલા વિશ્વાસના પુરાવા આપવા પડે છે મારે મારા જ શ્વાસના... ત્યાં જ માયાને શિરીષની યાદ આવી. કદાચ તે અમારી કાંઈક મદદ કરી શકે. માયાએ તરત જ ડૉ. શિરીષને બધી વાત કરી. શિરીષના માન્યામાં વાત ન આવી પણ તેણે વિચાર્યું માયાને ખોટું બોલવાથી ફાયદો પણ શું છે..

''ઠીક છે.'' શિરીષે ફોન મૂકતાં કહ્યું શિરીષે વિચાર્યું ચાલ તથાગતના બંગલે જ જવા દે. જોઈએ ત્યાં ચાલે છે શું ? ત્યાં જ તથાગતનો ખરો ખેલ ખબર પડશે. આમ વિચારી તથાગતના બંગલે શિરીષ ગયો. શિરીષ ને જોઈ તથાગત ખુશ થઈ ગયો. થોડી વાતો કરી શિરીષે પૂછ્યું ''માયા ક્યાં છે યાર...સુપરડુપર ફિલ્મોની હીરોઈન તથાગતનું મોઢું તો ખીલી ગયું. અરે યાર.. આવ આવ પ્રયોગશાળામાં જ છે. શિરીષ ચકરાવે ચડી ગયો માયા અને પ્રયોગશાળામાં...''

પ્રયોગશાળામાં પ્રવેશતાં જ તથાગત પોતાની હોશિયારી મારતાં બોલ્યો,

''શિરીષ, આ છે મારો અવિષ્કાર... મારી સેકન્ડ લેડી. યે માયા હી હૈ હૂજૂર...'' શિરીષ જોતો રહ્યો આ...માયા તો પછી ફોન પર વાત કરતી હતી એ છોકરી... ત્યાં જ તથાગત બોલ્યો,'' લેડી રોબો છે, શિરીષને ધીરે ધીરે બધું સમજમાં આવી ગયું. આ લેડી રોબો પાસે તથાગતે બધું કામ કરાવ્યું હતું. શિરીષે આ બધી જ વાત તરત માયાને કરી, સાથે એક પ્લાન પણ. હવે બધાએ એ પ્લાન પ્રમાણે જ કામ કરવાનું હતું, ખાસ કરીને માયાએ...

તથાગત પોતાની ખુશીમાં બધું જ ભૂલી ગયો હતો. ત્યારે જ ફોનની રીંગે તથાગતના સપનાં તોડી નાખ્યાં મોટા પપ્પાનો ફોન હતો તેમણે કહ્યું ''આજે સાંજના તે ઘરે આવે છે. તેનો ૭૪મો જન્મદિવસ છે તે ધામધૂમથી મનાવવાની ઈચ્છા છે. મારે તો તમે ને માયા, છે કોણ બીજું...'' તથાગત પાસે હા પાડવા સિવાય કોઈ રસ્તો જ નહોતો. સાંજના જ્યારે મોટા પપ્પા આવ્યા તેનાં અર્ધા કલાકમાં જ વકીલ પમ આવી ગયા. વકીલે પહેલાં પ્રમાણે જ વાત રાખી ત્રણેક દસ્તાવેજમાં માયા મેમની સહી બરોબર નથી એટલે ફરીથી બધી સહી કરી આપો તથાગતની પાસે કહેવા જેવું કાંઈ જ નહોતું બચ્યું.

આ વખતે વકીલ પાસે જે દસ્તાવેજ હતા બધામાં માયાનું નામ હતું. માયાએ બધામાં સહીઓ કરી. તથાગતના નામ પર કોઈ જ નહીં આ વખતે તથાગતના પગ નીચેથી જમીન સરકી ગઈ. માયાએ બધા દસ્તાવેજ વકીલને આપ્યા. વકીલના ગયા પછી માયાએ પોતાની વાત શરૂ કરી.

''તથાગત તમે જેને માયા બનાવીને બેસાડી તે અત્યારના એના કબાટમાં બંધ છે ! હું ગઈકાલે રાતે જ બંગલામાં આવી, તમે ભૂલતા ન હો તો મારી પાસે પણ બંગલાની ચાવી છે. તમારો અવિષ્કાર જેને તમે ''માયા ધ સેકન્ડ લેડી'' કહો છો ને તેને પાણીનું ઈંજેક્શન મારીને તેના સર્કિટ બગાડીને કબાટમાં મૂકી છે.

બધા ચૂપ હતા. મોટા પપ્પા, શિરીષ અને તથાગત ત્રણેની નજર માયા પર હતી. ''એવા ફિલ્મી ડાયલોગ નહી મારું કે એક વાર કીધું હોત તો બધી દોલત તારા નામ પર કરી દેત...નહીં ! પણ ક્યાંક કોઈ કમી રહી ગઈ મારા તરફથી આપણા સંબંધોમાં હું કાંઈક આપી ન શકી.'' તથાગત આંખો બંધ કરીને સાંભળતો હતો. તમે અહીંથી જઈ શકો છો મિ. તથાગત... માયાએ એક સ્વાભિમાન ભર્યો નિર્ણય લીધો હતો. તથાગતના જતાં જ માયાએ ગર અને દિલનાં દરવાજા તથાગત માટે બંધ કરી દીધા હંમેશને માટે... માયા અને મોટા પપ્પાએ આ પૈસાથી સરસ હોસ્પિટલ બનાવવાનું શરૂ કર્યું છે. મયા ખુશ છે. કરોડો લોકોની દુઆ એને મળી રહી છે.

❖❖❖

## મોટું કોણ ? લક્ષ્મીજી કે નસીબ ?

આપણે ત્યાં કહેવાય છે કે ભાગ્ય અથવા નસીબ જ ખૂબ મોટું. અમુક વિદ્વાનો એવું માને છે કે નસીબ નહીં, પરંતુ લક્ષ્મીદેવી મોટી. આવી ચર્ચા એક દિવસ નસીબ અને લક્ષ્મીજી વચ્ચે ચાલી. લક્ષ્મીજી કહે, હું મોટી, જ્યારે નસીબ કહે હું મોટું, કારણ કે નસીબમાં હોય તો જ વ્યક્તિ પામે છે, પણ લક્ષ્મીજી માન્યા નહીં અને બન્નેએ સાબિત કરવાનું નક્કી કર્યું. પહેલો પ્રયોગ પારધી પર કર્યો, જે શિકાર કરવા જંગલમાં જતો હતો. લક્ષ્મીજીએ નસીબને કહ્યું ''આ શિકારીને હું સોનાની ઈંટ આપીશ'' નસીબે કહ્યું ''હું ન કહું ત્યાં સુધી તે સોનાની ઈંટને મેળવી શકશે નહીં'' આમ, શિકારી જંગલ તરફ નીકળ્યો ત્યારે લક્ષ્મીજી નક્કી કરીને જ બેઠા હતાં કે તેને મારે સોનાની ઈંટ આપવી અને બીજા પથ્થરજ છે. આ બાજુ શિકારીને ખૂબ ભૂખ લાગી તેથી તેણે એક ભિખારીને ચણા ફાકતો જોયો અને ચણા માગ્યાં અને તેથી પેલા ભિખારીએ ચણાની પોટલી આપી દીધી. આમ, શિકારી ચણા ખાઈને તૃપ્ત થયો અને તેણે ભિખારીને કહ્યું ''આજે શિકારમાં જે મળશે તે હું તને અર્પણ કરી દઈશ.'' શિકારી જંગલમાં જાય છે અને એક સમડીનો શિકાર કરે છે અને તે સમડીના માળામાંથી સોનાની ઈંટ મળે છે. અને તે સોનાની ઈંટ લક્ષ્મીજીની યોજના મુજબ શિકારીને મળી ગઈ, પરંતુ શિકારીએ આજે સવારે નિર્ણય કર્યો હતો કે મને જે શિકારમાં મળે તે હું મને ચણા ખવડાવનારા ભિખારીને આપી દઈશ તેથી તે પ્રમાણિકતાથી ગામમાં ગયો અને ભિખારીને શોધી કાઢ્યો અને પછી તેણે પેલી સોનાની ઈંટ ભિખારીને આપી દીધી.

આ ઘટના નસીબ અને લક્ષ્મીજી જોતાં હતાં તેથી નસીબે કહ્યું, ''જોયું માતાજી, આપે પ્રયત્ન કર્યો કે ઈંટ શિકારીને મળે, પરંતુ ઈંટ તો તેના નસીબમાંજ ન હતી તેથી તેને મળી નહીં માટે ભલે માતાજી આપ મહાન છો, પરંતુ મોટું તો હું જ છું તેમાં કોઈ શંકાને સ્થાન નથી.'' અને નસીબની બલિહારી પણ આપણે જોઈ શકીએ છીએ કે પથ્થર અને હોય છે, પરંતુ કોઈ પથ્થરમાં સિંદુર ચડે છે તો કોઈના મૃત્યુની કબર ચણવા કામ લાગે છે તેથી સાબિત થાય છે કે મોટું કોણ ? લક્ષ્મીજી મહાન છે, પરંતુ મોટું જો કોઈ હોય તો નસીબ જ !

'કોઈ પણ વ્યક્તિના હાથમાંથી ઝૂંટવી શકાય, નસીબમાંથી નહીં !'

**સંકલન : પ્રવિણભાઈ પારેખ**



# અપેક્ષા અને ઉપેક્ષા

## બન્ને દામ્પત્યસુખના મહાશત્રુઓ છે !

□ રોહિત શાહ

પતિ-પત્ની બન્નેએ પરસ્પર પ્રત્યે કોઈ ને કોઈ અપેક્ષા હોય તે સ્વાભાવિક છે અને એવી અપેક્ષા પૂરી કરવી એ દામ્પત્યસુખની ચાવી છે. પત્નીની અપેક્ષા હોય કે પતિ તેની રસોઈની પ્રશંસા કરે, સાડી અને સજાવટની પ્રશંસા કરે, ઘરમાં સ્વચ્છતા જોઈને તેને અભિનંદન આપે. એ જ રીતે પતિની અપેક્ષા હોય કે પત્ની નાનીનાની દરેક બાબતમાં પોતાની સંભાળ રાખે. પોતે ઑફિસેથી આવે ત્યારે મધુર સ્મિત સાથે શીતળ જળનો પ્યાલો આપે. પોતાના વિચારો સાથે મતભેદ કર્યા વિના હૂંફાળી સંમતિ આપે.

આ અપેક્ષાઓ કેવી નાનકડી છે ! બીજી રીતે વિચારીએ તો, એકમેક પ્રત્યેની લાગણીને અભિવ્યક્ત કરવાની આ ઉત્તમ તકો છે. આ રીતે પરસ્પરના પૂરક બનીને દામ્પત્યજીવનની મધુરતાને મહેકાવવાનો ધન્ય અવસર છે ! પરંતુ, અપેક્ષા એ દુ:ખની જનેતા છે.

સાચું દામ્પત્યસુખ એમાં છે કે આપણે સામેના પાત્રની અપેક્ષાઓને ઉમળકાપૂર્વક નિભાવીએ અને છતાં આપણે કોઈ અપેક્ષા ન રાખીએ. સ્વાભાવિક અપેક્ષા પ્રત્યે પણ જડ વલણ ના દાખવીએ. કોઈ વાર આપણી અપેક્ષા મુજબ સામેથી પ્રતિભાવ ન મળે તોય આપણો સમભાવ ઓછો ન કરીએ, પણ વિશેષ સહાનુભૂતિથી સામેના પાત્ર પ્રત્યે કોમળ વલણ દાખવીએ. નાનકડી અપેક્ષાની વિફલતા કોઈવાર મોટી વેદના જગાડે છે. તેથી શક્ય એટલું વધુ સમાધાન કરતાં રહેવું. ફરિયાદો કરવાને બદલે આત્મીયતા સુદૃઢ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અપેક્ષા રાખવાનો તમને હક છે, પણ અપેક્ષાને ક્યારેક ભૂલી જવી એ તમારું કર્તવ્ય પણ છે, વળી અપેક્ષાને ક્યારેય સરહદ નથી હોતી ? દરેક ક્ષેત્રમાં આપણી અપેક્ષા રાખીને જ આપણે બધો વ્યવહાર કરતા હોઈએ છીએ ને ! પરંતુ બહારના ક્ષેત્રમાં આપણી અપેક્ષા ન ફળે તો આપણે મન વાળીને ચૂપચાપ બેસી રહીએ છીએ. ત્રાહિત વ્યક્તિ સામે આપણે આપણી કોઈ અપેક્ષાનો તકાદો કરતા નથી, પરંતુ ઘરની વ્યક્તિ સામે, પોતાના સ્વજન સામે આપણે તકાદો અને ફરિયાદ કરવા માંડીએ છીએ.

અપેક્ષામાં જીદ ના હોવી જોઈએ. મમત્વ ના હોવું જોઈએ. ''હું સરસ રસોઈ બનાવું છું, તમારી પળેપળે સંભાળ રાખું છું, પણ તમે મારા માટે કદીય સારું બોલતા જ નથી !'' તમને મારી કદર જ નથી. આવું કહીને પ્રશંસા માગવાની ના હોય અથવા તો, 'હું બહારથી થાક્યોપાક્યો આવું છું પણ તને મારી પાસે બેસીને બે ઘડી વાત કરવાની ફુરસદ પણ હોતી નથી ! તને મારા પ્રત્યે પ્રેમની લાગણી જ નથી ! એમ કહીને ઉપેક્ષા કરવી પણ યોગ્ય નથી.

અપેક્ષા તો દુ:ખ જ આપે છે, પણ ઉપેક્ષા તો એથીય વિશેષ દુ:ખ આપે છે.

અપેક્ષા અને ઉપેક્ષા દાંપત્યસુખના મહાશત્રુઓ છે.

પત્નીને અપેક્ષા હતી કે આવતી કાલે મારો જન્મદિવસ છે, તેથી મારો પતિ ઑફિસે રજા રાખે અને આખો દિવસ મારી સાથે રહે. મને વિશેષ પ્રેમથી તરબોળ કરી મૂકે અને પતિ એવું જ કરવા ઉત્સુક હતો, પણ પરિસ્થિતિ અનુકૂળ ન બની .ઑફિસમાંથી રજા ન મળી. પત્નીને ભેટ આપવાની વસ્તુ ખરીદવા બજારમાં જવા છતાં મનગમતી ચીજ ના મળી. પતિને ભારે દિલગીરી ઊપજી. પત્નીને જન્મદિવસે ભેટ તો ના આપી શકાઈ, પરંતુ તેને માટે ફુરસદ પણ ના મળી ! હવે પતિની દિલગીરીને સમજ્યા વિના પત્ની જો મોરચો માંડે, કડવાં વેણ કહે, રિસાઈને બેસી જાય તો પતિની લાગણીને કેવો આઘાત લાગે ?

કોઈ વખત પતિના મિત્રોને ઘેર બોલાવ્યા હોય અને પતિને અપેક્ષા હોય કે તેની પત્ની સૌને પ્રસન્નતાથી આવકારે. ખૂબ આનંદથી સૌની સાથે વાતો કરે. સરસ વાનગી બનાવીને બધા મિત્રોને આનંદથી જમાડે. પત્નીને અગાઉથી બધો કાર્યક્રમ સમજાવી રાખ્યો હોય. પત્ની હૃદયપૂર્વક એવું કરવા ઈચ્છતી પણ હોય, પરંતુ પત્નીની તબિયત ઠીક ના હોય, કોઈ અણગમતી ઘટના ઓચિંતી બની ગઈ હોય.. મિત્રોની સાથે ઉમળકાભર્યો વ્યવહાર કરવાની કોશિશ કરવા છતાં પત્ની એમ ના કરી શકે ત્યારે પતિ ગુસ્સે થઈને સૌની સામે પત્નીને અપમાનિત કરે તો પત્નીની લાગણીને કેવો આઘાત લાગે !

આપણી અપેક્ષા સામેના પાત્રની લાગણી જ ના સમજી શકે એટલી કઠોર ના હોવી જોઈએ. ખરી વાત તો એ કે, આપણી અપેક્ષા કરતાં સામેના પાત્રની લાગણીને સમજવાની તૈયારી જ મહત્ત્વની છે.

❖❖❖

## સાભાર સ્વીકાર

વઢવાણ નિવાસી,હાલ બોરીવલી, સ્વ. અ.સૌ. દક્ષાબેન ભરતકુમાર ધોળકિયાની પાંચમી વાર્ષિક પુણ્યતિથી નિમિતે શ્રી.ભરત ધોળકિયા પરિવાર તરફથી હસ્તેઃ હાર્દિક ધોળકિયા
શ્રી મેડીકલ પ્રિમિયમ યોજના ફંડ રૂા. ૨૫૦૦૦/-

શ્રીમતી વિજયાબેન પી.બી. સંઘવી -ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે ચેતનભાઈ સંઘવી (હાલ - બોરીવલી) શ્રી રાહત ફંડ રૂા. ૭૫૦૦/-
શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ રૂા.૭૫૦૦/-
**કુલ રૂા. ૧૫૦૦૦/-**

માતુશ્રી શારદાબેન અમૃતલાલ ગોપાણી ની પચ્ચીસમી પુણ્યતિથિ નિમિત્તે સ્વધર્મી સહાય ફંડ રૂા. ૨૫૦૦/-
પિતાશ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ ગોપાણી ની દસમી પુણ્યતિથિ નિમિત્તે પાણી પરબ ફંડ રૂા. ૧,૦૦૦/-
ઘેલીબેન લક્ષ્મીચંદ ગોપાણી તથા લક્ષ્મીચંદ ચતુરદાસ ગોપાણીની સ્મૃતિમાં તબીબી ફંડ રૂા. ૫૦૦/-
**કુલ રૂા. ૪૦૦૦/-**


**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–માસિક પત્રિકા**

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુસ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'માસિક પત્રિકા' માલિકી અને તે અંગેની માહિતી.**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક |
| ૩-૪. મુદ્રક–પ્રકાશક | : શ્રી પ્રવીણચંદ્ર જી. શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨. |
| ૫. તંત્રી | : શ્રીમતી સંધ્યા શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુ | : ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨. |
| મુદ્રક | : રાજેશ પ્રિન્ટરી ૧૧૫, પ્રગતિ ઈન્ડ. એસ્ટેટ, ૩૧૬ એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ), મુંબઈ-૧૧. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨. |

હું પ્રવીણચંદ્ર જી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૦-૩-૨૦૨૪ પ્રવીણચંદ્ર જી. શાહ –પ્રકાશક


# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

**શ્રી નંદલાલ તારાચંદ વોરા – ઉપાશ્રય**
**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ – જૈન ભુવન**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન**

## નાલાસોપારા

## નવી કમિટીની નિમણુંક

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઉપરોક્ત ઉપાશ્રય - જૈન ભુવન અને અતિથી ભુવનના સંચાલન માટે સંસ્થાની મિટીંગમા નવી કમિટીની નિમણુંક કરવામાં આવેલ છે, જેની દરેક સભ્યોએ નોંધ લેવા વિનંતિ, સંસ્થા દ્વારા ચાલતી સ્વધર્મી સહાય - શૈક્ષણિક સહાય, મેડિકલ સહાય તથા અન્ય સામાજીક પ્રવૃત્તિ માટે ત્યાના સ્થાનિક સભ્યોએ નીચે જણાવેલ કમિટીનો સંપર્ક કરવો.

આ ઉપરાંત સંસ્થા સંચાલિત ઉપાશ્રય તથા વિવિધ વિભાગો માટે જૈન સમાજના દરેક સંપ્રદાયો, જૈન સંઘો અને તેમના સંઘપતિઓને વિનંતિ કે આપણા પુજ્ય સંતો, મહાસતીજીઓના ચાતુર્માસ, આયંબીલ ઓળી કે અન્ય સ્થળે વિહાર કરતાં સાધુ સંતો માટે ખુબજ અનુકુળ અને શાતા ઉપજાવે તેવા ભવ્ય ઉપાશ્રયની બાજુમાં ૨૦૦ જૈન કુટુંબના આવાસ છે. માટે દરેક સંઘના સંઘપતિ અને દરેક જૈન સંપ્રદાયને વિનંતિ કે આપશ્રી ઉપાશ્રયના કોઈપણ કામકાજ માટે નીચે જણાવેલ કમિટીનો સંપર્ક કરવા વિનંતિ.

માનદ્ મંત્રીશ્રી
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

**નાલાસોપારા નવી કારોબારી સમિતિના સભ્યો**

| | | |
|---|---|---|
| શ્રીમતી મનિષાબેન એમ. શાહ | - ટ્રસ્ટી-મંત્રીશ્રી | - ૯૮૨૦૨૯૬૯૬૫ |
| શ્રી અતુલભાઈ એ. શાહ | - મંત્રીશ્રી | - ૯૮૨૦૧૪૮૬૭૩ |
| શ્રી અનિલભાઈ એચ. સંઘવી | - મંત્રીશ્રી | - ૯૮૨૧૦૯૬૩૨૮ |
| શ્રી મુકેશભાઈ આર. શાહ | - સહ-મંત્રીશ્રી | - ૯૮૧૯૧૮૩૩૨૫ |
| શ્રી નિરવભાઈ પી. દોશી | - સહ-મંત્રીશ્રી | - ૯૮૨૦૮૨૩૪૦૦ |
| શ્રીમતી દિપ્તીબેન શૈલેષભાઈ શાહ | - કન્વીનર | - ૯૩૨૩૬૩૧૦૪૭ |
| શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી | - સહ-કન્વીનર | - ૯૮૨૦૦૭૬૪૬૦ |
| શ્રી મહેશભાઈ બચુભાઈ દોશી | - કમિટી મેમ્બર | - ૯૩૨૨૬૭૧૦૮૭ |
| શ્રી વિજયભાઈ પૂનમચંદ અજમેરા | - કમિટી મેમ્બર | - ૯૮૨૧૧૬૪૩૫૦ |
| શ્રી જયેશભાઈ બચુભાઈ જોબાલીયા | - કમિટી મેમ્બર | - ૯૮૨૦૦૮૧૭૦૯ |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૧-૨૦૨૪ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ પરિવાર** | **રૂા. ૧૦,૦૦,૦૦૦/-** |

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **વિરાજ — સાનિયા**<br>શ્રી વિક્રમભાઈ જશવંતલાલ શાહના સુપુત્ર ટુવા (સુરેન્દ્રનગર) નિવાસી (હાલ - લોઅરપરેલ)<br>શ્રી કેતનભાઈ ચંદ્રકાંતભાઈ શાહની સુપુત્રી આટકોટ નિવાસી (હાલ - સાંતાક્રુઝ) | ૫૦૦૦ | ૫૦૦૦ |
| **રૂષિલ — મનાલી**<br>શ્રી હિતેન્દ્રભાઈ મનસુખલાલ શાહના સુપુત્ર ગુજરવદી નિવાસી (હાલ -મલાડ)<br>શ્રી હિમાંશુભાઈ શશીકાંતભાઈ સંઘવીની સુપુત્રી જુનાગઢ નિવાસી (હાલ - મલાડ) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **મીત — કૃપાલી**<br>શ્રી જયેશભાઈ વાડીલાલ સંઘવીના સુપુત્ર જોરાવરનગર નિવાસી (હાલ - ચર્નીરોડ)<br>શ્રી સુનીલભાઈ પોપટલાલ શાહની સુપુત્રી વરસોડા નિવાસી (હાલ - ભાઈંદર) | ૫૦૧ | ૫૦૧ |
| **ભુવનેશ — ક્રીના**<br>શ્રી ભાવેશભાઈ નવીનચંદ્ર ઝવેરીના સુપુત્ર જામનગર નિવાસી (હાલ - ઘાટકોપર)<br>શ્રી ભાવેશભાઈ પ્રવીણચંદ્ર શાહની સુપુત્રી દેદાદરા નિવાસી (સુરેન્દ્રનગર નિવાસી) (હાલ - કાંદિવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **નીલ — ખુશ્બુ**<br>શ્રી પંકજભાઈ વાડીલાલ શાહ ના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - મલાડ)<br>શ્રી મોહનભાઈ લાડુરામ મેડતીયાની સુપુત્રી સુમેરપુર નિવાસી (હાલ - મલાડ) | ૫૦૧ | ૫૦૧ |
| **ઋષભકુમાર — રીતુ**<br>શ્રી હિતેશભાઈ વસંતભાઈ બારભાયાના સુપુત્ર પીપરડી નિવાસી (હાલ - ઘાટકોપર)<br>શ્રી દિનેશભાઈ પારસકુમાર મહેતાની સુપુત્રી પ્રતાપગઢ નિવાસી (હાલ - પુણે) | ૫૦૧ | ૫૦૧ |
| **ધૈર્ય — જીલ**<br>શ્રી ભાવેનકુમાર અમૃતલાલ સંઘવીના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી જીનેશભાઈ પ્રાણલાલ ઝવેરીની સુપુત્રી જામનગર નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૦ | ૫૦૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **યશ-શ્રદ્ધા**<br>શ્રી રોહિતભાઈ અંબાલાલ ખંધાર (શાહ)ના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ -બોરીવલી)<br>શ્રી ડૉ ઘનશ્યામભાઈ અમીચંદભાઈ માલવીયાની સુપુત્રી અમરાવતી નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **મિતિન-આયુષી**<br>શ્રી સમીરભાઈ બાબુલાલ શાહના સુપુત્ર પાલનપુર નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી અમિતભાઈ વિનયચંદ્ર વોરાની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **દીપ-દેવાંશી**<br>શ્રી નીમેષભાઈ રજનીકાંતભાઈ શાહના સુપુત્ર સુરત નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી રોહિતભાઈ કાંતિલાલ વોરાની સુપુત્રી ચુડા નિવાસી (હાલ -બોરિવલી) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **યશ-માનસી**<br>શ્રી રીકેનભાઈ મનસુખલાલ વોરાના સુપુત્ર ગૌતમગઢ નિવાસી (હાલ -મુલુન્ડ)<br>શ્રી નરેન્દ્રભાઈ સૌભાગ્યચંદભાઈ દોશીની સુપુત્રી મહુઆ નિવાસી (હાલ - મુલુન્ડ) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **રાજ-અનેરી**<br>શ્રી ભરતભાઈ શશીકાંતભાઈ ગાંધીના સુપુત્ર બાલાસિનોર નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી આશીતભાઈ હરેશકુમાર સંઘવીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સ્મીત-માનસી**<br>શ્રીમતી નેહાબેન ભાવિકભાઈ ચંદ્રકાંત શાહના સુપુત્ર સાયલા નિવાસી (હાલ -અંધેરી)<br>શ્રીમતી વર્ષાબેન શૈલેષભાઈ હિંમતલાલ શાહની સુપુત્રી મોકાડકા નિવાસી (હાલ - કિંગસર્કલ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સિદ્ધાર્થ-રીયા**<br>શ્રીમતી લીનાબેન રાજીવભાઈ દિનેશભાઈ શાહના સુપુત્ર મુળી નિવાસી (હાલ-ઘાટકોપર)<br>શ્રીમતી નીતાબેન પરેશભાઈ સેવંતીભાઈ શેઠની સુપુત્રી લખતર નિવાસી (હાલ-ચીંચપોકલી) | ૧૦૦૦ | ૧૦૦૦ |

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

## 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

**શ્રી બિપીનભાઈ વૃજલાલ શેઠ લીંબડી નિવાસી (હાલ - અંધેરી)**

**તા. ૧૧-૨-૨૦૨૪ના અરિહંતશરણ પામ્યા તેમના પુણ્યાર્થે દરેકના રૂા. ૧૧૦૦૦/-**



- ડૉ. વિનોદભાઈ વ્રજલાલ શેઠ
- નલીનીબેન બિપીનભાઈ શેઠ
- સમીર બીપીનભાઈ શેઠ
- નિયતી સમીરભાઈ શેઠ
- માનસ સમીરભાઈ શેઠ
- સૌમ્યા સમીરભાઈ શેઠ
- જીનાંશ સમીરભાઈ શેઠ
- જુલી સમીરભાઈ બોરડીયા
- ડૉ. સમીર હેમંતભાઈ બોરડીયા
- ડૉ. કૃપા સમીરભાઈ બોરડીયા
- ક્રિશા સમીરભાઈ બોરડીયા



**શ્રી બિપીનભાઈ વૃજલાલ શેઠ પરિવાર દ્વારા તેમની સ્મરણાંજલિ નિમિત્તે આધારસ્તંભ યોજનામાં માતબર અનુદાન મળેલ છે. ઝાલાવાડી સભા તેમનો આભાર માને છે. બીજા સભ્યોએ પણ આનું આનુકરણ કરવા નિવેદન.**

# જીતી બાજી ગયો હારી

□ સદ્. શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

એક જૂના સમયની વાત છે. એ વખતે રાજા મહારાજાઓ સદ્ગુણો પ્રમાણે કવિઓ, કલાકારો, ગાયકો વગેરેની કદર કરતા. કોઈક રજવાડાની કચેરીમા આવી એક કવિ મહારાજ સમક્ષ રાજ ગુણગાનની એક સરસ કવિતા બોલ્યા. જે સાંભળીને રાજા તો ખુશ ખુશ થઈ ગયા. પ્રભાવિત થઈ તેણે પોતાના પ્રધાનને બોલાવીને કહ્યું. અગિયાર વાગ્યાથી બાર વાગ્યા સુધી એક કલાક માટે આપણો રાજ ખજાનો ખોલી નાખો.

આ કવિરાજને ખજાનામાંથી એક કલાક સુધીમાં જેટલું ઊંચકી શકે એટલું ધન લઈ જવાની છૂટ આપવામાં આવે છે. પ્રધાને કવિને કહ્યું, ચાલો મારી સાથે જેટલું ઊંચકી શકો તેટલું ધન લઈ લ્યો.

કવિને થયું કે ઘરે કંઈક પાત્ર લેવા માટે જાઉં તો સમય બગડશે. માટે રસ્તામાંથી જ કાંઈક લેતો જાઉં. પ્રધાન તથા કવિ બજારમાંથી થઈને નીકળ્યા. એક વેપારીની દુકાનેથી કવિએ અનાજ ભરવાનું બારદાન લઈ લીધું. બરાબર અગિયારના ડંકા પડ્યા ત્યાં પ્રધાને ખજાનો ખોલી નાખ્યો.

ખજાનામાં હીરા, માણેક, ઝવેરાત અને સોનાની લગડીઓ, ચાંદીના સિક્કા અને કેટલીય વસ્તુઓ હતી. પ્રધાને કહ્યું, લેવાનું શરૂ કરો અને બાર વાગ્યા સુધીમાં જેટલું ઊંચકાય તેટલું ઊંચકી લો.

કવિરાજને થયું બારદાનમાં સોનાની લગડીઓ જ ભરું. લગડીઓ ભરવામાં પા કલાક ગઈ. પચી ઊંચકવા ગયો તો ઊંચકી ન શક્યો. તો પણ લોભ એવો લાગ્યો કે અંદરથી થોડીક ખાલી કરતાં જીવ ન ચાલ્યો. ફરી વિચાર કર્યો. લગડીઓ કાઢી નાખું અને હીરા લઈ લઉં. ઓછા હશે તોય ઘણી કિંમત આવશે, પણ હીરા ભરવામાં વૃતિ તો લોભની જ રહી. આખું બારદાન ભર્યું પણ ઊંચકવા ગયો તો ઊંચકાયું નહિ. સાડા અગિયારનો સમય થઈ ગયો. ખાલી કરતાં જીવ ન ચાલ્યો. વળી એમ થયું કે હિરા ને બદલે ચાંદીના સિક્કા લઈ લઉં. એ વજનમાં હળવા હોવાથી ઝટ ઉપાડી શકાશે. બારદાનમાંથી હીરા કાઢી ચાંદીના સિક્કા ભર્યા. સિક્કા ભરીને જ્યાં ઊંચકવા જાય ત્યાં તો પોણા બાર વાગી ગયા. ગભરામણમાં એ પણ ઊંચકી શકાયા નહિ.

વળી પાછો વિચાર કર્યો કે લેવાનું મળ્યું જ છે તો ચાંદી શા માટે લેવી ? સોનું જ લઈ લઉં. ચાંદીના સિક્કા કોથળામાંથી કાઢીને પાછી સોનાની લગડીઓ ભરી બરાબર બારમાં પાંચ મિનિટ બાકી રહી.

ઉતાવળમાં જ્યાં ઊંચકવા જાય છે ત્યાં તો વળી પાછું ઊંચકી ન શકાયું. એટલે વળી મનમાં થયું મારે લેવાનું જ છે તો પછી હવે તો હીરા જ લઈ લઉં. નહિ તો કોઈક મૂરખ ગણશે. એટલે ઝટપટ બારદામાંથી સોનાની લગડીઓ કાઢી નાખીને હાંફળા હાંફળાં થઈ ગભરાટમાં હીરાની પેટીઓ પાસે હીરા ભરવા જાય છે ત્યાં તો ઘડિયાળમાં બારના ડંકા વાગી ગયા. તુરત જ પ્રધાને હાકલ મારી.

કવિરાજ, આપેલ કલાકની મુદતનો સમય પૂરો થઈ ગયો. તમે લોભમાં ને લોભમાં કાંઈ લઈ શક્યા નહિ. નસીબમાં હોય તો લેવાય ને ? હવે ખાલી હાથે રવાના થઈ જાવ. કવિરાજ તો સાંભળી હેબતાઈ ગયા. બટકબોલા ખજાનચીએ ટોણો મારતાં કહ્યું કે કવિરાજ તમે આ લઉં કે તે લઉં તેના લોભમાં કાંઈ લઈ તો ન શક્યા ઉલટાનું જુદી-જુદી વસ્તુઓ ભરવામાં ને ઠલવવામાં ગાંઠનું તમારું બારદાન તોડી નાખ્યું. મણ એકનો નિસાસો નાખીને કવિરાજે કહ્યું, ભાઈ! થયું એમ જ. લોભ અને વિમાસણમાં જ હું રહી ગયો.

આ વાંચીને પંડિત કવિની મૂર્ખાઈ પર આપણને હસવું આવે, પણ વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવે કે આપણાથી ક્યાંક આવું તો નથી થઈ જતું ને ?

પ્રભુએ કૃપા કરીને માનવ જન્મની એક અમૂલ્ય તક આપી. એટલું જ નહિ, પણ દેહરૂપી ડગલો (બારદાન) પણ આપ્યો. સંતો ને શાસ્ત્રો દ્વારા ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થ તથા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય તથા તપ, ત્યાગ, જપ, વ્રત, આદિક શાશ્વત સુખ માટેનો ખજાનો ખુલ્લો કર્યો, પણ દુઃખની વાત તો એ છે કે આ જીવાત્મા વિષય ભોગનો લાલચુ હોવાથી અર્થ અને કામ એ બેય ભરવા ને ઠાલવવામાં એટલે કે અર્થ પ્રાપ્તિ અને વિવિધ વિષય ભોગમાં જ આ દેહરૂપી બારદાનને ફાડી નાખે છે. અંતે ખાલી હાથે ગાંઠ્યનું (પૂર્વજન્મનું) ગુમાવીને જાય છે. એનો વિચાર સરખો કરવાની આજે ક્યાં કોઈને ફુરસદ છે ? આથી જ આ જીવને ટકોર કરતાં સદ્ગુરુ દેવાનંદ સ્વામી કહે છે કે 'જીતી બાજી ગયો હારી રે, મનુષ્ય તન પામી' મનુષ્યદેહ ધરીને કોઈ વિરલ આત્મા જ પ્રભુની નજીક થઈ શકે છે.

બાકી મોટાભાગના મનુષ્યો પોતાના દેહરૂપી બારદાનને વિષયભોગમાં અહંમમત્ત્વ અને પારકી પંચાતમાં અને સ્વભાવોને વશ થઈને મન ઈન્દ્રિયોના ગુલામ થઈને વીખી-ચૂંથીને, તોડી-ફાડીને આ લોકમાંથી પૂરી ખોટ પ્રાપ્ત કરીને ધૂળ ફાકતા, મનુષ્ય દેહ હારીને ચાલ્યા જાય છે. પ્રભુ આપણને ભયંકર નુકસાનથી બચાવે એ જ અભ્યર્થના.

❖❖❖

# દુ:ખનું ઓસડ દહાડા

શરદ મણિયાર

લગભગ ૪૫ વર્ષના ખૂબ જ સુખી દાંપત્ય જીવનનો આમ અણધાર્યો અંત આવશે એવું મનુભાઈએ કદી સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું એનો કલ્પાંત આજે પત્ની લક્ષ્મીના કાયમી વિદાયના બારમાં દિવસે પણ એમને એટલો જ વસમો લાગી રહ્યો હતો. ''દો હંસો કા જોડા બિછડ ગયો રે, ગજબ ભયો રામા જુલમ ભયો રે''. એક દિવસ રેડિયો ઉપર પર આ ગીત સાંભળતા હતાં ત્યારે તેઓએ લક્ષ્મીને પૂછ્યું હતું કે, ''હે લચ્છુ, જો સાચે જ આવું બની જશે તો તું શું મારા વગર જીવી શકીશ ?''.

ત્યારે લક્ષ્મીએ પણ ઠાવકાઈથી અને નિર્દોષ ભાવે મનુભાઈ ને પૂછ્યું હતું, ''મન, તમે એવું ધારી જ કેમ લ્યો છો કે તમે જ મારા કરતા પહેલા જતા રહેશો ?'' કારણ કે હું આવ્યો છું તારા કરતાં પ્હેલાં તો મારે જવું પણ પડશે ને તારા કરતા પ્હેલાં ?''. મનુભાઈ ની દરિયાઈદિલી ને લક્ષ્મીજ પહોંચતી, ''માસ્તર સાહેબ, એવું જરાય જરૂરી નથી હો, કોના આયુષ્યની ફિક્સડ ડિપોઝીટ માં ઉપરવાળાએ કેટલા શ્વાસનું બેલેન્સ મૂક્યું છે એ તો ખુદ ખાતેદારને પણ ખબર નથી હોતી, તો એવું પણ બને કે હું જ તમારાથી પહેલા જતી રહું અને તમે જોતા જ રહી જાવ મારી જિંદગી ની ખાલી પાસબુકને''. ''ના લચ્છુ ના, તો તો હું ઉપરવાળા સામે બંડ પોકારીશ, અનશન પર ઉતરી જઈશ પણ તારા વગર તો એકે'ય પળ નહીં જીવી શકીશ''. ''મારે આ બાબતમાં તમારી સાથે કોઈ ચર્ચા નથી કરવી, છાનામાના સુઈ જાવને હવે ?'' લક્ષ્મી નો આ મીઠો ઠપકો હવે એક દીવા સ્વપ્ન બની ગયું હતું. એના મધુર અવાજના શબ્દો ના ભણકારા અને એની ઉપસ્થિત નો અહેસાસ મનુભાઈને એમનાં એક એક શ્વાસ માં વર્તાઈ રહ્યો હતો. જીવન દુષ્કર બન્યું હતું. એમની વિવશતા અને લાચારી ની લાગણીઓ લક્ષ્મીની એક ઝલક જોઈ લેવાની માંગણીઓ લઈને જીદે ભરાઈ હતી. પણ ત્યાં જ મમતા વહુના મધુર અવાજે મનુભાઈ



ને સજાગ કર્યા, ''પપ્પા, ચાલો થોડુંક ખાઈ લ્યો''. લથડતા પગે મનુભાઈ ડાઈનિંગ ટેબલ ઉપર પ્હોંચી તો ગયા પણ લક્ષ્મીના હાથનો સ્વાદ માણી ચૂકેલાને વહુના હાથે બનાવેલી રસોઈ કેમેય કરીને ગળે ઉતારી શકાતી નહોતી.

ક્યારેક તેઓ લક્ષ્મીને કહેતા પણ ખરા કે, ''લચ્છો, હું તો ફક્ત તારા હાથનું ખાવા માટે જ જીવી રહ્યો છું. પણ આજે એના વગર જીવવા માટે થોડું ખાવું જરૂરી હતું. કારણ કે હવે પુત્ર સુકેતુ, મમતા વહુ અને લાડકો પૌત્ર જીયાન્શ જ એમના જીવવાની જીજીવિષા હતા.

બીજી દિવસે વહેલી સવારે મનુભાઈ ની આંખ ખુલ્લી ત્યારે ઉદાસ મને વિચાર આવ્યો કે પોતે ઘણા દિવસથી નિયમિત રીતે બાજુમાં આવેલા ગાર્ડનમાં વોકિંગ કરવા અને પોતાના અંગત મિત્રો સાથે સત્સંગ કરવા નથી ગયા તો આજે હવે જઈ આવવું જોઈએ. અને પોતાના વિચારોને અમલમાં મૂકીને તેવો પહોંચી ગયા ત્યાં જ્યાં એમના મિત્રોએ એમનું ઉમળકા ભર્યું સ્વાગત કર્યું. બધાએ એમને ભેટીને ફરી એકવાર સાંત્વના આપી તો મનુભાઈ એ ગળગળા થઈ હાથ જોડીને સૌનો આભાર વ્યક્ત કર્યો. ત્યાં જ એમના એક વિશેષ મિત્ર જશવંતભાઈ પણ આવી ચડ્યા અને બોલ્યા, ''મનુ, આજે તને ક્યાંક લઈ જાવો છે, તો શું તું આવીશ મારી સાથે ?''. ''ક્યાં જવું છે ?''. મનુભાઈએ સાહજીકતાથી પૂછ્યું તો જશવંતભાઈએ કાંઈ કહેવાનો ઈનકાર કર્યો અને ફક્ત એટલું જ બોલ્યા, ''તું એકવાર ચાલ મારી સાથે ત્યાં અને પછી જો ભાભીની જુદાઈ ના ગમ માંથી તું થોડોક હળવો થઈ શકીશ''.

બરાબર દસ વાગે જશવંતભાઈ મનુભાઈ ના ઘરે એમની ગાડી લઈને આવી ગયા અને રવાના થયા એક એવા રસ્તે જેની મંઝિલ કદાચ મનુભાઈ ને જીવવાની નવી દિશા બતાવવાની હતી. લગભગ એક કલાકના સફર બાદ એમની કાર જ્યાં પાર્ક થઈ એ જગ્યા જોઈને મનુભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા. એ જગ્યાના મુખ્ય પ્રવેશ દ્વાર પર બોર્ડ હતું ''અમારું ઘર''. આ હતું એક વૃદ્ધાશ્રમ જેમાં પ્રવેશતા જ મનુભાઈ અસમંજસની સ્થિતિમાં મુકાઈ ગયા અને આંખના ઈશારે જશવંતભાઈ ને

પૂછ્યું કે અહીંયા આપણે શા માટે આવ્યા છીએ. તો જશવંતભાઈ એ હાથ ના ઈશારે એમને ફક્ત ચૂપચાપ એમની પાછળ આવવા જણાવ્યું. વૃદ્ધાશ્રમમાં પ્રવેશ બાદ અહીંના મુખ્ય સંચાલકોએ એમનું અભિવાદન કર્યું. ઓપચારિક વાતો કરી, હળવો ચા નાસ્તો પણ કર્યો ને બાદ જશવંતભાઈ અને મનુભાઈ આખા વૃદ્ધાશ્રમની લટાર મારવા નીકળી પડ્યા. એક પછી એક પોત પોતાની રૂમમાં વિશ્રામ ફરમાવી રહેલા દંપતિઓ તથા એકલ-દોકલ નિવાસીઓ સાથે વાર્તાલાપ અને પોતાના વિચારોનું અદાન-પ્રદાન કરવા લાગ્યા અને ખૂબ જ વિનય પૂર્વક જાણવાની કોશિશ કરી કે એવો શા માટે પોતાના પરિવાર છોડીને અહીંયા રહેવા આવ્યા છે. તો ખૂબ જ આશ્ચર્યજનક આઘાત સાથે જાણવા મળ્યું કે ઘણા લાચાર દંપતિઓ પોતાનો જીવન નિર્વાહ કરવા માટે પૈસા પણ બચાવી શક્યા ન હતા અને એમના સંતાનો એમને સહાય આપવા અસમર્થ અથવા નીરસ હતા. કોઈના સંતાનોના ઘરમાં જગ્યા ન હતી તો કોઈના સંતાનોના દિલમાં જગ્યા ન હતી એમને રાખવાની,. તો કોઈ પોતાના કુપુતો નો એમનું ઘર હડપી લેવાની દાનતમાં ક્રૂર અત્યાચાર નો ભોગ બનીને આ વૃદ્ધાશ્રમના શરણે આવ્યા હતા. આ રીતે આખો દિવસ આ બધા લોકોની પારિવારિક આપવીતી સાંભળવા આખો દિવસ ક્યાંય પસાર થઈ ગયો એનું મનુભાઈને ભાન જ ન રહ્યું. એ દરમિયાન વૃદ્ધાશ્રમના સંચાલકો સાથે પણ તેમની કાર્યશૈલી તથા સમગ્ર કારોભાર ની પદ્ધતિ વિશે પણ ઘણી ચર્ચા વિચારણા કરતા જણાવ્યું કે એમને આ વૃદ્ધાશ્રમ ચલાવવા માટે ઘણી આર્થિક સહાયની અને અનુભવી લોકોની મદદની જરૂર છે.

એ સાંજે ઘરે આવ્યા બાદ પોતાના પરિવાર સાથે જમી પરવારીને વિશ્રામ કરી રહ્યા હતા ત્યારે એમને ખૂબ જ ગંભીર મુદ્રામાં વિચાર મગ્ન થયેલા જોઈને એમના પુત્ર સુકેતુએ પૂછ્યું, ''પપ્પા કેમ રહ્યો આજનો તમારો આખો દિવસ ? જશુ અંકલ તમને ક્યાં ફરવા લઈ ગયા હતા ?''. મનુભાઈએ ગંભીર સ્વરે જવાબ આપ્યો, ''બેટા હું અને જશુભાઈ એક વૃદ્ધાશ્રમ ની મુલાકાતે ગયા હતા અને ત્યાં આખો દિવસ દરમિયાન અમે જે જોયું અને જાણ્યું એ પછી મેં એક નક્કર નિર્ણય લીધો છે જે હું તમને જણાવવા માંગુ છું''. ''હા કહો ને પપ્પા''. સુકેતુએ ખૂબ જ વિનમ્રતાથી જવાબ આપ્યો.

''બેટા આજે તારી મમ્મીના ગયા ના ૧૩ દિવસ પછી પહેલીવાર હું એના વિયોગના આઘાત માંથી બહાર આવી શક્યો છું. આજે પહેલી વાર એ આશ્રમની મુલાકાત દરમિયાન સમગ્ર દિવસ મને એક પણ ક્ષણ માટે તારી મમ્મી ની યાદ નથી આવી. હું એટલો એ લોકોની વાતોમાં, એ લોકોની વ્યથા ભરી કથા સાંભળવામાં ઓતપ્રોત થઈ ગયો હતો કે સમય ક્યાં પસાર થઈ ગયો એનો ખ્યાલ જ ન રહ્યો. ત્યાંના સંચાલકો સાથે પણ ચર્ચા વિચારણા દરમિયાન એ જાણવા મળ્યું કે જો એ વૃદ્ધાશ્રમને થોડીક આર્થિક સહાય મળે અને થોડાક પીઢ અને અનુભવી લોકોનો સાથ મળે તો એ વૃદ્ધાશ્રમને વધુ સારી રીતે ચલાવી શકાય અને ત્યાં રહેવા આવી પડેલા મજબૂર અને લાચાર લોકોને વધુ સારી સુવિધા પૂરી પાડી શકાય. એટલે મેં અને જશુભાઈએ એમની સંસ્થામાં જોડાવાનું નક્કી કર્યું છે અને એમને આર્થિક સહાય મળે એ માટે અમે અમારા બધા ઓળખીતા લોકોને રૂબરૂ મળીને એક સારી એવી રકમ ભેગી કરવા માંગીએ છીએ. ''મનુભાઈ ની આ વાત સાંભળીને સુકેતુ અને મમતા વહુ એકદમ અચંબીત થઈ ગયા. પણ સુકેતુએ પોતાની લાગણી પર કાબુ મેળવ્યો અને બોલ્યો, ''પપ્પા અમે તમારા આ નિર્ણયનું સમર્થન કરીએ છીએ અને તમારા વિચારોને સન્માન આપીએ છીએ. જે પ્રવૃત્તિ તમને તમારી નિવૃત્તિમાં પણ પ્રસન્ન રાખે અને મમ્મીના વિયોગની પીડા ને સહેવા ની શક્તિ આપે એ તમે જરૂર કરો. એ વૃદ્ધાશ્રમના કાર્યકર બનીને એમને સહાયરૂપ થાવ એ વાત ખૂબ જ પ્રશંસનીય છે પણ તેમના માટે આર્થિક સહાય ભેગી કરવા તમે ઘરે ઘરે જઈને ફરો એ અમને મંજૂર નથી. ''પણ બેટા એ વૃદ્ધાશ્રમને ખૂબ જ સરસ રીતે ચલાવવા માટે પૈસા ભેગા કરવા માટે આટલો શ્રમ તો લેવો જ પડશે અમારે.'' મનુભાઈ બોલ્યા. ''તો પપ્પા એક કામ કરો,'' સુકેતુએ હવે એક નજર મમતા પર નાખી અને પછી પપ્પાને સંબોધીને બોલ્યો, ''તમારા અને મમ્મીના જોઈન્ટ અકાઉન્ટમાં ? ૫૦ લાખની જે એફ.ડી. પડી છે એ તોડાવીને વૃદ્ધાશ્રમ ને દાનમાં આપી દો''. આ સાંભળીને મનુભાઈ એકદમ સ્તબ્ધ થઈ ગયા, બંને આંખો આશ્ચર્ય સહ પહોળી થઈ ગઈ અને નિ:શબ્દ બની સુકેતુ અને મમતા તરફ જોવા લાગ્યા. પછી તરત પોતાની ભાવુકતા ઉપર કાબુ મેળવી અને બોલ્યા, ''અરે આ તું શું બોલે છે બેટા ? આ પૈસા તો મેં આપણા જીયાન્શ ના ભવિષ્ય માટે સુરક્ષિત રાખ્યા છે. એને પાયલોટ બનવું છે તો આ પૈસા એની પાયલોટની શિક્ષા માટે અમે બચાવી રાખ્યા છે.'' પણ પછી સુકેતુએ જે જવાબ આપ્યો એ સાંભળીને મનુભાઈ તદ્દન અવાચક થઈ ગયા. ''પપ્પા તમે અને મમ્મીએ મને ભણાવી ગણાવીને એટલો તો લાયક બનાવ્યો છે કે હું મારી પત્ની અને

મારા દીકરાની જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી શકું. તમે અમારા માટે શું શું કર્યું છે એની બધી ગણતરી છે અમને. તો બસ હવે મારા માટે નું તમારું આ કર્તવ્ય, તમારા બલિદાનો મારા પૂરતા જ સીમિત રાખો. હું મારા પોતાના દમ પર મારા દીકરા જીયાન્શ ને પાયલોટ બનાવવાની કોશિશ કરીશ જ, એના માટે હવે તમારી પસીના ની કમાઈની બચત હું નહીં સ્વીકારું. માટે હવે તમે જે કાર્ય કરવાનો નિર્ધાર કર્યો છે અને જેમાં તમને ખુશી પ્રાપ્ત થતી હોય અને મમ્મીના આમ અચાનક જતા રહેવાનું દુઃખ સહન કરવાની શક્તિ મળતી હોય તો એ શુભ કાર્ય માટે હવે વિના વિલંબે આગળ વધો, અમે તમારી સાથે જ છીએ. ''મનુભાઈ ના આંખો માંથી અશ્રુઓ ધોધ બનીને ઊતરી આવ્યા અને ભીંત પર ટાંગેલા લક્ષ્મીના ફોટા સમક્ષ જોઈને સ્વગત એટલું જ બોલ્યા, ''સતયુગના શ્રવણ સમા તારા આ સુપુત્ર ની આટલી વાત સાંભળવા પૂરતું તો તારે રોકાઈ જવું હતું.''

રૂપિયા ૫૦ લાખ જેવી માતબર રકમ પામીને ''અમારું ઘર'' ના સંચાલકો ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા. વૃદ્ધાશ્રમમાં ઘરમૂળથી ફેરફારો કરાયા. આરોગ્ય અને અન્ય પ્રવૃત્તિઓ માટે ના નવા વોર્ડ ખોલ્યા.

મનુભાઈ માટે હવે આ વૃદ્ધાશ્રમમાં હાજરી આપવી એ એમનો નિત્યક્રમ બની ગયો. ક્યારેક તેઓ થોડાક દિવસ ત્યાં રોકાઈ પણ જતા અને ત્યાંના નિવાસીઓની સેવામાં ખુબ મશગુલ થઈ ગયા. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ મનુભાઈ લક્ષ્મીના વિયોગનો આઘાત ભૂલતા ગયા અને એ કહેવત સાચી પડી કે ''દુઃખનું ઓસડ દહાડા.''

❖❖❖

# વૃદ્ધ માનવ પુકાર



**- ચંદ્ર પુકાર**

એક વૃદ્ધ માનવી પૂકારી રહ્યો....
શાળામાં ભણતો હતો, ત્યારે કૉલેજ જવાની ચિંતાઓ
કૉલેજમાં ભણતો હતો, ત્યારે નોકરીની ચિંતાઓ હતી,
સારી નોકરી મળી, ત્યારે પરણવાની ચિંતા હતી,
પરણી ગયો, ત્યારે સંતાનોની ચિંતાઓ હતી,
સંતાનો થયા, ત્યારે સંતાનો મોટા ક્યારે થશે એની ચિંતાઓ હતી,
સંતાનો મોટા થયા, ત્યારે એમને પરણાવવાની ચિંતાઓ હતી,
સંતાનો પરણાવ્યા, ત્યારે પૌત્ર-પૌત્રીઓની ચિંતાઓ હતી,
પૌત્ર-પૌત્રીઓને રમાડતા, નોકરીમાંથી ક્યારે નિવૃત્તિ થશે એની ચિંતાઓ હતી.
અને ત્યાં અચાનક, માનવી જાગ્યો અને વિચારતો રહ્યો...
અરે, આવી ચિંતાઓમાં હું તો માનવી તરીકે જીવન જીવવાનું જ ભૂલી ગયો.
અરે, પૈસા ભેગા કર્યા પણ અન્યને સહાય કરવાનો જરા વિચાર ના કર્યો.
અરે, જીવન એવું જીવ્યો કે તંદુરસ્તી મારી જ ગુમાવી બેઠો,
અરે, ભક્તિપંથથી દુર રહી, પ્રભુ-સ્મરણ પણ ભુલી ગયો,
અરે, આ તે કેવી જિંદગી હું જીવ્યો ?
અરે, ''મૃત્યુ કદી ના આવશે'' એવા પાગલપણામાં જાણે જીવ્યો !
ત્યારે ચંદ્ર અંતે કહે એને...
અરે, મુરખ માનવી, અમુલ્ય છે આ જીવનની એક એક ઘડી,
કર્તવ્ય-પાલન કરતા, શુભ કાર્યોમાં હોય તારી હર ઘડી,
જે સમયે જે મળ્યું તે માટે પ્રભુ-ઉપકાર માનવાની છે ઘડી,
સંતોષી જીવને, ભક્તિરસથી પ્યાસ તારી બુજાવી લેવી હર ઘડી,
બસ, આટલું ધ્યાનમાં લઈ, હવે હંકાર આ જીવન નૈયા તારી,
''કરશે ભવસાગર પર તું'' એવી શ્રદ્ધાભરી છે આ ચંદ્રવાણી !

-સાભાર

# જીવ બચાવ્યા

**શાંતિલાલ નાયક 'સ્નેહલ'**

વરસો પહેલાંની વાત છે. હું ત્યારે દાદરની શાળામાં શિક્ષક હતો. ટ્યુશન કરાવી સાંજે ગાડી પકડી ઘરે (કાંદિવલી) આવતો. સાંજની એ ગાડીમાં મારા એક મિત્ર અનિલ કામદાર મારી ભેગા થાય. એમની સાથે ગપ્પા-ગોષ્ટિ કરવામાં સરસ સમય પસાર થઈ જતો. સંવેદનશીલ સ્વભાવ ધરાવતા અનિલભાઈ મારાથી બે-ચાર વર્ષ મોટા. મુંબઈમાં બૅન્કમાં નોકરી કરતા હતા. તેઓ સાહિત્યરસિક હોવાથી પ્રવર્તમાન પ્રવાહો, પુસ્તકો, વર્તમાન પત્રોની વિવિધ કોલમો તથા અનુભવની વાતો એમની સાથે ગાડીને તાલે, તાલે ચાલતી.

એક દિવસ દાદરથી ગાડીમાં ચઢતાં જ એમની બૂમ સાંભળી હું એમના તરફ દોરાયો. બારી પાસે બેસી મારી જગ્યા રાખીને જાણે મારી જ વાટ એ જોતા હતા. હું એમની પડખે ગોઠવાયો. આડીઅવળી થોડીક વાતચીત બાદ એમણે કહ્યું : 'આજ તો એક અવિસ્મરણીય ઘટના મારી સાથે ઘટી.'

મેં પૂછયું : 'કેમ શું બન્યું ? કાંઈ નુકસાન....?' મને વચ્ચેથી જ અટકાવી એ બોલ્યા, 'ના, ના, નુકસાન થતાં તો રહી ગયું પણ.... એક ફરિસ્તા જેવી વ્યક્તિના પ્રભાવથી મારું હૈયું તરબતર થઈ ગયું!' એટલું બોલી તેમણે કિસ્સો શરૂ કર્યો. તે તેમના જ શબ્દોમાં રજૂ કરું છું.

''હું કેશિયરની સીટ પર બેસીની બૅન્કમાં આવતા લોકો પાસેથી રૂપિયા લઈને જમા કરી રહ્યો હતો. સોમવાર હોવાને કારણે ગિરદી પણ ઝાઝી હતી. ઘડિયાળમાં જેવા ત્રણના ટકોરા પડ્યા કે મેં કાઉન્ટર બંધ કર્યું અને 'કૅશ' ગણવા લાગ્યો.

બધી જ 'કેશ' ગણાઈ ગઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે તેમાં ૧,૦૦૦ (એક હજાર) રૂપિયા ખૂટે છે - ઓછા થાય છે. મેં



ફરીથી 'કેશ' ગણી જોઈ પણ કંઈ ફેર પડ્યો નહીં. ગભરાટને કારણે મને પરસેવો વળી ગયો. મારા સહકર્મચારીઓને પણ આ વાતની ખબર પડી ગઈ. બધાએ વારાફરતી બે-ત્રણ વાર હિસાબ ચેક કર્યો પણ એક હજાર રૂપિયાનો તફાવત મળ્યો જ નહિ. મારો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો. ગભરાટ વધ્યે જ ગયો. એક હજાર રૂપિયા તાત્કાલિક લાવવા ક્યાંથી ? તેની ચિંતા સતાવવા લાગી. આ ને આ ગડમથલમાં પાંચ વાગી ગયા.

સવા પાંચ વાગે એક વેપારીનો મહેતાજી મારી પાસે આવીને કહેવા લાગ્યો : ''સાહેબ, સવારે હું મારા શેઠના ખાતામાં દસ હજાર રૂપિયા જમા કરાવવા આવ્યો હતો. તેમાંથી એક હજાર રૂપિયા શરતચૂકથી મારી બેગમાં જ રહી ગયેલા, જે હું આપને આપવા માટે આવ્યો છું.''

મહેતાજી પાસેથી એક હજાર રૂપિયા મળી જતાં મારા જીવમાં જીવ આવ્યો. બૅન્કનો સઘળો સ્ટાફ એ ગરીબ છતાં પ્રામાણિક માણસની પ્રશંસા કરવા લાગ્યો. મેં તેની ગરીબ હાલત જોઈને તેને પૂછ્યું :

''મહેતાજી, આ હજાર રૂપિયામાંથી તમારી કોઈપણ જરૂરિયાત સંતોષી શકો તેમ હતા. છતાં... તમારી આ પ્રામાણિકતા બદલ ખૂબ ખૂબ આભાર !''

મારી વાત સાંભળી તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં તેણે કીધું :

''બેટા, શી વાત કરું ? આજથી બે વરસ પહેલાં મારો દીકરો પણ તારી જેમ જ બૅન્કમાં કેશિયર હતો. એક દિવસ તારી જેમ જ તેને પણ હિસાબમાં 'બે હજાર' રૂપિયાની ઘટ આવી. રૂપિયાનો ક્યાંય મેળ ન પડતાં ખૂબ જ હતાશ થઈને તેમે આત્મહત્યા કરી લીધી હતી. આ એક હજાર રૂપિયાથી મારા દીકરાનો જીવ તો પાછો આવે તેમ નહોતો. પણ... મને લાગે છે કે એક હજાર રૂપિયાથી મારા દીકરાનો જીવ તો પાછો આવે તેમ નહોતો. પણ.. મને લાગે છે કે એક હજાર રૂપિયા પાછા આપીને મેં મારા બીજા દીકરાનો જીવ જરૂર બચાવી લીધો છે !''

'બસ, મારી સામે જરાક મલકીને તે પીઠ ફેરવી ચાલી ગયો !'

❖❖❖

## બિખરે મોતી

- દુઃખ એ દરિયા જેવું છે. તે પહેલાં અંદર ડુબાડીને પછી મોતી આપે છે.
- કુદરતી દુઃખ એ પરીક્ષા છે. ઊભું કરેલું દુઃખ એક શિક્ષા છે.
- દુઃખ ભોગવવાથી સુખનાં મૂલ્યનું જ્ઞાન થાય છે.
- જેણે કદી દુઃખ ભોગવ્યું જ નથી એ દુનિયાનો સૌથી દુઃખી માણસ છે.

# સુખનું સ્ટેશન

જયવંતી કાજી

જન્મદિને લગ્નપ્રસંગે, લગ્નતિથિએ, નૂતનવર્ષે કે પછી જીવનનો કોઈ પણ મહત્વનો અને શુભ પ્રસંગ હોય ત્યારે લોકો આશીર્વાદ આપતાં કહે છે : 'સુખી થજો' માણસની ઈચ્છા સુખી થવાની હોય છે. એને સુખી થવું હોય છે. એને સુખ અને શાંતિ જોઈતાં હોય છે. સુખી થવા માટે એ મથામણ કરે છે, છતાં કોણ જાણે કેમ સુખ અને શાંતિ ચંચલ પતંગિયાની માફક એને પકડવા જઈએ, એની પાછળ દોડીએ તેમ દૂર ને દૂર ઊડી જાય છે ! સુખ અને શાંતિને બદલે આજના આપણાં જીવનમાં અશાંતિ, અજંપો ઉદ્વેગ ખૂબ વધી ગયાં છે.

અમેરિકા તો વિશ્વનો ઘણો સમૃદ્ધ દેશ છે. જીવનમાં ઘણી સગવડ છે, છતાં લોકોના મનને શાંતિ નથી. 'ટેન્શન'ને લીધે ઊંઘવા માટે ગોળીઓ લેતા હોય છે. વધુ ને વધુ લોકો માનસિક 'ડીપ્રેશન' નો ભોગ બનતાં જાય છે. સમજ નથી પડતી કે આવું કેમ બને છે ? આપણી જીવનશૈલી ખોટી છે ? આપણી વિચારધારામાં ક્ષતિ છે ? પ્રગતિની એ કિંમત છે ? કે પછી માનવીની એ નિયતિ જ છે ? સુખ એ શું મૃગજળ છે ? સુખ માટેની માનવીની ઝંખના એ શું માત્ર ઝંખના રહેવા જ સર્જાઈ છે કે પછી માનવીને સુખ શું છે એની જ ખબર નથી ?

આદિ કાળથી માણસ સુખની શોધમાં જ રહ્યો છે. પ્રશ્ન એ જ છે કે એને સુખ કેવી રીતે સાંપડે ? સુખની વ્યાખ્યા વ્યક્તિએ અલગ હોય છે અને એ બદલાતી રહે છે, પરંતુ મોટા ભાગના માણસો માટે તો સુખ એટલે પ્રાપ્તિ મેળવવું અને ભોગવવું. જે મળ્યું તેનાથી વધારે ને વધારે મેળવતાં જ જવું, જે કાંઈ મેળવ્યું હોય તેનું પ્રદર્શન કરવું અને એ માટે લોકોની પ્રશંસા પ્રાપ્ત કરવી. માણસનું મન તૃપ્ત થતું નથી. એને હંમેશા એમ થાય છે કે 'હજી વધારે હોય તો સારું.' સાથે સાથે એને એમ પણ થાય છે કે આટલું મળશે એટલે બસ ! પછી હું સુખી થઈશ. પછી બસ, સુખ ને સુખ જ હશે.



આપણાં પોતાના અંતરના ઊંડાણમાં એક કાલ્પનિક સ્વપ્નું હોય છે. વિઝન હોય છે. આપણને થાય છે કે આપણે એક લાંબી સફરે નીકળ્યા છીએ. ચાલતી ટ્રેઈનની બારીમાંથી આપણે બહારનું દશ્ય જોઈએ છીએ. બાજુના 'હાઈ-વે' પરથી વાહનો પસાર થઈ રહ્યાં છે. દૂરની ટેકરીઓ પર ગાય, ભેંશ, ઘેટાં અને બકરાંઓને ચરતાં જોઈએ છીએ. લીલાછમ ખેતરો જોઈએ છીએ. ઝૂંપડાં જોઈએ છીએ. અને નાના-નાના માટીનાં ઘરનાં આંગણામાં ખેલતાં બાળકો જોઈએ છીએય મોટાંમોટા વૃક્ષોને પસાર થતાં જોઈએ છીએ. આ બધું આપણે જોઈએ છીએ. ટ્રેઈન આગળ ને આગળ જઈ રહી છે. પરંતુ આપણા મનમાં તો આપણું પહોંચવાનું સ્થળ-ડેસ્ટીનેશન છે ! આટલે વાગે આપણે એ સ્ટેશને પહોંચી જઈશું અને બસ ! ત્યાં પહોંચીશું એટલે ખુશી જ ખુશી જ ! ત્યાં પહોંચીશું એટલે આપણાં સુંદર મોહક સ્વપ્નાં સાચા પડશે. આપણે ઉત્સુકતાથી આપણા પહોંચવાના સ્ટેશનની રાહ જોતાં રહીએ છીએ, અને માનીએ છીએ કે ત્યાં પહોંચ્યા એટલે સુખ, સુખ ને નિરાંત !

એમ થાય છે કે કૉલેજનો અભ્યાસ પૂરો થાય એટલે બસ ! પછી થાય છે કે સરસ નોકરી મળી જાય એટલે થયું ! નોકરીના-વ્યવસાયમાં સ્થિર થઈએ એટલે નિરાંત ! પછી એક સુંદર, ''સ્માર્ટ'' મનગમતી યુવતી સાથે લગ્ન થાય એટલે સુખી ! પણ વાત ત્યાં અટકતી નથી. પછી જોઈએ છીએ એક ઘર, મોટર અને વધુ પૈસા. બાળકો મોટાં થઈ જાય અને ભણી રહે એટલે જવાબદારી પૂરી ! પછી નિવૃત્ત થઈ જઈશું અને શાંતિથી સુખચેનમાં જીવન પુરું કરીશું ! આપણી પાસે દસ હજાર રૂપિયા એકઠા થાય છે, ત્યારે આપણને થાય છે એક લાખ હોય તો સારું ! નાની મારૂતિ ગાડી આવે છે ત્યારે મર્સિડીઝ હોય તો કેટલું સારું એમ થાય છે. આમ, આપણી અપેક્ષાઓ વધતી જાય છે. લાલસા વધતી જાય છે. મનમાં અસંતોષનો અગ્નિ જલતો રહે છે, અને એની સાથે સુખ-શાંતિ-નિરાંત આઘાં ને આઘાં ઠેલાતાં જાય છે.

ધન-સંપત્તિ, દોલત અને ચીજવસ્તુઓ મેળવવા માટે પ્રયાસ માણસના ગજા અને શક્તિ ઉપરાંતનો ઘણી વખત હોય છે. પોતાના શક્તિ બહારના આ પ્રયાસથી એ માણસને અને એની આજુબાજુના કુટુંબીજનોને એ કારણે સતત માનસિક

દબાણ રહે છે. કેમ કરીને વધારે અને વધારે મેળવીએ ? એ માટે શું કરી નાંખીએ ? એ અજંપો માણસના મનની શાંતિ અને સ્વસ્થતાને હણી નાખે છે.

તમે કહેશો : દુનિયા એમ જ ચાલે છે ને ? એમાં આપણે શું કરી શકીએ ? દુનિયાની એ તો રીતરસમ છે. જેટલું વધું તેટલું વધુ સારું. જેની પાસે જેટલું વધારે તેટલો તે વધુ સફળ ! જેની પાસે ત્રણ મોટર હોય તે એક મોટર હોય તેનાં કરતાં વધુ સફળ. એક ઘર નહિ પણ બે-ત્રણ બંગલાઓ હોય તે વધુ ફત્તેહમંદ. જેટલાં સાધનો વધારે એટલી વધુ સફળતા. આપણે આર્થિક અને સામાજિક સફળતાને સાથે સાંકળી દીધી છે અને સફળતાને 'acquisition' સુખનો પર્યાય માની લીધો છે. આપણે ભૂલી જઈએ છીએ કે સુખ કોઈ સાધનમાં નથી, પરંતુ એ સાધન વડે સુખ નિષ્પન્ન કરવાની આપણી પોતાની ક્ષમતામાં છે.

આપણે મેળવીને કે મેળવતાં જઈને અટકી જતાં નથી, પણ સતત બીજાંને જોતાં રહીએ છીએ. બીજા લોકો સાથે સરખામણી કરતાં રહીએ છીએ. તમે કહેશો કે એ તો સ્વાભાવિક છે. બીજાનું જોઈને આપણે શીખતાં અને સુધરતાં જવું જોઈએ. એમ ન કરીએ તો આપણો વિકાસ કેવી રીતે થાય ? કબૂલ ! બીજા સાથેની સરખામણી અને સ્પર્ધા અમુક હદ સુધી ઠીક છે. પણ જ્યારે એ સમગ્ર જીવનમાં અને વ્યવહારમાં ઈર્ષ્યાનું કીટાણું બનીને પ્રસરી જાય, ત્યારે એનું પરિણામ ભયંકર આવે છે.

પાડોશી રાહુલભાઈએ મહાબળેશ્વરમાં બંગલો ખરીદ્યો અને અજિતભાઈએ નવી 'હોન્ડા' ગાડી ખરીદી. પ્રશાંતભાઈનો છોકરો મેડિકલ કૉલેજમાં દાખલ થયો અને અમારો મુદિત કોમર્સમાં ગયો ! બધાં ક્યાં ને ક્યાં પહોંચી ગયાં અને આપણે ? આપણે રહી ગયાં ! એટલે મન ખિન્ન થવાનું. અફસોસ થવાનો અને આપણે દુઃખી થવાનાં. આપણી પાસે શું છે. એનો આપણને વિચાર નથી આવતો. એ તરફ આપણી દૃષ્ટિ જતી જ નથી. આપણી નજર તો બીજા તરફ હોય છે. મન જે નથી એ જ શોધ્યાં કરે છે. એને માટે એ તલસે છે. જે નથી તેજ તેને જોઈએ છે ! એની આ ઝંખના એને જંપવા દેતી નથી. એની પાસે જે છે એનો એને આનંદ માણવા દેતી નથી. આપણે સતત આપણું દુઃખ જોતાં રહીએ છીએ અને બીજાનું સુખ જોતાં રહીએ છીએ !

આપણી જિંદગી સાથે, આપણા સંજોગો કે જીવનદૃષ્ટિ સાથે કશો જ સંબંધ ન હોય તો પણ આપણે બીજાને જોવાના ! બીજાની સરખામણી કરવાનાં અને આપણે માની લીધેલાં એમના સુખ અને સફળતાથી આપણે દુઃખી થવાનાં આપણે સુખી થવું છે, પણ આપમે ઈચ્છીએ છીએ કે સુખ આપણાં પુરતું જ મર્યાદિત રહે. એવા કેટલાય માણસો હોય છે. જેમને કોઈ વાતે સુખ લાગે નહિ ! નાની સરખી વાતમાં પણ દુઃખી થઈ જાય !

અરે ! બીજો કોઈ સુખી થાય એમનું પણ તેમને દુઃખ !

એક સાંભળેલો પ્રસંગ મને યાદ આવે છે. એક માણસ રોજ ભગવાનને પ્રાર્થના કરે. એક દિવસ પ્રભુ સાક્ષાત્ પ્રગટ થયા અને એને કહ્યું, 'વત્સ ! હું તારા પર પ્રસન્ન થયો છું. માગ, તું માગે તે તને આપીશ.' પેલો માણસ તો ખુશખુશ થઈ ગયો અને કહ્યું, 'પ્રભુ ! મારે ઘરે રૂપિયાનો વરસાદ થાય એવું કરો.'

'તથાસ્તુ' કહી દેવ તો અદ્રશ્ય થઈ ગયા. સાથે જ એનું ઘર રૂપિયાના વરસાદથી ભરાઈ ગયું. પેલો માણસ તો રાજીનો રેડ થઈ ગયો. સીધો બહાર દોડી ગયો પાડોશીને આ સારા સમાચાર આપવા માટે ! જુએ છે તો પાડોશીના ઘરના પણ બહાર દોડી આવ્યા હતાં. એમને ત્યાં પણ રૂપિયા વરસ્યા હતા, પરંતુ એ જોતાં જ આ માણસનો આનંદ ક્યાંય ઊડી ગયો. એ તો ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયો. એણે છેવટે પ્રભુને પૂછી જ નાખ્યું. 'જો પાડોશીને ત્યાં પણ રૂપિયા વરસાવવા હતા તો મને શું કામ વરદાન આપ્યું ? માણસને સુખ જોઈએ છીએ પણ પોતાના પુરતું જ !

ઘણાં વિચારે છે કે યુવાનીનાં થોડાં વર્ષો મહેનત કરી લઈએ- સંઘર્ષ વેઠી લઈએ અને અમુક સ્થિતિએ પહોંચ્યા પછી આ ધાંધલ-ધમાલ અને હાયવરાળ છોડી આરામથી જીવનનો આનંદ માણીશું. પરંતુ આ ખ્યાલ ભૂલભરેલો છે. સુખ તો મૃગજળ જેવું લોભામણું છે. દૂર ને દૂર તમને એ ઘસડતું જાય છે, કારણકે આપણને સુખ શું છે ? સુખ શેમાં રહેલું છે ? સુખ ક્યાંથી મળી શકે એની ખબર નથી !

ખરે જ ! સુખની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. જિંદગીની પ્રત્યેક અવસ્થાએ એ બદલાતી હોય છે. સુખ તો માનસિક અવસ્થા છે. સુખ બહારથી નથી મળતું. એ તો આપણાં અંતરમાં વસે છે. એની અનુભૂતિ કરવાની હોય છે અને માણસ જ્યાં સુધી પોતે સુખી થવા ન માંગે, ત્યાં સુધી એ સુખી નહિ થઈ શકે ! બાળપણમાં સાંભળેલી સુખી કાગડાની વાર્તાની માફક માણસ પોતે ગમે તે સંજોગોમાં સુખી રહેવાનો સંકલ્પ કરે, તેને કોણ દુઃખી કરી શકે !

આપણે જો આપણા જીવનની શુભ વસ્તુઓને જોઈશું, આપણને પ્રભુએ બક્ષેલા સુખનો વિચાર કરીશું તો આપણને કોઈ અફસોસ નહિ રહે.

સુખ તો આપણી આજુબાજુ બધે ફેલાયેલું છે. ફક્ત આપણને એનું દ્વારા ખોલવાની

ચાવી મળવી જોઈએ ! ''ખુલજા સિમસિમ'ની માફક સુખના ખજાનાનાં દ્વાર ખૂલી જાય એટલે બસ સુખ તો અહીંયા છે - ત્યાં છે - બધે જ પડેલું છે. પરંતુ એને જોતાં-શોધતાં શીખવાનું છે. સુખ તો પ્રિય પુસ્તકમાં છુપાઈને પડયું છે.

કોઈની મૈત્રીભરી દૃષ્ટિમાં એ રહેલું છે. તો કોઈકના મોહક સ્મિતમાં સંતાયેલું છે ! કોઈક પ્રિય વ્યક્તિના ઉષ્માભર્યા સ્પર્શમાં, તો કોઈક અપરિચિતના મૃદુ સ્વરમાં એ રહેલું છે ! સુખ ! સુખ તો આપણા સમગ્ર વિચારમાં વ્યાપી રહેલું છે. આપણી પ્રત્યેક પ્રાર્થનામાં સુખનું સ્વરૂપ રહેલું છે. સુખને દૂર શોધવા જવાની જરૂર નથી. સુખ સર્વત્ર છે ! સુખનો વાસ છે પ્રેમભર્યા હૈયામાં. આપણે એને પુષ્પની મધુર સુવાસની માફક શ્વાસમાં ભરવાનું હોય છે. આજે જ્યારે જીવનસંધ્યાના સાગરતટે એ બંને ઊભાં છીએ, ત્યારે ચોથી પેઢીના શિશુના આગમનથી અનેરું સુખ અનુભવીએ છીએ.

આપણે પોતે સુખી થઈશું તો જ બીજાંને સુખી કરી શકીશું. સુખી થવાનું આપણું કર્તવ્ય છે, છતાં કોને ખબર, આપણે એને મહત્વ જ નથી આપતા ! સુખી થઈને આપણે અજ્ઞાત રીતે દુનિયાનું ભલું જ કરતા હોઈએ છીએ.

સુખનાં પણ કેટલાંક ધારા ધોરણો હોય છે. કેટલીક વિલક્ષણતા હોય છે. સુખની વ્યાખ્યા વ્યક્તિએ બદલાતી જાય છે. બાળપણમાં રમતગમતમાં સુખ લાગે. કિશોરાવસ્થામાં મિત્રો સાથે આનંદપ્રમોદમાં સુખ લાગે. યુવાવસ્થામાં ધન-સંપત્તિ-પ્રેમ અને સફળતા મેળવવામાં સુખ લાગે. પરિવારને સુખી કરવામાં આનંદ આવે, અને ઢળતી ઉમ્મરે થાય, 'બસ ! તબિયત સારી રહે. કોઈના ઓશિયાળા થવું ન પડે અને આમ ને આમ ઊકલી જઈએ તો થયું.' સુખનું કોઈ એક સ્ટેશન કે ડેસ્ટીનેશન નથી. આટલું મળે - આટલું થાય એટલે નિરાંત.... સુખ પણ આપણું એ સુખનું સ્ટેશન દૂર ને દૂર જ ઠેલાતું જાય છે.

જિંદગી કેવી જશે, કેમ જશે એ આપણાં હાથમાં નથી. જિંદગી મનસ્વિની છે. એ પોતાની રીતે જ વહેતી, ગતિ કરતી રહે છે. એના પર - જિંદગીના તમામ સંજોગો પર આપણો અંકુશ બહુ ઓછો હોય છે, પરંતુ એના પ્રત્યે કેવો પ્રતિભાવ રાખવો-સંજોગોને કેવો પ્રતિસાદ આપવો એ જ આપણા હાથની વાત છે.

ટૂંકમાં કહું તો સુખ સમાયું છે દૃષ્ટિમાં, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. સુખી થવા માટે પણ મનને તાલીમ આપવી પડે છે. સંગીત શીખવા રીયાઝ કરવો પડે છે, નૃત્ય શીખવા માટે તાલીમ લેવી પડે છે, તેવી જ રીતે સુખી થવા સભાન રીતે પ્રયત્નશીલ રહેવું પડે છે. નૃત્ય અને સંગીતની જેમ સુખપ્રાપ્તિ એ પણ એક કળા છે. કળા સતત અને સખત તાલીમ માંગી લે છે. સુખનું પણ એવું જ છે.

કચ્છી કહેવત છે તેમ, આપણે 'નીચાં નેણ રાખીએ' એનો અર્થ એ જ કે દુનિયામાં આપણાં કરતાં તો અનેક માણસો દુઃખી હોય છે. એમની પાસે તો ધન-દોલત-સગવડ જેવું કશું નથી હોતું. આપણે તો એમનાં કરતાં ઘણાં વધારે સુખી છીએ ! એમના તરફ જોઈએ તો આપણને થશે કે આપણને જિંદગી સામે-ઈશ્વર સામે ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી.

દુનિયાના ક્યા દેશના લોકો સુખી છે એવું એક સર્વેક્ષણ તાજેતરમાં કરવામાં આવ્યું હતું. તમે કહેશો અમેરિકા અને સ્વીટ્ઝરલૈંડના લોકો સૌથી સુખી હશે ! ના રે ના ! દુનિયાના સુખી દેશોમાં નંબર છે બાંગલાદેશ, ભારત પોલેંડ અને માલદિવનો ! કારણ કે સુખનું સ્થળ છે માનવનું મન.

સુખી થવું હોય તો ભૂતકાળને ભૂલી જવો પડે. ભવિષ્યની ચિંતા સતત ન કરો. કારણકે જિંદગી એટલે આજ વર્તમાન ભૂતકાળ વીતી ગયો છે. એ પાછો નથી આવવાનો.

ભવિષ્યની કશી જ ખબર નથી. ભાવિ રહસ્યમય છે. જ્યારે વર્તમાન એ જ પરમાત્માની પરમ બક્ષિસ છે. ગઈકાલના ખેદમાં અને આવતીકાલની ચિંતામાં આજને શા માટે રગોદળવી ?

આપણે એટલું જ યાદ રાખીએ કે સુખ અને દુઃખ એક જ સિક્કાની બે બાજુ છે. બંન્ને જોડિયા છે. સુખની પાછળ દુઃખ હોવાનું જ.

જીવનના પ્રત્યેક સૂર્યોદયને આશા અને આનંદથી વધાવીએ. પ્રત્યેક ઘડીને પૂરા દિલથી જીવીએ. જિંદગી જેમ આવે તેમ ઝીલતાં જઈએ. અને એ માટે પરમાત્મા પાસે બળ માંગીએ. કુંતીમાતાની માફક આપણે ભગવાન પાસે દુઃખ નથી માંગવાનું, એટલું જ માંગીશું - અમને શક્તિ આપજો, સુખ અને દુઃખ બંને અમે જીરવી શકીએ એટલાં જ આપજો, અમને આપજો...

***મધુર રહીએ એટલું સુઃખ***
***માનવી રહીએ એટલું દુઃખ***
***સુખી રહીએ એટલી આશાઓ,***
***જરૂરીયાત સંતોષે એટલી સમૃદ્ધિ***
***હૂંફ આપે એટલા મિત્રો, અને***
***આજને ગઈ કાલ કરતાં વધુ સુખદ***
***બનાવે એટલી નિશ્ચયશક્તિ.***

❖❖❖

બસમાં કે ટ્રેનમાં કોઈ નવ મિનીટ માટે સીટ આપે તો તેનો આભાર માનીએ છીએ પણ અફસોસ ! જે મા એ નવ મહિના માટે પેટમાં જગ્યા આપી તેનો આભાર માનવાનું મન નથી થતું.



# શું કામ બાળકના મનને નકારાત્મકતાથી ભરી દો છો ?

અવંતિકા ગુણવંત

ઉત્પલા એના દીકરા શતાયુને જોર જોરથી કહેતી હતી, ''તું ભણવા નથી બેસતો ને તો દાદા તને ઘરમાંથી કાઢી મૂકશે, પછી રસ્તા પર ભટકી ખાજે.''

ચાર વર્ષનો શતાયુ, નાનકડું બાળક, એ તરત બોલી ઊઠ્યો, ''દાદાજી મને ના કાઢી મૂકે.''

''કોણે કહ્યું, ના કાઢી મૂકે. આ ઘર દાદાજીનું છે, એ કહે તો જ તને ખાવાનું મળે, એ કહે તો જ આ બંગલામાં રહેવા મળે નહીં તો રસ્તા પર કોઈ ઝાડ નીચે પડી રહેજે. દાદાજી તો બહુ જબરા છે તને ખબર નથી ? હાથ પકડીને બહાર ધકેલી દેશે.''

પોતાની મમ્મી ઉત્પલાના મોંએથી બોલાયેલી વાત સાંભળીને શતાયુ ગભરાઈ ઊઠ્યો તોય એ બોલ્યો, ''દાદાજી કદી મને ના કાઢી મૂકે. દાદાજી રોજ મને એમની સાથે મંદિરે લઈ જાય છે. રોજ સરસ સરસ વાર્તા કહે છે. મને ચિત્ર કરતાં શીખવાડે છે, મારી જોડે રમે છે.''

''પણ દાદાનો ગુસ્સો બહુ ખરાબ છે, તેં પહેરેલાં કપડાંય ઉતારીને તને કાઢી મૂકશે.'' ઉત્પલાએ ફરીથી ભારપૂર્વક કહ્યું.

બીજી વાર આ વાત સાંભળી શતાયુ કંપી ઊઠ્યો. શું એના પ્રેમાળ દાદા એને કાઢી મૂકે ? એ મૂઢ બની ગયો. એણે હાથમાં ચોપડી પકડી પણ એની આંખમાં આંસુ ઊભરાયા હતા. આંસુથી ગળું રુંધાતું હતું એ કંઈ બોલી શક્યો નહીં. ચોપડીમાં છપાયેલા અક્ષરો એની નજરમાં ધૂંધળા બની ગયા હતા. એના હાથ ધ્રૂજતા હતા.

દીકરાની આવી દયાજનક સ્થિતિ પણ ઉત્પલાને જરાય નરમ પાડી શકતી ન હતી. એ તો બોલે જ જતી હતી. એના મનમાં હતું કે દીકરાના મનમાં દાદાનો ડર ઊભો કરીને પોતે દીકરાને ભણાવી શકશે. ડરનો માર્યો દીકરો એકાગ્રતાથી ભણશે. પણ અહીં તો દીકરો રડવા બેઠો.

ઉત્પલા ઘાંટા પાડે છે. બહાર ઓટલા પર બેઠેલા દાદા બધું સાંભળતા હતા, તેઓ અંદર દોડી આવે છે. શતાયુને વહાલથી ઊંચકીને છાતીસરસો ચાંપીને પંપાળે છે. ગભરાયેલો શતાયુ વહાલસોયા દાદાનો સ્પર્શ પામીને શાંત થવાના બદલે એમના હાથમાંથી જોર કરીને નીચે ઊતરતાં મોટે મોટેથી રડતો જાય અને બોલતો જાય, ''ના, દાદા ના ?''

શતાયુ ડરી ગયો હતો કે દાદા એને ઊંચકીને બહાર રોડ પર ફેંકી દેશે. દાદા એના આંસુ લૂછીને પંપાળતા બોલ્યા, ''બેટા, તું રડ નહીં.'' મહામહેનતે શતાયુને દાદાએ શાંત પાડ્યો.

દાદાએ ઉત્પલાને કહ્યું, ''તું શતાયુને ભણાવવા ઈચ્છે છે એ બહુ સારી વાત છે, પણ તું એને મારો ડર શું કામ બતાવે છે ? એક પ્રેમાળ શાલીન, ઉત્સાહી બાળકના બદલે શતાયુ પ્રોબ્લેમ ચાઈલ્ડ બની જશે. ધાક નકારાત્મકતાથી એને તેજહીન બનાવી દેવાનો છે ?

પહેલાનાં વખતમાં બાળકને બાવા અને પોલીસનો ડર કેટલાક અણસમજુ માબાપો બતાવતા હતાં, કેટલીક માતાઓ સંતાનને કહેતી, તારો બાપ આવશે ને તને બરાબર ધોઈ નાખશે, ઝૂડી પાડશે, તને મણનો છશેર કરી નાખશે અને સંતાન ફફડી ઊઠતું. મનોવૈજ્ઞાનિકો અને શિક્ષણશાસ્ત્રીઓ ઢોલ વગાડી વગાડીને કહેવા માંડ્યા કે બાળકને કોઈ પણ પ્રકારનો ડર ન બતાવો. લાલચ ન આપો.

બાળક ડરામણી વાતો સાંભળે તો અંદર ને અંદર એ કેટલું ધ્રૂજી ઊઠતું હશે એની કલ્પના તને આવે છે ?

બાળપણમાં તો બાળકના વ્યક્તિત્વનો પાયો ચણાય. એના જીવનના આરંભે તું એને કેવી જીવનદષ્ટિ આપે છે ? દાદા તને કાઢી મૂકશે, એવું કહે એટલે શતાયુને દાદા માટે અણગમો આવી જાય. દાદા અને દીકરાના ભરપૂર પ્રેમભર્યા સંબંધમાં કડવાશ આવી જાય. આવું શું કામ ? ઉત્પસા, આવું શું કામ ? તું આવું કહે છે તેમાં તો બાળકના હિત કરતાં અહિત વધારે થાય છે, સોના જેવું ઝગમગતું સ્વચ્છ સરળ શૈશવમાં ઉપવનની મહેકના બદલે બાવળના કાંટા ઊગી નીકળશે.

શતાયુના મગજમાંથી ભય અને અણગમાનું આવરણ સરી પડે છે. એ ખુલ્લા મનથી દાદાને કહે છે, ''દાદા, તમે મને ભણાવો.'' હું ભણીશ.

હવે ઉત્પલાને દાદાની વાત સમજાય કે બાળક સાથે પ્રેમથી વર્તો. બાળકનું વિશુદ્ધ હૃદય પ્રેમને પ્રતિબિંબિત કરશે. હેતભર્યા ઘરમાં સ્વજનો વચ્ચે ઉછરતું બાળક સલામતી અનુભવે છે, ઉત્સાહથી ભણે છે અને એનું ભવિષ્ય ઉજ્જવલ હોય છે એ વાત કદી ન ભુલાવી જોઈએ.

એક વાત ખાસ યાદ રાખો કે ધિક્કાર અને વિરોધના વાતાવરણમાં ઉછરતું બાળક ભાગ્યે જ સ્વસ્થ, પ્રેમાળ અને સહકારની ભાવનાવાળું હોય છે. સંતાનનો બાલ્યકાળ જીવનભરની મૂડી છે માટે સંતાનને સદ્ભાવથી ભર્યો ભર્યો પ્રેમથી છલકાતો બાલ્યકાળ આપો.

❖❖❖

# રડવું હતું કોઈક એવાની પાસે જેને મારા આંસુ જોઈ રડવાનું મન થાય

એક વૃદ્ધા પોલીસ સ્ટેશનનાં પગથિયાં ચઢી રહ્યાં હતાં. તે જ્યારે પગથિયાં ચઢી રહ્યાં હતાં, ત્યારે તેમની સામેથી પોલીસના જવાનો અચાનક પસાર થતા હતા, તેના કારણે માજી કરી જતાં હોય તેવું સ્પષ્ટ રીતે તેમના ચહેરા ઉપરથી જોઈ શકાતું હતું. હજી તેમની તરફ કોઈનું ધ્યાન નહોતું છતાં તેમના મનમાં સતત ડર હતો, કોઈક તેમને બોલશે તો ? તેના કારણે તેમના પગ પગથિયાં ચઢતા હતા તેના કરતાં ઝડપે તેમની નજર આજુબાજુ જોતી હતી. તે પોલીસ સ્ટેશનનાં દસ પગથિયાં ચઢી બરાબર પોલીસ સ્ટેશનમાં દાખલ થવાના દરવાજા પાસે ઊભાં રહ્યાં. બહાર એક સરકારી બોર્ડ લટકતું હતું 'શું આપને અમારી મદદ જોઈએ છે ?' પણ ખરેખર ત્યાં કોઈને મદદ કરવાની ઈચ્છા હોય તેવું કોઈના ચહેરા ઉપરથી દેખાતું ન હતું. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા આવનાર તમામને પોતાનો પ્રશ્ન મોટો અને મહત્વનો લાગતો હોય છે પરુંત પોલીસ કર્મચારીઓ માટે આવી ઘટના રોજની હોય છે તેના કારણે તેમના સ્વભાવમાં એક પ્રકારની રુક્ષતા આવી જતી હોય છે. જેવી રીતે હોસ્પિટલના પોસ્ટમોર્ટમ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા ડોક્ટર અને કર્મચારીઓ મૃતદેહને નામથી નહીં પણ મડદાના નંબરથી ઓળખતા હોય છે. ગરીબ મરે અથવા શ્રીમંત મરે તેમનું કામ તો મડદા ચીરવાનું હોવાને કારણે તેમના મનમાંથી મૃત્યુ તરફની કરુણા ઘટતી જતી હોય છે.

માજીએ પોલીસ સ્ટેશનમાં કામ કરી રહેલા પોલીસ કર્મચારી તરફ જોયું પણ કોઈનું ધ્યાન તેમની તરફ નહોતું. કોઈ પોલીસ કર્મચારી ફોન ઉપર કોઈને ગાળો



આપી રહ્યો હતો, કોઈ પોલીસ કર્મચારી ફાઈલમાંથી ઉતારો કરી રહ્યો હતો, દરવાજામાંથી પોલીસ લોકઅપ પણ જોઈ શકાતું હતું, લોકઅપમાં બે-ત્રણ આરોપીઓ બેઠા હાત તેમાંથી એક બીડી પી રહ્યો હતો. જે આરોપી બીડી પી રહ્યો હતો તેની નજર દરવાજા તરફ હતી. માજી અને તે આરોપીની નજર એક- બે વખત એક થઈ હતી. તે માજી અંગે કંઈક વિચારી રહ્યો હતો તેવું લાગ્યું. તેણે અચાનક બૂમ પાડી 'સાહેબ સાહેબ...' તેની બૂમ સાંભળી લોકઅપની બાજુમાં બેઠેલા પોલીસ જમાદારે આરોપી તરફ જોી તેને ધમકાવતા કહ્યું, 'મૂંગો પડ્યો રહે ને... સાની રાડો પાડે છે.' પેલા આરોપીએ લોકઅપના સળિયામાંથી હાથ બહાર કાઢી માજી તરફ ઈશારો કર્યો.

જે જમાદારે ગુસ્સામાં બુમ પાડી હતી તેની નજર દરવાજા તરફ ગઈ. માજીને જોતાં જ તેના ચહેરા ઉપરની તંગ રેખા થોડી ઓછી થઈ. તેણે માજી સામે ઉપરથી નીચે સુધી જોયું. પોલીસની નજર હોવાને કારણે તરત અંદાજ આવી ગયો કે માજી સારા ઘરનાં છે. જમાદારે પોતાની સામે બેઠેલા કોન્સ્ટેબલ તરફ જોયું, તે તરત સમજી ગયો. કોન્સ્ટેબલ ઊભો થી દરવાજા પાસે આવ્યો, તેણે બહુ નમ્રતાથી પોતાનો પોલીસનો રુઆબદાર અવાજ ધીમો કરાત પૂછ્યું, 'બોલો બા કેમ આવ્યાં છો ?' માજીને થોડો સંકોચ થયો છતાં તેમણે ધીરા અવાજે પૂછ્યું, 'સાહેબ મળશે ? કોન્સ્ટેબલે જવાબ આપ્યો 'સાહેબ તો મળશે પણ તમારે કામ શું છે તે કહેશો ?' કોન્સ્ટેબલની વાત સાંભળી માજીએ થોડો વિચાર કર્યો અને અચાનક આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં હતાં, તે જોઈ ત્યાં હાજર ઘણા બધા પોલીસ કર્મચારીની નજર એકસાથે માજી તરફ ફરી.

લોકઅપમાં બેઠેલા આરોપીઓ પણ ઊભા થઈ ગયા અને તેમના બધાના મનમાં એક જ પ્રશ્ન હતો કે માજી રડે છે શું કામ ? કોન્સ્ટેબલે તેમનો હાથ પકડ્યો અને જાણે પોતાની માની દરકાર લેતો હોય તેમ કહ્યું, 'બા રડશો નહીં, અહીંયા બેસો,' તેમ કહી તેણે તેને ખુરશીમાં બેસાડ્યા. કોન્સ્ટેબલે તેમને પાણી પીવડાવ્યું. થોડીવારમાં જ આખા પોલીસ સ્ટેશનમાં સન્નાટો વ્યાપી ગયો. પાણી પીધા પછી પોતાના પાલવ વડે આંખો લૂંછી. પછી માજીએ પોતાની વાત કહેવાની શરૂઆત કરી. માજી મૂળ સૌરાષ્ટ્રનાં પણ લગ્ન કરીને અમદાવાદ આવ્યાં પછી ભાગ્યે જ પોતાના વતન ગયા હતાં. તેમનું નામ ગૌરી નર્મદાશંકર મહેતા.

ગૌરીબાના પતિ નર્મદાશંકર મહેતાને માણેકચોકમાં કરિયાણાની દુકાન હતી. તેમનો કારોબાર બહુ મોટો હતો. જુવાનીના

દિવસોમાં નર્મદાશંકર પાસે પરિવારજનો માટે સમય જ નહોતો. તેમનો કારોબાર એટલો મોટો હતો. તેમનો જે વ્યવસાય હતો તે સંયુક્ત પરિવારનો હતો. નર્મદાશંકરના ભાઈઓ પણ દુકાનમાં સાથે કામ કરતા હતા. તેમના બધા ભાઈઓ તેમના કરતાં નાના હતા. ગૌરીબાને ત્રણ દીકરાઓ હતા. તેમનો આખો દિવસ ત્રણે બાળકો વચ્ચે પસાર થઈ જતો હતો. ગૌરીબા ખાસ ભણેલાં નહોતાં તેના કારણે શહેરમાં રહેતા હોવા છતાં શહેરી મહિલાઓ જેવી બહાર ફરવા જવાની આદત નહોતી. જેના કારણે ગૌરીબાને વર્તમાન સમય સાથે જરા પણ તાલમેલ નહોતો. સંયુક્ત પરિવાર હોવાને કારણે સંતાનો પણ ક્યારે મોટાં થઈ ગયાં તેની ખબર પડી નહીં.

જિંદગીના પોતાના કંઈક હિસાબો હોય છે તેમાં તે માણસની દખલ ચાલવા દેતા નથી. નર્મદાશંકર ઊઠ્યા જ નહીં. ઊંઘમાં જ તેમને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમનું અવસાન થયું. પોતાના પતિના આ પ્રકારના આકસ્મિક અવસાનને કારણે ગૌરીબા એકદમ સ્તબ્ધ થઈ ગયા હાં. તેમને દુનિયાદારીની જરા પણ ખબર પડતી નહોતી. હજી તો પતિના મૃત્યુને મહિનો જ થયો હતો ત્યાં બીજો આઘાત લાગ્યો, નર્મદાશંકરના બાકીના ભાઈઓએ ધંધામાંથી પોતાનો ભાગ અલગ કરી દીધો અને ગૌરીબાને એક ઘર અને થોડા રૂપિયા આપી છૂટા કરી દીધાં હતાં. ગૌરીબાએ ધંધામાંથી આવેલા રૂપિયા વ્યાજે મૂક્યા અને તેમાંથી પોતાનું અને બાળકોનું ગુજરાન ચલાવવાની શરૂઆત કરી હતી. નર્મદાશંકર જીવતા હતા ત્યારે ગૌરીબાએ ઘરની બહાર પગ મૂક્યો નહોતો, તેના કારણે શરૂઆતના મહિનામાં એટલી બધી મુશ્કેલી પડી કે ઘણીવાર ગૌરીબા પોતાના પતિના ફોટોની સામે રડી પડતાં હતાં. પરંતુ અબળા મનાતી સ્ત્રીઓમાં વિપરીત પરિસ્થિતિમાં લડવાની ગજબની તાકાત હોય છે. તેમણે એકલા હાથે પોતાનાં ત્રણે સંતાનોને સારી સ્કૂલમાં ભણાવ્યાં અને તેઓ પોતાના પગ ઉપર ઊભા રહી શકે તેવા કાબેલ બનાવ્યાં. ગૌરીબાને મોટો અને વચેટ દીકરો હતો તેમનામાં પોતાના પિતાના ગુણ ઉતર્યા હતા, એટલે તેમણે પોતાના નાના પાયે એક ધંધો શરુ કર્યો અને થોડા સમયમાં ધંધો જામી ગયો હતો. સૌથી નાનો હતો તે ભણવામાં ખૂબ હોંશિયાર હતો. તેની ઈચ્છા કમ્પ્યૂટર એન્જિનિયર થવાની હતી અને તેણે પણ કમ્પ્યુટર એન્જિનિયરીંગની ડિગ્રી મેળવી હતી. અભ્યાસ પૂરો થયા પછી તેની ઈચ્છા વિદેશ જવાની હતી પણ એટલી સગવડ ગૌરીબા પાસે નહોતી. બંને મોટા દીકરાઓ કામે લાગી ગયા હતા અને બાએ જ્ઞાતિના રિવાજ પ્રમાણે કન્યા શોધી તેમનાં લગ્ન પણ કરાવી આપ્યાં હતાં. ગૌરીબાને લાગ્યું કે તેમને બે મોટી જવાબદારીઓ પૂરી કરી.

બાનો સૌથી નાનો દીકરો હતો તે વિદેશ જવા માગતો હતો, પણ પૈસાની સગવડ થતી નહોતી. તેણે પોતે પણ ખૂબ પ્રયત્ન કરી જોયા પણ તેનાથી પણ વ્યવસ્થા થઈ નહીં. ગૌરીબાની ઈચ્છા તો હતી કે નાનો દીકરો વિદેશ જવાનો વિચાર માંડી વાળે અને અમદાવાદમાં જ ક્યાંક સારી જગ્યાએ નોકરી લાગી જાય.

સૌથી નાનો દીકરો હતો તે બાનૌ સૌથી લાડકો હતો જેના કારણે તે જ્યારે પણ વિદેશ જવાની વાત કરતો ત્યારે બાની આંખો ભરાઈ આવતી હતી. એક સાંજે બાના ત્રણે દીકરાઓ સાથે મળીને બા પાસે આવ્યા હતા. બંને મોટા દીકરાઓ બાને કહ્યું, ‘બા નાનકાને વિદેશમાં સારી નોકરી મળે તેમ છે તો અમને લાગે છે તમારે તેને જવા દેવો જોઈએ.’ બાએ તેમની સામે જોયું અને બા કંઈ જવાબ આપે તે પહેલાં મોટા દીકરાએ કહ્યું ‘જ્યાં સુધી વિદેશ જવા માટેના પૈસાનો સવાલ છે ત્યાં સુધી અમે રસ્તો વિચારી નાખ્યો છે, તારે ચિંતા કરવાની જરૂર નથી.’

ગૌરીબા પ્રશ્નાર્થ નજરે દીકરાઓ સામે જોઈ રહ્યાં હતાં. ત્રણે દીકરાઓએ જે યોજના બનાવી હતી તે પ્રમાણે મળેલી વડીલોપાર્જિત મિલકતમાં જે ઘર હતું તે વેચી મારવાનું અને તેના જે પૈસા આવે તે ત્રણે દીકરાઓએ સરખે હિસ્સે વહેંચી લેવાના અને નાનો દીકરો પોતાના ભાગના પૈસા લઈ વિદેશ જશે જ્યારે મોટા બંને દીકરા પોતાને મળેલી રકમમાંથી નવું ઘર ખરીદશે. પહેલાં તો ગૌરીબા તે માટે તૈયાર નહોતાં પણ દીકરાઓએ તેમને મનાવી લીધાં હતાં. બીજો પ્રશ્ન હતો જો ઘર વેચાઈ જાય તો બા ક્યાં રહેવા જાય. તે વખતે બંને મોટા દીકરાઓએ નક્કી કર્યું હતું કે બા એક એક વર્ષ પોતાની ત્યાં રહેશે.

નાનો દીકરો હતો તે પોતાના પૈસા લઈ વિદેશ જતો રહ્યો હતો. તે વિદેશ ગયો ત્યારે બા ખૂબ રડયાં હતાં. શરૂઆતમાં તે વિદેશ ગયો ત્યારે બાને ફોન કરતો હતો પણ પછી તે પોતાના કામમાં પરોવાઈ ગયો હતો. બા પહેલું વર્ષ મોટા દીકરાને ત્યાં રહ્યાં હતાં. બીજા વર્ષે વચેટને ત્યાં રોકાયા હતાં. ત્રીજું વર્ષ થતાં બા ફરી મોટા ઘરે આવ્યાં હતાં પણે તેણે બાને રાખવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. તેની દલીલ હતી કે બાની જવાબદારી ત્રણે બાળકોની છે એટલે હવે તે એક વર્ષ પછી જ બાને રાખશે. બાના બંને દીકરાઓ તેમને રાખવાની ના પાડતા

કયાં જવું તે સમસ્યા હતી. ગૌરીબાને કોઈએ પોલીસ સ્ટેશને જવાની સલાહ આપતા તે પોલીસ સ્ટેશન આવ્યાં હતાં.

બાની વાત પૂરી થઈ ત્યારે ઘણા પોલીસવાળાએ પોતાની આંખો લૂછી હતી. પોલીસ જમાદારે બાને પૂછ્યું, 'કાયદા પ્રમાણે તમે તમારાં બાળકો સામે ભરણપોષણનો કેસ કરી શકો છો, તમે ફરીયાદ આપશો ?

આ સાંભળી બા ફરી રડી પડ્યાં. તેમણે સામે સવાલ કર્યો, 'સાહેબ મા થઈને દીકારાઓ સામે ફરિયાદ કરું ?' આખરે પોલીસે વચલો રસ્તો કઢ્યો. તેમણે બાના બંને દીકરાઓને ફોન કરી પોલીસ સ્ટેશન બોલાવ્યા અને ધમકાવી બાને સાથે રાખવાની સૂચના આપી,

બા રડતાંરડતાં દીકરાઓ સાથે પોલીસ સ્ટેશનના પગથિયાં ઉતર્યા તે વખતે બાના હાથમાં રહેલી નાનકડી ગીતાની પુસ્તિકા નીચે પડી.

એક કોન્સ્ટેબલે તે ઉપાડી બાને આપી ત્યારે બાના મોઢાંમાથી અનાયાસે શબ્દો સરી પડ્યા, 'તારી લીલા ક્યારેય સમજાતી નથી.' પોલીસને પણ ખબર હતી કે તેમના દીકરાઓ બાને પોલીસના ડરના કારણે સાથે લઈ ગયા હતા.

કદાચ આને જ કળિયુગ કહીશું કે જ્યારે મા-બાપને પોતાના ઘર માટે પોલીસની મદદ લેવી પડે.

❖❖❖

# માનવી લાગણીશૂન્ય બન્યો છે ?

☐ ડૉ. ચંદ્રકાન્ત મહેતા

કોઈપણ યુગનો માનવી સાવ લાગણીશૂન્ય રહ્યો હોય એવું બન્યું નથી. હા, તેના પ્રમાણમાં સંજોગો અનુસાર વધઘટ હોઈ શકે. સમાજની જેમ મૈત્રી અને પ્રેમ પણ કુદરતના જ અનુપમ ઉપહાર છે, પણ માણસ એમાં જેટલી દખલ ઉત્પન્ન કરે છે, તેટલા અંશે તે દૂષિત થાય છે.

માણસ જેટલું સરળ, સાત્વિક અને ઔદાર્યપૂર્ણ જીવન જીવવાની કોશિશ કરે, તેટલું તેનું જીવન ભાવભીનું બની શકે. લાગણીને હૃદય સાથે લેવાદેવા છે અને હૃદય એટલે કે ભાવનાને ગણતરી સાથે નહિ પણ ગુણગ્રાહિતા, ગૌરવ અને સમર્પણ સાથે લેવા-દેવા છે એટલે જ્યાં પ્રેમનું પોત નબળું હોય ત્યાં ગણતરીને મોકળું મેદાન મળી જાય !



માણસ જેમ જીવનના કેન્દ્રથી દૂર સરે અને ભૌતિક સુખો કે સમૃદ્ધિને જ પોતાના જીવનનું કેન્દ્ર બનાવે તેમ તેના જીવનમાં લાગણીના નીરને સ્વાર્થનો તડકો સુકાવવા માંડે.

આજનું જીવન વ્યસ્તતાનું જીવન છે, આજનું જીવન ભોગાભિમુખ વધુ ને ત્યાગાભિમુખ ઓછું છે. જીવન મૂલ્યો તરફની બેપરવાઈએ માણસને આત્મકેન્દ્રી, ઐહિક, સુખાકાંક્ષી, ઘેલો અને મતલબી બનાવી દીધો છે. પરિણામે એ બહારથી સખત બની ગયો છે. પણ એનો અર્થ એ નથી કે એના જીવનમાંથી લાગણીની સરિતાનાં નીર સાવ સુકાઈ ગયાં છે.

આજનો માણસ અંતઃ સલિલા જેવો વધુ છે. એટલે એની લાગણીનો પ્રવાહ તાત્કાલિક બહાર નજરે ન પણ પડે ! પરંતુ સંબંધો વચ્ચે આવતા અંતરાયોના પડળ ભેદવાની અને અંદરના સ્નેહના તલાશવાની ધીરજ, સહિષ્ણુતા, ઉદારતા અને આત્મીયતાનો પાલવ પકડી રાખી યત્નશીલ હોવાની શુભનિષ્ઠા જતી ન કરો, તો માણસના હૃદયની ભીનાશ અને જળધારાના તમે દર્શન કરી શકો. એટલે આજનો માનવી લાગણી શૂન્ય બનતો જાય છે એ અંશતઃ સાચું છે, પણ નક્કર વાસ્તવિકતા નથી ! માણસ જેટલો વધારે લાલચુ તેટલો વધારે સ્વાર્થી. માણસ લોભને ઠુકરાવી શકે તો એ શહેનશાહનો પણ મહાશહેનશાહ બની શકે. આજનો માણસ નકલી સુખોની પાછળ દોડે છે એટલે અંતઃકરણની અમીરાતને એ ઉવેખે છે.

એટલે ત્યાગ વગરનું જીવન જ લાગણીશૂન્ય બની શકે ! જે દિલ 'ભરેલું' છે, તે જ લાગણીનું દાન કરી શકે છે, જે દિલ 'ખાલી' મતલબ કે ત્યાગરહિત છે, એ લાગણીની ભીનાશ વગરનું હોય એમાં આશ્ચર્ય શું ?

❖❖❖

# દુઃખ પણ એક દોલત છે

□ હરિભાઈ કોઠારી



સુખ અને દુઃખ જીવનનાં અવિભાજ્ય અંગ છે. સુખ તમારા ઘરમાં પ્રવેશે તે જ વખતે દુઃખ બારણામાં ઊભું રહીને, 'હું અંદર આવું કે?' (May I come in Sir?)' એમ પૂછતું હોય છે. માનવજીવન સુખદુઃખના શ્વેતશ્યામ તંતુઓથી વણાયેલું વસ્ત્ર છે. સુખ-દુઃખ, જીવન-મરણ, યશ-અપયશ, હાનિ-લાભ આ યુગ્મ શબ્દો સાથે સાથે ઉચ્ચારાતા હોય છે.

ખલીલ જિબ્રાન કહે છે, 'દુઃખ તમારા જીવનપાત્રને કોતરીને જેટલું ઊંડું બનાવે છે એટલું વધારે સુખ એમાં સમાય છે.'

જૂના કાળમાં એક પરિવારના આધારસ્તંભ સમા વડીલ ગુજરી ગયા. પછી કુટુંબ અસહાય, લાચાર અને ઓશિયાળું બની ગયું. દુઃખ એ પરિવારનો સ્થાયીભાવ બની ગયું.

સદ્ગત વડીલના મિત્ર એ પરિવારની મુલાકાતે આવ્યા. બેચાર દિવસ રોકાયા અને પરિસ્થિતિનો તાગ કાઢી લીધો. તેમણે જોયું, કુટુંબના ચાર ચાર જુવાન સંતાનો કશું ન કરતા સત્ત્વશૂન્ય બનીને બેસી રહ્યા હતા. પરિવારના કબજામાં રહેલા શિંગના ઝાડ પરથી શિંગ તોડીને વેચતા અને તેટલા માત્રથી સંતોષ માનતા. કોઈ વિશેષ પરિશ્રમ કરતું નહીં, પરિણામે કુટુંબની હાલત કથળી ગઈ હતી.

એક રાતે શિંગનું ઝાડ કાપીને મહેમાન ચાલ્યા ગયા. પરિવારજનોને સવારના ખબર પડી. ચિડાઈને મહેમાનને ખૂબ ગાળો આપી.

પરંતુ નિરાધાર થયા પછી બીજું કશુંક કરવું અનિવાર્ય બની ગયું.

યુવાન દીકરાઓ વિવિધ કામે લાગ્યા અને થોડા જ વખતમાં કુટુંબ બે પાંદડે થઈ ગયું. બેઠાખાઉ લોકો સત્ત્વશૂન્ય બનીને મૃત જીવન જીવતાં હોય છે. 'ઘાયલ' લખે છેઃ

**નથી હોતું નિજ વ્યક્તિત્વ આશ્રિતમાં નથી હોતું,**
**કોઈના ઓશિયાળા નિજનું ઓજસ ખોઈ બેસે છે!**

સુખાસીન લોકો કાળક્ષેપ કરતા હોય છે, દુઃખ જ માણસને સાચું જીવંત જીવન જીવતાં શીખવે છે. કુંતામાતા તેથી જ પરમાત્મા પાસે દુઃખની યાચના કરે છે. (વિપદઃ સન્તુ નઃ શશ્વત્) સુખ સુષુપ્તિપોષક છે, દુઃખ અનિવાર્યપણે જાગૃતિપ્રેરક છે.

**'જન જાગે તે જ સવાર,**
**નહીં તો ઘોર અંધારી રાત!'**

જાગૃતિ પ્રેરનારી પીડા પ્રસાદ બની જાય છે, વેદના વરદાન બની જાય છે. કવિએ સાચું જ કહ્યું છે કે.

**સહનની આવડત હો તો,**
**દુઃખ પણ એક દોલત છે!**

સૂર્ય જેવા સૂર્યને પણ ઉદય અને અસ્ત જોવા પડે છે. ચંદ્રને પણ વૃદ્ધિ અને ક્ષય (સુદ અને વદ)નો અનુભવ કરવો પડે છે. સમુદ્રે પણ ભરતી અને ઓટનો સહજ સ્વીકાર કરવો પડે છે. કોઈ પણ અવસ્થામાં સૂર્ય લાલિમા જાળવી રાખે છે. ચંદ્ર પ્રસન્ન જ હોય છે અને સાગર સદા ગાતો જ રહે છે.

વર્ષો પહેલાં એક માણસ નાનકડા ગામડામાં ચીકી વેચીને માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતો. એક દિવસ ચીકી વેચાઈ નહીં, અકળાઈ ગયેલા એ માણસે ગામના ઠાકોરને ચીકી ખરીદવા આજીજી કરી. ઠાકોરે ના પાડી પણ એ વારંવાર કાકલૂદી કરતો રહ્યો. ચિડાઈને ઠાકોરે એને લાત મારી. ચીકીનો થાળ જમીન પર પડ્યો. એ માણસને ખૂબ આઘાત લાગ્યો. થાળ પડતો મૂકીને એ ચાલી નીકળ્યો. કશુંક કરવાના સંકલ્પ સાથે એ મુંબઈ પહોંચ્યો.

મુંબઈમાં નોકરી શોધી કાઢી. ધીરે ધીરે આગળ વધતો ગયો. સ્વતંત્ર વેપાર કરતો થયો. નસીબ યારી આપતું ગયું. થોડા જ વર્ષોમાં એ ધનવાન બની ગયો.

ગામની શાળા માટે એણે બહુ મોટું અનુદાન આપ્યું. ગ્રામજનોએ એનો સત્કારસમારંભ યોજ્યો. ગામના ઠાકોરે શેઠને પુષ્પહાર અર્પણ કર્યો.

શેઠે કહ્યું : 'ઠાકોર! તમે મને ઓળખ્યો નહીં, પણ હું તમારો આભારી છું. તમે મને લાત મારીને ચીકીનો વેપલો છોડાવ્યો ન હોત તો હું આ કક્ષાએ પહોંચ્યો ન હોત.' આ સાંભળીને ઠાકોર ખૂબ જ શરમિંદા બની ગયા.

**'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.' તેથી કોઈને હીન કે તુચ્છ સમજવાની ભૂલ કદી ન કરવી.** કવિ લખે છે :

**છે માનવી જીવનની ઘટમાળ એવી,**
**દુઃખપ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી!'**

કાદવમાં જ કમળ ખીલે છે, કાંટામાં જ ગુલાબ મહેકે છે.

**દુઃખના કાંટા જીવનમાં જ્યારે ચૂભે છે 'ગની'**
**મારું જીવન, ગુલાબનો આકાર હોય છે!**

સત્યના પંથે આગળ ધપતો સંકલ્પબદ્ધ માનવ જગતની ઠોકરોથી ગભરાતો નથી, એ તો ઠોકરોનો ઉપયોગ જીવનનો વેગ વધારવામાં કરી લે છે. 'સગીર' લખે છે :

***ઠોકરોથી માનવી તું શીદને ગભરાય છે,***
***જિંદગી એની બને છે, ઠોકરો જે ખાય છે!***
***ઉષ્ણ હો જેની તમન્ના, દિવ્ય હો જેના વિચાર,***
***એ બધા સંજોગામાં, જીવન બનાવી જાય છે.!***

❖❖❖



# આજકાલ પાણીનો પ્રયોગ ચાલે છે

**વિનોદ ભટ્ટ**

શહેરમાં હેલ્થ સેન્ટર્સ સ્વાસ્થ્ય કેન્દ્રો ખૂલવાને કારણે લોકો પોતાની તંદુરસ્તી પ્રત્યે વધુ જાગૃત થવા માંડયા છે.... તાજેતરનો કિસ્સો છે. એક સ્નેહી અમારે ત્યાં મળવા આવ્યા. પત્નીએ તેમની આગળ પાણીનો ગ્લાસ હાજર કર્યો, એટલે તે સહેજ અણગમાથી બોલ્યા :

'માફ કરજો, હું પાણી પી શકું તેમ નથી.'

'કેમ ? અમે આશ્ચર્યથી કારણ પૂછયું.'

'આજકાલ પાણીનો પ્રયોગ ચાલે છે.' તેમણે જણાવ્યું એટલે મેં બમણા આશ્ચર્યથી પૂછયું, 'શું વાત કરો છો, પાણીનો પ્રયોગ ચાલે છે તોય પાણી નથી પીવું ?'

'એટલે જ નથી પીવું....' તેમણે જણાવ્યું.

'પાણીનો પ્રયોગ એટલે પાણી પર ચાલવાનો પ્રયોગ ?' અમે હળવાશથી પૂછયું.

'ના, પાણી વડે ચાલવાનો, પાણીની મદદથી તંદુરસ્તીપૂર્વક જીવવાનો પ્રયોગ ચાલે છે... જાપાનીઝ સિકનેસ એસોસિયેશન દ્વારા એવું શોધી કાઢવામાં આવ્યું છે કે, પાણીનો પદ્ધતિસર પીવામાં ઉપયોગ કરવામાં આવે તો માથાના દુખાવો, પેટનો દુખાવો, કૅન્સર, સંધિવા, લકવો, ટી.બી., ડાયાબિટીસ અને દમ જેવા અનેક જૂના-જાણીતા નવા ને હઠીલા રોગો ગણતરીના દિવસોમાં પોબારી ગણી જાય છે,' કહી તેમણે ખિસ્સામાંથી એક પત્રિકાની ઝેરોક્ષ કાઢી હમારા હાથમાં મૂકી. સાથે સૂચના પણ આપી કે, 'આ પત્રિકાની સો-દોઢસો-બસો ટૂંકમાં યથાશક્તિ નકલો કઢાવી તમારાં સગાં-સ્નેહીઓને છૂટા હાથે વહેંચજો.' જોકે તેમણે સત્યનારાયણની કથાનો કિસ્સો ટાંકીને એવું ના કહ્યું કે, પાણીનો આ પ્રયોગ નહીં કરવાને કારણે કલાણા ભાઈને પારાવાર નુકશાન થયું હતું, તેમનો ચાર વર્ષનો દીકરો પાણીની ટાંકીમાં ડૂબીને ગુજરી ગયો હતો વગેરે વગેરે, વગેરે...

જો કે સાચું કહું તો અમને તો નાનપણથી જ પાણીની બીક બહુ લાગે છે. એક જ્યોતિષીએ અમને કહ્યું હતું કે પાણીથી તમારે ખાસ સંભાળવું, પાણીમાં ઘાત છે. ત્યારથી પાણી પણ અમે ડરી ડરીને પીએ છીએ. આ જ કારણે અમારી દીકરીના દીકરા-દોહિત્રનું નામ 'જલધિ' રાખવા સામે નારાજગી દર્શાવી એ નામ રાખવા દીધું નહોતું. અને આ પાણીમાં મારવા કરતાંય જીવાડવાની શક્તિ વધારે છે. એ જોયા પછી અમને પાણીમાં રસ પડવા માંડયો છે. અમને આમ તો ઢગલાબંધ બીમારીઓ અનાયાસે મળી છે. પિતાશ્રીને ઊંચુ બી.પી. રહેતું, ગુસ્સો પણ એટલો જ રહેતો. વારસામાં અમને તો આ બન્ને મોંઘી જણસ આપતા ગયા છે. પણ ડાયાબિટીસ એ અમારી જાત કમાઈ છે, અમે તે સ્વબળે મિષ્ટ પદાર્થોની મદદ વડે કરીને મેળવેલ છે.

અમારા આ ડાયાબિટીસને કાંકરિયા તળાવ પર છોડી મૂકવા ઘણાં વર્ષોથી અમે દરરોજ વહેલી સવારે કાંકરિયા પર ચક્કર લગાવીએ છીએ. તેનો પીછો છોડાવવા ક્યારેક તો અમે દોડવા પ્રયત્ન પણ કરીએ છીએ, પરંતુ આ કમબખ્ત રોગ જ એવો છે જે તમારા પડછાયાનો પાલવ પકડીનેય તમારી પાછળ પાછળ ચાલે, તમારાથી વિખૂટો ન પડે, તમને રેઢા ન મૂકે, એક વાર મેં કવિમિત્ર લાભશંકર ઠાકરને પૂછયું હતું કે મિત્રે જણાવ્યું હતું કે તે આપણો આજીવન મિત્ર છે, જે ઠેઠ સ્મશાન સુધી સાથ આપે છે ને આપણી સાથે જ ચિતામાં બળે છે. તમારા જેવો બીજો મિત્ર એને કયાં મળવાનો ?

પરુંત આ પત્રિકામાં તો સ્પષ્ટપણે લખ્યું છે કે ડાયાબિટીસ માત્ર એક જ મહિનામાં મટી જશે. એમ તો આ પ્રયોગવીરોનો એવો દાવો છે કે પાણીપ્રયોગથી કબજિયાત પણ મટે છે ને મરડોય મટે છે. આ ઉપરાંત મૅનેન્જાઈટીસ અને પૅરેલિસિસથી માંડીને લિવરને લગતા માથાભારે રોગો પણ આ પાણી આગળ પાણી ભરે છે. આ પત્રિકા વાંચતાં એવો ભય પણ લાગે છે કે જો આ પાણીપ્રયોગ સફળ થઈ જશે તો જગતભરના ડૉક્ટરો અને વૈદ્યો ભૂ પીતા થઈ જશે તેમનું ભોજન આ ચમત્કારિક પાણીથી થશે. પછી તો ડૉક્ટરોએ ભોજનમાં પામઈ પીવાનું જ રહેશે. પાણીના આ પ્રયોગ પ્રત્યે આકર્ષણ થવાનું કારણ એ છે કે આ પાણીપ્રયોગ આપણને પાણીના મૂલે મળે છે. તદ્દન મફત. જો કે પાણી પણ હવે પાણીના મૂલ મળતું નથી. પાણીમાં પોલિટિક્સ પ્રવેશી ગયું છે (નમામિ દેવી નર્મદે)

આ પ્રયોગ એવો છે કે વહેલી સવારે (કૂકડાની સાથે) ઊઠીને મોઢું ધોયા વગર કે

બ્રશ કર્યા વગર, બંગાળી નહીં પણ પંજાબી લસ્સીનો હોય છે એવા ચાર ગ્લાસ શુદ્ધ પાણી નરણે કોઠે પી જવું. કવિ કે કલાકાર ન હોય એવા જણ માટે એક સાથે ચાર ગ્લાસ પાણી પી જવાનું કામ ઘણું કઠણ છે, એટલે શરૂઆત બે ગ્લાસથી થઈ શકે. આ પાણી પીધા બાદ પિસ્તાળીસ મિનિટ સુધી કંઈ પણ ખાવું નહીં. શક્ય હોય ત્યાં સુધી બગાસું પણ નહીં. આ પાણી પી લીધા બાદ ટેવ (અને ઈચ્છા) હોય તો બ્રશ કરી શકાય. આ પ્રયોગ શરૂ કર્યા પછી સવારે નાસ્તા બાદ અને બપોરે તથા રાત્રે ભોજન લીધાના બે કલાક સુધી પાણી પીવું નહીં એટલું જ નહીં પાણી સામે જોવું સુદ્ધાં નહી - જોઈએ તો પીવાનું મન થાય ને! બે કલાક બાદ પીવું હોય એટલું પાણી પી શકાય. અને રાત્રે સૂતાં પહેલાં (અને સ્વપ્નમાં પણ) કશું ખાવું નહીં.

બસ આટલું નિત્યપણે કરવાથી બી.પી. એક મહિનામાં, કબજિયાત દસ દિવસમાં, ટી.બી. ત્રણ મહિમાં અને કેન્સર છ મહિનામાં મટી શકે છે. જોકે આમાં થોડો આધાર રોગ પર પણ છે. તે શરીર ખાલી કરવા ઈચ્છે ત્યારે જ ખાલી કરે છે અને હા જો પાણીપ્રયોગ ધાર્યું પરિણામ ન આપે, પોતાનું પાણી બતાવવામાં નિષ્ફળ જાય તો તેની સઘળી જવાબદારી અમારી નહીં, પાણીની છે એમ જ માનવું. અસ્તુ.

(હાસ્ય કથા)

---



# એક સાંજની વાત

આજે કોફીનો મગ લઈને
મારી મનગમતી જગા
મારી બારી પાસે બેઠી...
સુંદર, શાંત સાંજ હતી,
સૂરજ ધીરે ધીરે અવનીને
મળવા જઈ રહ્યો હતો, ને
આકાશ જાણે એમના મિલનમાં
રંગ પુરાવતો હોય એમ
સોનેરી, કેસરી, ગુલાબી રંગે
રંગાઈ ગયો હતો...

પંખીઓ કલશોર કરી આ મિલનને
વધાવી રહ્યા હતા...
મંદ મંદ મલયમાં ફૂલો બારાતીઓની
જેમ મહાલી રહ્યા હતા...
એકદમ આલ્હાદક વાતાવરણ હતું.
એક અજબની શાંતી હતી ચોમેર...
પણ,
અચાનક યાદોની એક વાદળ આવી,
ને મને ઘેરી વળી...
ને હું ખેંચાી ગઈ... ભીંજાતી ગઈ...
અતિતની યાદોમાં...

મેં નક્કી કર્યું હતું કે
હું રડીશ નહીં...
એ યાદોને સુંદર શોણલાની જેમ
સાચવીને રાખીશ.
સુખદ સંભારણા રૂપે...
હું ફરતી રહી
યાદોની ગલીઓમાં.
ને ખોવાતી રહી
અતીતની દર્પણમાં...
કંઈ કેટલોય સમય પસાર થઈ ગયો...
ખબર નહીં...!
અચાનક મારા હાથ પર
એક ટીપું પડયું.
કદાચ આંસુનું!
મેં નક્કી કર્યું હતું..
કે હું રડીશ નહી.
ના,
આ આંસુનું ટીપું નહોતું..
કારણ કે મારા હોઠ પર તો સ્મિત હતું...
આ તો મનોમંથન દરમ્યાન
નિકળેલી અમૃતની એક
બુંદ હતી...!!!!

– નિમિશા

卐 જય અંબે મા 卐 卐 જય બુટ ભવાની મા 卐

# સમસ્ત ગોસલીયા પરિવાર નું એક પ્રથમ સ્નેહ સંમેલન

## રવિવાર તા.૨૮ એપ્રિલ ૨૦૨૪

**સમસ્ત ગોસલીયા બંધુઓ ને જય જિનેન્દ્ર ,**

મુંબઈ (ચર્ચગેટ થી વિરાર તથા સી.એસ.ટી. થી થાણા ) માં વસતા સમગ્ર ગોસલીયા પરિવાર નું એક પ્રથમ સ્નેહ સંમેલન તા.૨૮ એપ્રિલ ૨૦૨૪ ને રવિવારે એક રિસોર્ટ ઉપર રાખવાનું આયોજન કરેલું છે જેમાં મુંબઈ માં રહેતા સમગ્ર ગોસલીયા પરિવારો (કાઠીયાવાડી, ઝાલાવાડી કે અન્ય ક્યાંય ના પણ ) જોડાઇ શકે છે. હાલ અત્યાર સુધી માં આપણા પરિવારો માં થી ૨૫૦ જેટલા મેમ્બર્સ નામ અમારી પાસે આવી ગયા છે તો હજુ સુધી જો કોઈ બાકી રહી ગયા હોય તેઓએ વહેલા માં વહેલી તકે પોતાના નામ આપનુ નામ, મુળ વતન, હાલ ક્યા પરામાં રહો છો, કેટલી સંખ્યા માં પ્રોગ્રામ માં આવશો અને મોબાઇલ નંબર વિ.આપણા વોટ્સએપ ગ્રુપ માં અથવા શ્રી દિપકભાઈ ગોસલીયા ને લખાવી દેવા વિનંતી.

આપણે ફક્ત એક રિસોર્ટ નો જ પ્રોગ્રામ નથી કરવાનો પણ પરિવાર ના જરૂરતમંદ સાધારણ પરિવારો માટે અનાજ રાહત, સ્કુલ ફી, કોલેજ ફી અને મેડિકલ હેલ્પ વિ.પણ જો ઉદાર દિલ દાતા ઓ નો સાથ સહકાર મળશે તો અમે સહાય કરવા પ્રયત્ન કરીશું.

આ પ્રોગ્રામ માટે આપણા પરિવાર ના પૂર્વ વિધાનસભ્ય માનનીય શ્રી ચંદ્રકાંત ભાઇ ગોસલીયા અને શ્રી ચેતન ભાઈ ગોસલીયા એ સહકાર આપવાનું વચન આપ્યું છે.

આપણે આ રિસોર્ટ ના પ્રોગ્રામ માં અંદાજે ૧૦૦૦ રૂપિયા જેવો ખર્ચ બસ સાથે થશે તમે જે પરા વિસ્તારમાં રહેતા હોય ત્યાં હાઇ વે ઉપર થી આપને પીક-અપ કરવામાં આવશે અને રાતના ત્યાં જ છોડવામાં આવશે હવે આપણા દરેક પરીવારો આમાં ભાગ લઇ શકે એટલા માટે વ્યક્તિ દીઠ ફક્ત ૩૦૦ રૂપિયા નો ચાર્જ લેવાનું નક્કી કરવામાં આવેલુ છે બાકી ના પૈસા પરિવાર ના ઉદાર દિલ દાતા ઓ પાસેથી મેળવવા માં આવશે. આપણો પરિવારનું આ પ્રથમ સ્નેહ મિલન યોજાઈ રહ્યું છે જેની સહુને ઘણા સમય થી ખૂબ જ ઇચ્છા હતી. તો હવે બધા ઉત્સાહ પુર્વક, ખાસ કરીને યુવા યુવતી ઓ આ પ્રોગ્રામમાં જોડાશો એવી વિનંતી.

હવે આપણે ૫૧૦૦૦ ના પ્લેટિનમ, ૩૧૦૦૦ ના ડાયમંડ, ૨૧૦૦૦ ના ગોલ્ડન અને ૧૧૦૦૦ ના સીલ્વર દાતા ઓ લેવાના છે. આપણે પ્રથમ વખત સાથે મળી રહ્યા છીએ અને બધા જ ભાગ લઇ શકે એ માટે જ ૩૦૦ રૂપિયા નો ચાર્જ રાખેલ છે અને જે ખમતીધર દાતા ઓ છે તેમની પાસે થી અનુદાન લઇ ને અન્ય પરીવારો પાસે થી વ્યાજબી પૈસા લઈને લઇ જવામા આવશે તો એ શક્ય બની શકે એ જ એક માત્ર ઉદ્દેશ છે.

તો જે પરિવાર ડોનેશન આપવા માંગતા હોય તેઓ અમારા માં થી કોઈ નો પણ સંપર્ક કરી ને અમને જણાવે અને તમે જો ડોનેશન આપી ન શકો તો આપના ધ્યાન માં હોય કે આ વ્યક્તિ ડોનેશન આપી શકે તેમ છે તો તેઓના નામ જણાવશો તો અમે તેમનો સંપર્ક કરીશું.

**ચેતન મુળચંદભાઇ ગોસલીયા**
**૯૮૨૦૫૩૭૪૭૦**

| | | |
|---|---|---|
| **યશવંતભાઈ ગોસલીયા** | **અલ્પેશ નવિનચંદ્ર ગોસલીયા** | **ભરતભાઈ બાપાલાલ ગોસલીયા** |
| **૯૩૨૦૩ ૭૯૩૦૨** | **૯૮૨૧૦ ૩૩૪૪૪** | **૯૮૨૦૪ ૮૧૧૫૫** |
| **કિશોર હિંમતલાલ ગોસલીયા** | **પ્રિતેશ મહેન્દ્રભાઇ ગોસલીયા** | **દિપક મનસુખલાલ ગોસલીયા** |
| **૯૩૨૩૯૭૯૩૮૭** | **૯૮૧૯૪૪૭૩૦૧** | **૯૮૩૩૯૭૦૪૯૫** |

જય જિનેન્દ્ર

Advt.

# સમાચાર સંકલન

## શ્રી મહાવીર સ્થા. જૈન સંઘ – ડોંબીવલી (પૂર્વ) નાં આંગણે ઉજવાયો મુમુક્ષુ શ્રી પાનેરીબેનનો ભવ્ય ભગવતી દિક્ષા મહોત્સવ

આપણા ઝાલાવાડ સમાજની દીકરી જે ઝાલાવાડ સભાના ડોંબીવલીના પ્રતિનિધી બોટાદ નિવાસી શ્રી હીતેશભાઈ રમણીકલાલ શાહની સુપુત્રી પાનેરીબેનનો દિક્ષા મહોત્સવ બોટાદ સંપ્રદાયના આધ્યાત્મયોગી પ.પૂ. નવિનચંદ્રજી મ.સા. નાં સુશિષ્ય વર્તમાન ગચ્છાધિપતી પ.પૂ. શૈલેષમુનિ મ.સા. ના આજ્ઞાનુવર્તી શાસન પ્રભાવક પ.પૂ. જયેશચંદ્રજી મ.સા. અને શાસનરત્ન પ.પૂ. ડો. સુપાર્શ્વચંદ્રજી મ.સા. ની પાવન નિશ્રામાં તા. ૧૧-૦૨-૨૦૨૪ ને રવિવારનાં રોજ ડોંબીવલી જીમખાના ના ગ્રાઉન્ડ પર ભવ્યાતીભવ્ય રીતે સંપન્ન થયેલ.

આ અંતર્ગત આઠ દિવસના અષ્ટાનીકા મહોત્સવનું આયોજન કરેલ. જેમા રોજ સવારે વિવિધ વિષય પર પ્રવચન, બપોરે વિવિધ સંઘના મંડળો વચ્ચે સ્પર્ધાત્મક કાર્યક્રમ અને રાત્રે સંયમ સાંઝીની રમઝટ બોલાવવામાં આવેલ. તેમાં અનેક ભાવિકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધેલ. દિક્ષાના દિવસે લગભગ ૩૫૦૦ ભાવિકોએ હાજર રહી સંયમ અનુમોદનાનો લાભ લીધેલ.

આ પ્રસંગે બોટાદ સંપ્રદાય, અજરામર સંપ્રદાય, ગોંડલ સંપ્રદાયના મળીને ૧૦ સંતો તેમજ ૨૭ સતીજીનું સાનિધ્ય પ્રાપ્ત થયેલ.

આ પ્રસંગની ભવ્યતા જોઈને બહારથી પધારેલ વિવિધ સંઘના પદાધિકારી તેમજ મહેમાનો રોમાંચિત થઈને બાલી ઉઠેલ કે ડોંબીવલીમાં પણ આ શક્ય છે.

ઉદારદિલ દાતાઓના સહયોગ તેમજ શ્રી સંઘના કારોબારી સમિતીના સભ્યો મહિલા મંડળના બહેનો તેમજ નામી, અનામી કાર્યકરોનો અથાક પરિશ્રમથી આ પ્રસંગ શાનદાર અને અવિસ્મરણીય બની રહ્યો.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM । Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : નિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |
|---|---|---|---|

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

|| SHREE MAHAVIRAYA NAMAH||

# BIODATA



**NAME : MR. MITHIL BIPIN BHAYANI (SHAH)**

Email : mithilshah100@gmail.com
Date Of Birth : 30th December 1996
Birth Place & Time : Pune; 09:05am
Height : 5'3"
Profession : Exports of Agricultural Products@Mithil Impex
Academics : Schooling From ST. Ann's English Medium School & Jr. College, Lonand
B.Com from T.C. College, Baramati
M.Com from Savitribai Phule Pune University
Pursuing C.A. at Pune
Hobbies : Sports, Cycling, Dance, Music, Travelling
Native : Gadhada (Swamina), Dist. Botad, Gujarat
Religion : Dasha Shrimali Sthanakvasi Jain
Father : Mr. Bipin Suresh Chandra Bhayani (Shah) (+91-9423033026)
Occupation : J.N.Exports India (Trader of Agricultural Products)
(Previously known as Shah Jaisinghbhai Nagardas)
Mother : Mrs. Smita Bipin Bhayani (Shah)
Younger Brother : Jay Bipin Bhayani (Shah)
Grandfather : Mr. Sureshchandra Purushottam Bhayani (Shah)
Faiba : Dr. Mrs. Sharmila Bharat Kothari
(Residing at Kandivali, Mumbai)
(+91-9920280012)
Uncle : Mr. Jayesh Suresh Chandra Bhayani (Shah)
(Residing at Malegaon)
Mrs. Sejal Jayesh Bhayani (Shah)
(Native from Mira road)
Mr. Milan Suresh Chandra Bhayani (Shah)
(Residing at Nashik)
Mrs. Vipa Milan Bhayani (Shah)
(Native from Dahisar)
Mama : Mr. Lalit Kantilal Vora (Borivali W)
Mr. Rajendra Kantilal Vora (Borivali W)
(+91-9820484478)
Address : 559, Navi Peth, Lonand, Tal. Khandala, Dist. Satara

Advt.

# BIODATA



**NAME : KHUSHBU VORA**

Age : 37
Date of Birth : 26/08/1986
Height : 5'7''
Weight : 55 kgs
Education: MBA in HR from Welingkar Institute of Management and Research
Profession : AVP – Rewards at Worldline
Marital status : Divorced
Father's Name : Ashvin Chimanlal Vora
Mother's Name : Minaxi Ashvin Vora
Sisters : 2
Elder Sister's name : Shweta Ashvin Vora
Younger Sister's name : Heena Ashvin Vora
Place of Residence : Mumbai
Contact Number : 9819118026

**Partner Preferences:**

Age : 36-39 years
Height : 5'8" to 6'2"
Education : Post graduate or higher
Nationality/ Residence : India, Dubai, US, Singapore, Australia, New Zealand.

Advt.

# BIODATA



**NAME** : **NILESH SANATKUMAR GANDHI (WIDOWER)**
Dob : 19/09/1977
Height : 5'7"
Native Place : Limbdi (Botad)
Res. Add. : A-403, Girnar Society, Near Reliance Smart, Wayle Nagar, Kalyan (W)-421301.
Contact No : 9821227472
Email Id : gtc.ghs@Gmail.com
Occupation : Business Gandhi Sales Agency / Gandhi Trading Company (Nut Bolt & Hardware)
Father Name : Sanatkumar Shivlal Gandhi (9221339439)
Mother Name : Late Sarojben Sanatkumar Gandhi
Bhabhi/Bhai : Nayana Jatin Gandhi (9221635812/9221635813)
Ben/Banevi : Manisha Hiteshkumar Shah (9321403140 / 9819230780)
Wife Name : Late Komal Nilesh Gandhi
Father In Law : Late Rameshbhai Himatlal Barbhaya
Mother In Law : Arunaben Rameshbhai Barbhaya
Brother In Law : Nishit Rameshbhai Barbhaya (7506338016)
Childern : Kushal (15 Years) Krisha (10 Years)

Advt.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**(Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

## સ્વધર્મી સહાય યોજના

### કુ. તૃપ્તિ તથા કુ પ્રીતિ જશવન્તલાલ શાહ પ્રેરિત સ્વધર્મી સહાય યોજના

શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઝાલાવાડ સભાનું સભ્ય પદ ધરાવતા ઓછી આવકવાળા પરિવારોને આર્થિક સહાય માટેનું અરજી ફોર્મ ઓનલાઈન www.zalawadi.com સાઈટ ઉપરથી મેળવીને ભરવાનું રહેશે. અથવા સંસ્થાની ઑફિસેથી રૂબરૂ જઈને લેવાનું રહેશે. આ ફોર્મમાં ઝાલાવાડી સભાના કારોબારી સમિતિના સભ્ય અથવા કોઈ પણ ઝાલાવાડી સભાના સ્થાનિક પ્રતિનિધિની સહી કરાવવાની રહેશે આ ફોર્મ સાથે છેલ્લું ઈલેક્ટ્રિક બિલ/મેડિક્લેઈમ ની ઝેરોક્ષ મેમ્બરશિપ રસીદ અથવા નંબરની ઝેરોક્ષ અને મેડિક્લેઈમની ઝેરોક્ષ પણ આપવાની રહેશે જેનો મેડિક્લેઈમ હશે એનેજ સહાય નો ચેક આપવામાં આવશે. તા. ૩૦-૦૪-૨૦૨૪ સુધીમાં સભાની ઓફિસે જમા કરાવવાનું રહેશે પછીના સમયમાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. નોંધઃ એપ્લિકેશન ફોર્મ અધુરૂં ભર્યું હશે તે રદબાતલ કરવામાં આવશે.

કન્વીનર

**શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ**

**નવીનભાઈ પરમાણંદદાસ જસવાણી**

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M.,
C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

**Mobile Van:** Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099
*Now also at Borivali*
**WORKSHOP :** Ahead of BPCL Petrolpump, Now Link Road,I. C. Colony, Borivali (W), Mumbai - 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*

customer.autoworld@gmail.com
www.autoworldindia.in

(Advt.)

**જૈન સમાજના વડીલો આટલું જરૂરથી વાંચશો...**

જૈન સગપણ ગ્રુપ જૈન સમાજના દરેક લગ્નઉત્સુક પાત્રને જીવનસાથીની પસંદગી કરાવી આપતુ ગ્રુપ છે જૈન સમાજના દેશ વિદેશમાં રહેતા દીકરા દીકરીઓને પસંદગીના પાત્રો જૈન સગપણ ગ્રુપમાં ઉપલબ્ધ છે જૈન સગપણ ગ્રુપના આ કાર્ય દ્વારા કેટલાય પાત્રોને પોતાના જીવનસાથીની પસંદગી ખૂબ જ ઝડપી અને સરળતાથી થઈ ગઈ છે.

જૈન સમાજના ચારે ફીરકાઓ કચ્છી, દશા શ્રીમાળી, વિશાશ્રીમાળી, ઘોઘારી, ઓસવાલ, પોરવાર તેમ જ સમગ્ર જૈન સમાજના ઉમેદવારો આ ગ્રુપમાં જોડાય છે જેથી દરેકને ઉમેદવાર પસંદગી કરવાની ખૂબ જ વિશાળ તક મળે છે જેના લીધે પોતાના જીવનસાથીની પસંદગી કરવામાં સમય બગડતો નથી. લગ્ન તો યોગ્ય ઉંમરે થઈ જ જવા જોઈએ...

... તો તમે પણ વધતી ઉંમરને ધ્યાનમાં રાખી આજે જ આપનું રજીસ્ટ્રેશન કરાવી પસંદગીનું પાત્ર શોધવાની શરૂઆત આજથી જ કરી દો...

આ મેસેજને આપના સમાજમાં, સગા સંબંધીઓને, મિત્રોને તથા જૈન સમાજના દરેક ગ્રુપોમાં મોકલવા વિનંતી છે જેથી તેઓ પણ આ જૈન સગપણ ગ્રુપનો લાભ લઈ શકે...

**જૈન સગપણ ગ્રુપ :- ૯૨૬૫૬ ૬૬૫૨૬**

Advt.

શ્રી૧।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



**શ્રી જૈન મેરેજ બ્યુરો**

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

# ત્રીજી પુણ્યતિથિએ
# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. નવિનચંદ્ર શાંતીલાલ શાહ

**મૂળ વતન : સાયલા હાલ મુંબઈ**
**જન્મ તારીખ : ૧૨/૦૨/૧૯૩૯**
**અરિહંતશરણ : ૨૫/૦૩/૨૦૨૧**

શસ્ત્રો જેને છેદી શકતા નથી,
અગ્નિ જેને બાળી શકતો નથી,
પાણી જેને ભીંજવી શકતું નથી,
પવન જેને સુકવી શકતો નથી,
તે આત્મા અજર-અમર છે.

ભ. ગીતા અ. ૨/૨૩

**આપના સ્વજનો**

| | |
|---|---|
| જન્મદાતા | : સ્વ. શાંતીલાલ હરીલાલ શાહ |
| | સ્વ. કસ્તુરીબેન શાંતીલાલ શાહ |
| કાકા/કાકી | : સ્વ. જીવણલાલ હરીલાલ શાહ |
| | સ્વ. કાન્તાબેન જીવણલાલ શાહ |
| ધર્મપત્ની | : ભારતી નવિનચંદ્ર શાહ |
| પુત્ર/પુત્રવધૂ | : જશપાલ નવિનચંદ્ર શાહ |
| | નિર્મળા (નીરા) જશપાલ શાહ |
| પુત્ર | : દિગ્પાલ નવિનચંદ્ર શાહ |
| દીકરી/જમાઈ | : અલ્પા રાજેશકુમાર વોરા પરિવાર |

**તથા સમસ્ત**
સ્વ. કસ્તુરીબેન શાંતીલાલ હરીલાલ શાહ પરિવા
સ્વ. લીલાવતીબેન લક્ષ્મીચંદ (લાભુભાઈ) પિતાંબર શાહ પરિવાર
(ચોટીલા)

Advt.

# દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન
# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. મીનાક્ષીબેન જીતેન્દ્રભાઈ શાહ

વઢવાણ નિવાસી, હાલ : અંધેરી
જન્મ તા. : ૧૧-૧૧-૧૯૫૨
અરિહંતશરણ : ૧૭-૦૧-૨૦૨૪

ચંદન જેવુ જીવન જીવીને, સુખ સહુને આપી ગયા.
ખુદ ઘસાઈને અમ કાજે શીતલ થઈ પ્રસરી ગાય
રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર આપની
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

| | |
|---|---|
| પતિ | : જીતેન્દ્ર નગીનદાસ શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : પારસ - દિપાલી |
| પુત્રી | : સેજલ શાહ |
| પૌત્ર | : આર્યન |
| પૌત્રી | : હેતવી |
| જેઠ-જેઠાણી | : અશ્વિન - રશ્મિ |
| દેર-દેરાણી | : શિશિર - નિરંજના, અજય-મનિષા |
| નણંદ-નણંદોઈ | : બિના - સ્વ. અતુલકુમાર |
| પિયર પક્ષ | : સ્વ. પાનાચંદ ચીમનલાલ તલસાણિયા (પિતાશ્રી) |
| | લીંબડી નિવાસી -હાલ : ઘાટકોપર |
| ભાઈ-ભાભી | : મહેન્દ્રભાઈ - સ્વ. હંસાબેન |
| | સ્વ. જીનેન્દ્રભાઈ - કલ્પનાબેન |

Advt.

BIO-DATA



# DHARMI SHETH

## ABOUT ME

Enthusiastic individual with a passion for continuous learning and creativity. I share a great bond with my family and have a big circle of friends

## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Birth Date & Time | : | 28th September 1998, 08:55AM |
| Birthplace | : | Malad (W) |
| Height | : | 4ft 11inch |
| Occupation | : | Edge DCO Tech, AWS |
| Native Place | : | Wadhwan |
| Religion & Caste | : | Zalawadi Vishashirimali Sthanakwasi Jain |

## CONTACT ME

**Address**
32, Popat Bhai Chawl, Santosh Nagar,
Iraniwadi Road No. 4,
Kandivali (West), Mumbai – 400 067.

**Phone**
(+91)9619837752

**Web**
dharmisheth4@gmail.com

## HOBBIES

Movie
Travel
Dancing
Music

## EDUCATION

**B.E. Computer Engineering**

## Family Details

| | |
|---|---|
| Father's Name | : Amit Sheth (+91 9967324864) |
| Occupation | : Business in plastic bags |
| Mother's Name | : Trupti Sheth (+91 9324658876) |
| Occupation | : Home Maker |
| Grand Father's Name | : Late Shri Yashwantrai Sheth |
| Grand Mother's Name | : Manjulaben Sheth |
| Siblings | : No |

## Paternal Family

| | |
|---|---|
| Uncle | : Tejas Sheth(+91 9967631321) |
| Aunty | : Nilam Sheth (+91 9004099003) |

## Maternal Family

| | |
|---|---|
| Grand Father's Name | : Late Shri Hasmukhlal Sanghvi |
| Grand Mother's Name | : Late Shri Indumati Sanghvi |
| Mama | : Hitesh Sanghvi |

Advt.

BIO DATA

# DHARMIL PARESH SANGHAVI



**Date of Birth**
October 28, 1995

**Birth Time**
03:40 pm, Mumbai

**Height**
6' 1"

**Caste**
Zalawadi Visha Sthanakvasi Jain

**Native**
Pipli (Dhrangadhra)

**Current Job**
Technical Account Manager at
Experian (EMEA) Mumbai - Remote

**Previous Job**
Technical Account Manager at
Experian (NA) Austin, TX

**Education**
Master's in Information Systems
University of Florida, 2020

B.Tech in Computer Engineering
NMIMS University, 2017

**Hobbies**
Sports, Reading/
writing about tech, Travel

## FAMILY DETAILS :

**Grandparents**
Shri Nanubhai Ratilal Sanghavi
Late Smt. Rasilaben Nanubhai Sanghavi

**Father**
Paresh Nanubhai Sanghavi

**Occupation**
Iron & Steel Business - Nanubhai & Co.

**Mother**
Sonal Paresh Sanghavi

**Uncle**
Ketan Nanubhai Sanghavi (9004053230)

**Aunt**
Jagruti Ketan Sanghavi (9167405456)

**Faiba - Fua**
Hema Jayesh Doshi
Jayesh Bhupatrai Doshi

**Maternal**
Late Shri Chimanlal Jayantilal Shah
Smt. Hiraben Chimanlal Shah
Jignesh Chimanlal Shah
Manish Chimanlal Shah

**Current Address**
703, Jai Jatin Sagar, Mahavir Lane,
Vallabh Baug Extn Lane,
Ghatkopar (East), Mumbai - 400077.

**Permanent Address**
504, Rushabh Kiran, Mahavir Lane,
Vallabh Baug Extn Lane, Ghatkopar (East)
Mumbai - 400077.

**Contact**
Paresh - 9320064365
Sonal - 9892164365

Advt.


ammpalholidays@gmail.com
We Deliver What We Promise !
We Believe in Providing Luxurious Experiences !
CHASE THE NORTHERN LIGHTS, DIVE INTO ADVENTURE:
YOUR ICELAND EXPEDITION AWAITS!
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
MAGNIFICENT ICELAND!
10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.
2024 BEST YEAR IN A DECADE TO EXPERIENCE NORTHERN LIGHTS
Reykjavik • Akureyri • Borganes • Reykholt • Vik • Keflavik
LIMITED SEATS AVAILABLE BOOK FAST
SPECIAL DISCOUNT ₹25,000/- FOR BOOKINGS BEFORE 31ST MAR '24
1 GM
LUCKY DRAW CHANCE TO WIN A GOLD COIN
TOUR DATE: NOVEMBER 1 & 3, 2024
Flyover Iceland • Aurora Museum • Blue Lagoon Thermal Bath • Forest Lagoon • Whale Watching Tour • Glacier Cave Tour by Monster Truck • Plane Wreck • Jokulsarlon Glacier Lagoon Boat Ride • Free Tomato Ice Cream & Tomato Cheese Cake During Farm Visit • Seljalandsfoss • Skogafoss • Black Sand Beach • Skaftafell National Park • Godafoss Waterfalls.
Vietnam
HANOI • HALONG BAY • SAPA
DANANG • HOI AN • HO CHI MINH
11 DAYS LUXURIOUS TOUR, NO ONE GIVES YOU AN EXPERIENCE OF VIETNAM LIKE WE DO!
GOLDEN BRIDGE
1 GM
LUCKY DRAW CHANCE TO WIN A GOLD COIN
TOUR COST
₹1,55,000/-*
Veg & Jain Meals Prepared By Our Own Rajasthani Maharaj • Stay At World's 1st 24k Gold Plated Dolce Hanoi Garden Lake Hotel • Now Direct Flights From Mumbai To Vietnam • Hotels In City Center • Hoi An Ancient Town Night Visit • Exclusive Night Tour Of Ho Chi Minh In Open Bus • Free Foot Spa • Free Bicycling • Free Coconut Coffee At Train Street.
TOUR DATES 2024
MAR - 2nd (Sold Out)
12th (Ltd. Seats)
APR
20th (Ltd. Seats) | 25th
MAY - 7th | 18th | 31st
BAKU + GABALA + SHEKI
AZERBAIJAN - 7DAYS TOUR
STAY AT BOULEVARD MARRIOT (BAKU) • VEG & JAIN Meals prepared by our own RAJASTHANI MAHARAJ • GALA DINNER WITH UNLIMITED DRINKS & BELLY DANCE • FREE FUNICULAR RIDE
THE FLAME TOWERS
TOUR COST
₹1,11,111/-*
PACKAGE INCLUSIONS: Stay at Boulevard (Baku) & Gabala Garden (Gabala) • Veg & Jain Meals by our own Rajasthani Maharaj • 1 Night Gala Dinner With Local Drinks • Belly Dance • Funicular Ride • Travel via direct flights from Mumbai-Baku-Mumbai • Visa. SIGHT SEEING TOURS TO: Little Venice Boat Tour • Highland Park • Old City Tour • Nizami Street • Heydar Aliyev Center • Ateshgah (Fire Temple) • Fire Mountain, Yanardag • Bibi-Heybat Mosque • Gabala Cable Car • Nohur Lake • Genclik Mall • Gobustan Mud Volcano • Vintage Car Museum.
TOUR DATES 2024
MAR - 16th
APR
13th | 20th | 27th
MAY
1st | 4th | 11th | 18th | 25th
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
*T & C Apply.
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
EXCLUSIVE WOMEN TOURS, SOCIAL GROUP & CUSTOMISED TOUR PACKAGES AVAILABLE
Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૭-૦૧-૧૯૪૬

અરિહંતશરણ
૧૫-૦૩-૨૦૨૩

## સ્વ. જશવંતલાલ નાગરદાસ શાહ (ટોળીયા)

સુરેન્દ્રનગર નિવાસી, હાલ - ઘાટકોપર (મુંબઈ)

જીવન એવું જીવી ગયા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
ધર્મ કદી ભૂલ્યા નહીં,વ્યવહાર કદી ચૂકયા નહીં,
હજી જરૂર હતી તમારી અમોને, ત્યાં કુદરત લઈ ગઈ તમોને.
હે કુદરત એ અમાનત છે અમારી, રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે, પણ એજ જિંદગી હતી અમારી.
પ્રભુ આપના પવિત્ર આત્માને દિવ્ય શાંતિ આપે.
એજ પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના...

### શોકાતુર પરિવાર

ધર્મપત્નિ : નિલાક્ષીબેન જસવંતલાલ શાહ

પુત્ર: પ્રિતેશ જસવંતલાલ શાહ    પુત્રવધુ : જીજ્ઞા પ્રિતેશ શાહ

સ્વ. ધીરજબેન નાગરદાસ ટોળીયા પરિવાર

ભાઈ- ભાભી : સ્વ.અનિલભાઈ    સ્વ.મધુકાંતાબેન
ચંદ્રકાંતભાઈ    સ્વ.પ્રવિણાબેન
રમેશભાઈ    સ્વ.નિરંજનાબેન
નરેશભાઈ    ચંદ્રિકાબેન

બેન-બનેવી : સ્વ.મંજુલાબેન    સ્વ. કિર્તિકાંતકુમાર તલસાણીયા
સ્વ.કોકિલાબેન    સ્વ.હરેશકુમાર વોરા

પૌત્રી : શૈલી પ્રિતેશ શાહ    પૌત્ર:આયુષ પ્રિતેશ શાહ

Advt.

# પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલિ

જન્મ :
૧૫-૧૦-૧૯૫૯



અરિહંત શરણ :
૧૮-૦૩-૨૦૧૯

## (સ્વ.) અ. સૌ. દક્ષાબેન ભરતકુમાર ધોળકિયા

ઘેઘુર વૃક્ષ સમી એ શીતળ છાંય... હવે ના રહી,
જીવનપથની એ સુખમય છાંયડી... હવે ના રહી,
હૈયા ની હુંફ ને હુફાળી છાંયા... હવે ના રહી,
અમી સભર નયનોની મીઠી નજર... હવે ના રહી,

અવિરત વહેતા સમયને, સરતા ક્યાં વાર લાગે છે ?
કાળ ના વહેણ માં વરસ ને, વીતતાં, ક્યાં વાર લાગે છે ?
આંખ સામે તમે નથી, પણ આંખમાં અશ્રું અનરાધાર છે,
શ્રદ્ધાંજલિ દેતા અમારા દિલમાં, વેદના અપરંપાર છે...

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ...
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું પરમાર્થ જેની ભક્તિ...
એવા એ દિવ્ય આત્માને શત્ શત્ નમન...

આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ નિ:સ્વાર્થ પ્રેમ,
સદા હસતો ચેહરો, કુટુંબં પ્રત્યેનો પ્રેમ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિ.
સદાય અમને પ્રેરણા આપતા રહેશે.

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે,
હંમેશા જૈન ધર્મનું શરણ મળે, અને વહેલામાં વહેલા મુક્તિપદ મળે,
એવી અમારી પરમાત્માને પ્રાર્થના.


લિ. આપનો સદૈવ ઋણી પરિવાર.

પતિ : ભરતકુમાર મહેન્દ્રકુમાર ધોળકિયા    સાસુ : (સ્વ.) મંગળાબેન મહેન્દ્રકુમાર ધોળકિયા
પુત્ર : હાર્દિક, પુત્રી : શ્રેયા, પુત્રવધુ : નિકિતા    સસરા : (સ્વ.) મહેન્દ્રકુમાર મનસુખલાલ ધોળકિયા

નયન મહેન્દ્રકુમાર ધોળકિયા પરિવાર
ચેતના ચેતનકુમાર શાહ પરિવાર, વિનોદચન્દ્ર મનશુખલાલ ધોળકીયા પરિવાર
(સ્વ.) ભોગીલાલ કાલિદાસ શાહ રોજકાવાલા પરિવાર

Advt.

# હૃદયાંજલિ



અવનિ અવતરણ
૨૭.૦૬.૧૯૩૯

અરિહંતશરણ
૨૬.૦૧.૨૦૨૪

## રસિકલાલ છોટાલાલ વોરા

ગંજેળા નિવાસી (જોરાવર નગર) હાલ મલાડ

આપના સ્વભાવની વિનમ્રતા, સાદગી અને સરળતા, કુટુંબ પ્રત્યેની વાત્સલ્યતા અને ધર્મ પ્રત્યેની આસ્થા અમારા સૌને માટે પ્રેરણાદાયી રહેશે. હવે આપની હાજરી સદેહે નથી, પણ અદેહે આપ સદૈવ અમારી સાથે જીવંત રહેશો. પરિવારની સાથે સમાજ પ્રત્યે પણ પ્રતિબદ્ધ અને પ્રીતિબદ્ધ હતા.

આજથી લગભગ પાંચ દાયકા પૂર્વે શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળની સ્થાપના થઇ ત્યારથી પાયાના પથ્થર એવા શ્રી રસિકભાઇ વોરા તન-મન-ધનથી સ્વપુરૂષાર્થે જીવન પર્યંત મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત રહી મંડળની પ્રગતિની ભવ્ય ઇમારતનું સુપેરે સંચાલન કરીને આપણા મંડળને સર્વોત્કૃષ્ટ ઓળખ ઉભી કરી આપવામાં તેમનો અનન્ય ફાળો હતો.

ઉત્તમ પુણ્યાનુબંધી પુણ્ય બાંધી નવકાર મંત્રનું રટણ કરતાં કર્મની નિર્જરા કરી સમતાભાવે સમાધિપૂર્વક જીવનયાત્રા પૂર્ણ કરી ઉચ્ચગતિને પામ્યા છે. આપણા મંડળના પાનેથી કદી ભૂલાશે નહિ, તેવું શિલાલેખ સમાન તેમનું જીવન આપણા સહુના અંતરે સદા અંકિત રહેશે.

**શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરતાં**

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ - મલાડ**

Advt.

# ડો. સદ્‌ગુણાબેન સી. યુ. શાહ
## ૨૦ વર્ષના ઉર્ધ્વગમનએ અભિવંદના



### પરમ પૂજ્ય ગુરુમા : એક આધ્યાત્મિક મા

મા એવી કાળજી રાખે જેથી થાય બાળકના દેહનો ઉછેર,
જયારે ગુરુમા એવું ધ્યાન રાખે જેથી આત્મા ન થાય વેરવિખેર;

મા પોષણ આપે બાળકના દેહને શુધ્ધ આહાર થી,
જયારે ગુરુમા આત્માને પુષ્ટ કરે સદ્‌વિચારથી;

મા ફિકર કરે સતત્ અને બને બાળકના ભવિષ્યનો આધાર,
જયારે ગુરુમાની ચિંતા છે માત્ર કઈ રીતે થાય આત્માનો ઉધ્ધાર;

મા બાળકના સુખે સુખી અને તેના દુખે દુ:ખી રહે,
જયારે ગુરુમાની તો સમભાવ ધારક દ્રષ્ટિ જ સર્વ આત્મા પ્રત્યે વહે;

મા બાળકને સદૈવ નાનો સમજી બાળ સમ જ રાખે,
જયારે ગુરુમા ઈચ્છે કે જીવ મુક્તિ નો આસ્વાદ ચાખે;

મા બાળકને જીવન પર્યંત નિસ્વાર્થ ભાવ ના વહાલથી પંપાળે,
જયારે ગુરુમા ભવભ્રમણનો અંત આણી તેના ભવના ફેરા જ ટાળે;

મા ખટમીઠી વાણી અને વર્તનથી બાળકને ટોકે,
જયારે ગુરુમા મૌન ધારણ કરી આત્માના કર્મ બંધનને રોકે;

આવા આધ્યાત્મિક મા ના ઉર્ધ્વગમન દિને તેમના દિવ્ય આત્માને અગણિત વંદન !!!
અમારા હ્રદયમાં, જીવનમાં અને આ ધરતી પર સદા મહેકતા રહે તમારા શાંતિના સ્પન્દન.

અસ્તુ.


**રોહિત - મીનળ** | **પારસ - વિધિ**, **હ્રિદાન - રાઘવ** | **સોહમ - સમીરા**, **અનન્યા**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


## ।। શ્રદ્ધાસુમન ।।



જન્મ
૨૧/૧૨/૧૯૩૫

અરિહંત શરણ
૩૦/૧/૨૦૨૪

# સ્વ. શ્રી વિનયચંદ્ર બાબુલાલ શાહ

### ચુડા નિવાસી - હાલ વિલેપાર્લે

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે
હર પળ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા ગુંજ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.

સર્વ પ્રત્યે અખુટ લાગણી સાથેનો,
આપનો આનંદી અને માયાળું સ્વભાવ, વ્યવહારકુશળતા, સચોટ નિર્ણય શક્તિ, આતિથ્યભાવ, કૌટુંબીક ભાવના, ધાર્મીકતા, સર્વ સાથે આત્મીયતા, સદ્‌ભાવના સાથેની પ્રેરણા અમારા હ્રદયમાં સતત જવલંત રહેશે.

**આપ અમારી સાથે જ છો અને ક્યારેક ના વિસરાય એવી સ્મૃતિમાં અંકીત છો.**

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે,
હંમેશા જૈન ધર્મનુ શરણુ મળે, અને વહેલામાં વહેલા મુક્તિપદ ને પ્રાપ્ત કરે.
એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

**આપના સદૈવ ઋણી**

| | | |
|---|---|---|
| પત્નિ | : | સ્વ. કુસુમબેન વિનયચંદ્ર શાહ |
| પુત્ર-પુત્રવધુ | : | આનંદ-શીતલ |
| પુત્રી-જમાઈ | : | શિલ્પા - મનીષભાઈ, નિતા - સંજયભાઈ |
| પૌત્રી | : | આશી |
| દોહિત્ર-દોહિત્રી | : | જય-મુક્તી, વિધી-દિશાંક, ડોલી-અમિત, રોહન |

સમસ્ત શાહ પરીવારના
।। જય જિનેન્દ્ર ।।

Advt.


Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi